શ્રીપાંચાળી ચરિત્ર

અને

ચીરપૂર્તિ.

યોજક

મોતીલાલ છોટાલાલ વ્યાસ.

શ્રી પાંચાળી ચરિત્ર-

અને

ચીર પૂર્તિ

યોજક અને પ્રકાશક,

મોતિલાલ છોટાલાલ વ્યાસ.
અમદાવાદ

આવૃત્તિ ૨ જી પ્રત ૫૦૦૦

ન્યોછાવર રૂા. ૧-૪-૦

અમદાવાદ મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતિલાલ છોટાલાલ વ્યાસે છાપ્યું.

શ્રી ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીમન્ દેવકીનંદનાચાર્ય મહારાજ



જન્મ દીવસ સંવત ૧૯૧૫ ના ચૈત્ર સુદી ૩

'Lakshmi Art,' Bombay

श्रीगोकुलेन्दुर्जयति ॥

શ્રીવલ્લભકુલાભૂષણ ગોસ્વામીશ્રી ૧૦૮

શ્રીમન દેવકીનંદનાચાર્ય મહારાજશ્રીના

પનીત ચર્ણાવિંદ સમક્ષ,

સ્થાન મોહમયિ--(મુંબઇ)

કૃપાનાથ !

શ્રીપુષ્ટીમાર્ગિય સંપ્રદાયીઓના શ્રેયની આપશ્રી સર્વદા-સર્વથા શુભેચ્છા રાખો છો, એટલુંજ નહી, પણ સકળ ભારતવર્ષિય પ્રજાના હિતને અર્થ સમાન ભાવનાથી આપશ્રીનો સુપ્રયાસ સર્વત્ર પ્રકાશિત છે, ધર્મોન્નતિ સાથે નૈતિક વિષયમા સકળ પ્રજા ઉચ્ચતર સ્થિતિને પામે, એજ અભિલાષા સાથે સામાજીક સુધારણાના સત્ય સિદ્ધાંતો સમાજને સમજાવવાનો આપશ્રીનો પુનીત પ્રયત્ન છે, તેમ પ્રત્યેકને સુબોધ સુધા સીંચી સનાતન વૈદિક ધર્મના કલ્પવૃક્ષને ખંતથી ખિલાવવા આપશ્રી અસ્ખલિત ઉદ્યોગ આચરો છો,

વળી મારા સદ્ગત પુજ્ય પિતાશ્રીની કિંચિત સેવાને આપ કૃપાળુએ કેવળ અનુકંપાથી સ્વિકાર કરી ભવાબ્ધિમાંથી તેમને તાર્યા છે-ઉદ્ધાર્યા છે, અને મારા પ્રત્યે-મારા કુટુંબ પ્રત્યે યાવત દયાદ્રષ્ટી દર્શાવી અમને સંભારો છો-સંભાળો છો. અને વાત્સલ્યભાવથી અમારા લૌકિક અને પારલૌકિક કલ્યાણનો સુમાર્ગ સુચવી મારા આત્મબળને પોષણ આપો છો, હૃદય તાપને નિવારો છો, ઈત્યાદિથી આ કાર્ય ધર્મનીતિ અને ભક્તિયુક્ત આ લઘુ પુસ્તક પુર્ણ ભક્તિભાવથી અવિનય આપ સદ્ગુરૂશ્રીની પવિત્ર સેવામાં સમર્પણ કરીને કૃતાર્થ થઈશ. એમ શ્રદ્ધાથી માનું એજ વિનતી.

લી. હું છું.

આપશ્રીનો સદાનો ચરણરજ દીનસેવક,

મોતિલાલ છોટાલાલ વ્યાસના

સાષ્ટાંગ દંડવત.

પ્રસ્તાવના.

સતિ પાંચાળીનું પુનિત નામ ભારત વર્ષમાં પ્રાતઃસ્મર્ણિય ગણાય છે, એટલે તેના પવિત્ર ચરિત્રનું પુસ્તક વાચકોને પ્રિય થઇ પડશે, ગુર્જરગિરમાં ગુંથ્યાથી ગુજરાતી ભાઇઓ તથા બ્હેનોનો આવકાર પામશે, એવી અભિલાષાથી આ નૂતન રચના રચી છે. જોકે આ કૃતિ નૂતન છે, પણ કથા નૂતન નથી. અને આપણા સંસ્કૃત સાહિત્યમા આવી સનાતન કથાઓ એટલી બધી છે, કે જો તેનો પ્રાકૃત ભાષામાં વાચકોને લાભ આપવાનો આધુનીક લેખકો યત્ન આદરે, તો જન વર્ગને તે વિશેષ લાભકારી થઇ પડે. ભારત વર્ષમાં એક સમય એવો પણ હતો, કે કઠીઆરા જેવી ક્ષુદ્ર વ્યક્તિ પણ ગિરવાણ ભાષામાં જ્ઞાત હતી, વાતચીત સંસ્કૃતમાંજ કરતી હતી, હમણાં એ ભાષા જાણનાર થોડા છે, અને તેથી પ્રાકૃત ભાષામાં રચાએલા ગ્રંથોનોજ સઘળાઓ લાભ લઇ શકે છે. આ કારણથી આપણા શાસ્ત્રોમાં જે આખ્યાનો ધર્મ અને નિતિનો બોધ આપી શકે, સમાજને સુપંથે પ્રેરી શકે, અધર્મ અનાચરને પંથે ગતિ કરતા અટકાવી શકે, તેવાં હોય, તે વાચકો સન્મુખ નિવેદન કરવાથી આપણી ધાર્મિક અને સામાજીક ઉન્નતિ થવી સંભવે છે, તેમાં કેવળ

ભાષાન્તર રૂપેજ એ આખ્યાનો વાચકોના હાથમા મુકવાથી લાભ નથી, પણ એવાં આખ્યાનો સાથે પ્રાચીન અર્વાચિન સ્થિતિનો મુકાબલો કરી દેખાડી, ખુબી ખામી સમજાવવામા આવે, તોજ તે વાંચકના અંતરમાં કાંઇક વિશેષ અંશે અસર કર્તા થાય. આ પુસ્તક પરત્વે અમે એવુ કંઇક કર્યુ છે, એમ સુગ્ન વાચકો જોઇ શકશે.

એટલુંતો કબુલ કરવા જેવુ છે, કે આધુનીક સમયે ધાર્મિક અવનતિના આવિર્ભાવથી સામાજીક સ્થિતિ એવા સ્વરૂપે દર્શન દે છે, કે તે જોતા વિચારશીલ પુરૂષોને ગ્લાની પેદા થયા વિના રહેતી નથી. પરદારા માતૃ સમાન, પરપતિ ભ્રાતૃ સમાન, અને પરદ્રવ્ય મૃતિકા સમાન માનવાનો જે ભારત પ્રજાનો સનાતન સિદ્ધાન હતો, તે સર્વથા સ્મૃતિ બહારજ રહેતો જોઇએ છીએ. સ્ત્રીઓમા શુદ્ધ પાતિવ્રત, અને પુરૂષોમાં એક પત્નિવ્રતનો જ્યાં અભાવ, ત્યાં પ્રજા વર્ણસંકર પેદા થાય, એમાં આશ્ચર્ય શુ ? દુનીઆમાં આશ્ચર્ય જનક બનાવો બને છે, તેનુ આંતરિક કારણુ એજ છે, કે વ્યભિચારનો પ્રચાર વૃદ્ધિ પામ્યો છે, અને તેનાથી જે પ્રજા ઉત્પન્ન થાય છે, તે ધર્મ કે નિતિની કૃતિને તિલાંજલી આપી વીલક્ષણ રીતે વર્તે છે, અને તેનાજ પરિણામે ભારત પ્રજા વધુને વધુ અવનત દશામા આવતી જાય છે. એ પ્રજાને તેમની પૂર્વ સ્થિતિનું ભાન કરાવી સુપથે પ્રેરવાને, પુનિત સ્ત્રી પુરૂષોનાં પ્રાચિન આખ્યાનો

સબળ સાધન રૂપ થશે, તેમને સચેત કરી શકશે, એમ માની આ પ્રયાસ કર્યો છે. અને એતો ખરૂં છે, કે વિદેશી પ્રજાનાં દ્રષ્ટાન્તોથી જે અસર ન થઇ શકે, તે આપણા પોતાના દેશમાં પૂર્વે થઇ ગએલા પવિત્ર સ્ત્રી પુરૂષોનાં ચિત્ર ચરિત્ર સમાજની દ્રષ્ટીએ આણ્યાથી સંગીન લાભદાયી થાય, એ સ્વાભાવિક છે.

યુરોપ અમેરીકાદિ દેશોના પ્રમાણમા ભારત વર્ષની પ્રજા હજી કેલવણીમા ઘણી પછાત છે, તેમા આપણો સ્ત્રી વર્ગ તો તતસબંધે તદ્દન અંધકારમાજ રહ્યો છે, છતાં જે સ્ત્રી પુરૂષોને આપણે કેળવાએલા કહીએ, જેઓ લખી વાચી જાણેછે, તેમનામાં વાચનનો શોખ કવચિતજ જોઇએ છીએ. અને જેઓને થોડો પણ વાચનનો શોખ છે, તેઓનું વલણ કપોળ કલ્પિત વાર્તાઓ (નોવેલો) વાચવા તરફ વિશેષ આકર્ષાય છે, કે જે વાર્તાઓમાં ધર્મ અને નિતિના તત્વો નહિ જેવાં હોવાથી, અને હોય તે અનિતી યુક્ત અદ્ભુત પ્રસંગોના પડદા નીચે ઢંકાઇ ગયાથી, વાચકોની ગ્રાહ્ય શકિત તેમાથી એવું ગ્રહણ કરે છે, કે જે જન હૃદયમા રહેલા સ્વાભાવીક ધાર્મિક સંસ્કારોને ઢાંકી દેછે. અને એવા સંસ્કારો સ્થિર સ્થાપે છે, કે એ વાંચનથી ધાર્મિક અને નૈતિક વિષયમાં ઓર વધુને વધુ પડતીને પમાય. આવું ન થાય, તેને માટે લોક રૂચિને અનુસરીને પુસ્તકો લખવા કરતા સાંપ્રત સ્થિતિ અને સંજોગો તરફ લક્ષ આપી, લેખકો પોતાનાં-

લેખિનીનો ઉપયોગ કરે, તો અલબત તુરતમા આર્થિક લાભ પૂર્ણ રીતે પ્રાપ્ત થશે નહીં, પણ ધીમેધીમે લોકોનુ વલણ ધમ અને નિતિના ગ્રંથો વાંચવાને માર્ગે ગતિ કરતા થશે, અને તેનુ શુભ પરિણામ આવશે, એ આર્થિક લાભ કરના, અધીક બદલો વાળશે. અંગત લાભની અપેક્ષા રાખી, પોતાના દેશ બાધવોને અહિતકર માર્ગે દોરવાની નિતિ સંસ્કારી લેખકોને શોભા રૂપ નથી. તેમણે તો પારમાર્થિક દ્રષ્ટીથી ભવિષ્યના ભલાનો વિચાર કરી એવા પુસ્તકો લખવાં જોઇએ, કે જેમાથી શબ્દે શબ્દે સુબોધ સુધાની વાચકોને પ્રાપ્તી થાય. કિંચિત કુસંસ્કારની છાપ પાડે, એવાં તેમાં કથનજ ન હોવા જોઇએ. જન સ્વભાવનું સ્વાભાવિક લક્ષણ એક એવુ છે, કે તે ઉચતર માગ કરતાં નિચ–નિચાણના માર્ગ તરફ ત્વરાએ ગતિ કરે છે. આ કારણથી એ માર્ગે ચાલ્યા પછી આગળ અનિષ્ટ ફળ મળે છે, અને પસ્તાવો થાય છે એવાં ચિત્ર દ્રષ્ટીએ શામાટે લાવવા ? દ્રષ્ટી દુર દોડાવી લાભા લાભ–સારા સાર શોધવાની સાંપ્રત સમયે સ્પૃહા કોણ રાખે છે ? હાલના પ્રવૃતિ કાળમાતો સહજ દ્રષ્ટી ફેરવતા જે જડે તે ત્વરાથી ગ્રહણ કરીલે, એવી જન હૃદયની સ્થિતિ છે. જેથી તેની બારિક નિરીક્ષા કરીને, સમય અને સંજોગોને અનુસરી સરલતાથી સુબોધ આપવામાં ઉપયોગી થાય, એવ'જ ગ્રંથો વાચકોના હાથમા મુકવાની આવશ્યકતા છે. એ આવસ્યકતા થોડી પણ યથામતિ પુરી પાડવાનો અમે આ પુસ્તક, પ્રસીદ્ધ કરવામાશુભ હેતુ રાખેલો છે, તેમાં અમે કેટલે અંશે સફળ થયા છીએ, તેની તુલના વિવેકી વાંચકોએજ કરવાની છે.

વાસ્તવીક રીતે મનુષ્યને ધર્મ અને નીતિના ઉંચ સંસ્કારો ગર્ભમાંથીજ થવા જોઇએ, જન્મ પછી ગૃહરાજમાં તેને એ વિષયનું પરિપૂર્ણ પોષણ મળવુ જોઇએ, અને ગૃહકેળવણી એવા પ્રકારની આપવી જોઇએ, કે મોટપણે તેનું જીવન ઝળકી નિકળે—મનુષ્ય ચારિત્રશાળી-ભાગ્યશાળી તરીકે જગતને ઝળા ઝળા કરી મુકે. પણ જ્યારે માબાપો સંપૂર્ણ સંસ્કારી હોય, વિશુદ્ધ વાતાવરણમાજ તે વસતાં હોય, ત્યારેજ તેમ બનવુ સંભવીત છે. વળી સંસ્કારી ગુરૂઓને હાથે તેમને કેળવણી અપાવાની તો ખાસ અગત્ય છે, અને તેમાં બીજા બધા કરતાં ધર્મ અને નિતિનુ શાક્ષણ સંભાળ પૂર્વક અપાય, તોજ એક મનુષ્ય તરીકે તેના જીવનનો જ્યોતિ પ્રકાશને પામે, ભૂમિના ભૂષણરૂપ તેના જીવન વૃક્ષની જડ દ્રઢ જામે. પણ સાંપ્રત સમયે સંતાનોને ગર્ભમાથીજ સારા સંસ્કારો થતા નથી, જન્મ પછી એ એવા વાતાવરણમા ઉછરે છે, કે "સીંગમાંથીજ સડો" લાગવા જેવુ બને છે, ગૃહરાજમાં કીંચિત કેળવણી મળી શકે, તેવુ છેજ નહી માબાપોજ જ્યાં સંસ્કારી નથી, ત્યાં બાળકોને ગૃહરાજમા કેળવણી ક્યાંથી મળે! ત્યાથીતો તેને ઘણે ભાગે એવુ મળે છે, કે જીવન પ્રભા ઝળકી નિકળવાને બદલે ઝાંખી પડી જાય શાળા પાઠશાળાઓમા શિક્ષણ આપનારા ગુરૂઓ પણ ભાગ્યેજ એવા ભાસે છે, કે જેઓના સંસર્ગ કે સંસ્કારથી બાળકોના

હૃદય મંદાગ્નની સૌદર્યતા–ભવ્યતા તેના સત્ય સ્વરૂપે અવલોકવાનો અવસર આવે. હા, બાહ્ય સુંદરતા યાને વેશનુ વૈચિત્ર્ય વિલોકવામાં આવે છે, પણ તેમાં શું વળ્યુ? શાળા પાઠશાળામાં ધર્મ અને નિતિની કેલવણીને તો અદ્યાપી પર્યંત સ્થાનજ નથી મળ્યું, અરે! તે તરફ તદન નિસ્પૃહતાજ રાખી છે, અને તેનુ એવુ અનિષ્ટ પરીણામ આવ્યું છે, કે તે પ્રત્યક્ષ અનુભવ્યા પછી રાજા પ્રજા ઉભય હવે ધર્મ અને નિતિની કેલવણીની આવશ્યકતા સ્વિકારવાની તરફેણ કરે છે. વિચારની સ્ફુરણા કદાચ હમણાં–તુરતમાં નહી તો, થોડો સમય વિત્યા પછી પણ આચારમાં મુકાશે, પણ તે ઉપર આશા રાખીને પ્રત્યેક વ્યકિતએ હાથ પગ જોડીને બેસી રહેવાનું નથી. દરેકે પોતાથી બનતું કરવાનું છે.

જોકે થીઓસોફીકલ સોસાયટીના અગ્રગણ્ય સભાસદોએ તેનો અત્યાર આગમચથી કાંઈક સારો આરંભ કર્યો છે, અને બાલક–બાલિકાઓને ધર્મ અને નિતિનું શીક્ષણ લેવાને પથે પેર્યા છે, પણ એ પ્રયાસ વિસ્તૃત થવો જોઇએ, અને તેમા સમાજ તરફથી તન, મન, ધનથી સહાય મળવી જોઇએ. વળી બીજી અનેક રીતે એ હેતુ સિદ્ધ કરી શકાય તેવુ છે. ગ્રંથો, નાટ્ય પ્રયોગો, માસીક અને અઠવાડિક પત્રો, અન્ય તમાસા, વ્યાખ્યાનો ઇત્યાદિ દ્વારે ધર્મ અને નિતિના બોધ આપવાનો પ્રયાસ ચાલુ રહે, તો બેશક સાંપ્રત સમયે જે ખામી જણાય છે તે ધીમે ધીમે નષ્ટ થાય, અને ભવિષ્યમા પૂર્વવત્ સ્થિતિ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે, એ બનવા જોગ છે.

અલબત્ત આધુનીક નાટયકારોએ સમાજને ધર્મ અને નીતિનો બોધ આપવાનો યત્ન આરંભ્યો છે, અને તે અતી સ્તુતિ પાત્ર છે. જોઇએ તેવા પ્રમાણમાં તો નહીંજ, તો પણ ગ્રંથકારોનુ વલણ ધર્મ અને નીતિને માર્ગે ગતિ કરતા થયું છે, અને ભવિષ્યમાં તે તરફ અધિક ધ્યાન અપાશે, એવી હવે આશા રહે છે પરંતુ પણ લેખકો જે લેખ લખે, તે તેમના જેવા સાક્ષરોજ માત્ર સમજી શકે, એવી તેમની કૃતિ હોય, ત્યારે તેનુ સાર્થકય શું ? લેખો લખવામા દૈવત દેખાડવાની ઉત્સુકતા રાખવી, આડંબરી ભાષા વાપરવી, અને લેખનુ તત્વ શોધવાને ઉંડાણમાં ઉતરવુ પડે, એવી નીતિ ગ્રહણ કરવી, એમાજ આજકાલ ઘણા મહતા માને છે, અને અરસપરસ વિતંડાવાદમા ઉતરી વાકપ્રહાર કરીને વિજય મેળવવાની વાચ્છના રાખે છે, જેના પરિણામે તેમના તરફથી સમાજ જે લાભની આશા રાખે, તે સફળ થતી નથી. જે વાંચનની સમાજને જરૂર છે, તે તેમનાતરફથી પુરી પડતી નથી. આ શું ઓછું ખેદયુક્ત છે ?

જોકે ગ્રંથકારોના સબંધમાં "નામીચો શાહ રળીખાય, અને નામીચો ચોર માર્યો જાય" તેના જેવુ બને છે. એટલે કપોળ કલ્પિત વાર્તાઓનાં જોડકણા જોડી, કે વિદેશી સાહિત્ય ની નકલ કરી ઘણા ગ્રંથકારો પોતાનાં પુસ્તક સમાજ સન્મુખ નિવેદન કરે છે, તેમના ઉપર વાંચકો ફીદા થઇ જાય છે; પછી ભલે એ વાંચન મનમાં શાન્તિ આપવાને બદલે

અશાન્તિ અને અસંતોષનું આવાહન કરે, ક્ષણીક આનંદ ઉપજાવી આશ્ચર્ય-ચકિત કરીનાખે, અને મોહમાં ડુબાવી દઇ સત્ય, ધર્મ, અને નીતિથી નિરાળા રાખે, તેની સ્પૃહા નહીં. સમાજની સાંપ્રત સ્થિતિ આવા પ્રકારની છે. તેવા સંજોગોમા "પાંચાળી ચરિત્ર અને ચીરપુર્તી" નું પુસ્તક આવકાર પામશે, કે કેમ ? એ એક સંશય છે, પરંતુ ગમે તેવા સંજોગ અને સ્થીતિમાં સારૂ કે નરસું ગ્રહણ કરનાર તો હોયછેજ. એટલે જે પાત્ર હશે, જેને ધર્મ નીતિ પ્રિય હશે, તે આ પુસ્તકનું સત્ય તત્વ તપાસી તેનો સાદર સ્વીકાર કરશેજ.

ભારત વર્ષને દુર્દૈવે એમ કહેવાય છે, કે આ દેશમાં પત્રકારો અને ગ્રંથકારો સર્વદા સુદામા જેવા રહે છે, નિર્ધનાવસ્થા વેઠે છે, અને એવી સ્થીતિમાં પોતાની જ્ઞાન વિભૂતિનો આર્થિક સાધનના અભાવે સમાજને યથેચ્છ લાભ આપી શકતા નથી. અલબત્ત આ અનુભવસિધ્ધ કથન છે, અને તેનું સત્ય કારણ શોધતાં એજ માલમ પડે છે, કે દેશમાં કેલવણીની ખામી મુખ્ય છે, એટલે જાહેર પ્રજાનો જોઇએ તેવો આશ્રય મળતો નથી, જેઓ આશ્રય આપી શકે, તેવી સ્થીતિમાં છે, તેમના ઔદાર્યનો પ્રવાહ કાંઇ જુદાજ માર્ગે ગતિ કરે છે, અને તેથી તેવાઓ તો કોઇ નવા પુસ્તકનું નામ સાભળી એમજ ઉચ્ચરેછે, કે અરે ! દેશમા પુસ્તકોનો તો રાફડો ફાટયો ! કેટલા વાંચીએ, ને કેટલાંને

હા, વાત ખરી છે. પ્રવૃતિમાં પ્રેરાએલા, પ્રમાદમા ઘેરાએલા, વિષય વૈભાવાદિથી વિંટાઇ ગએલા, ધનબાઇના ઉપાસકો સરસ્વતિ પુજનની સ્પૃહા શા માટે રાખે ? અને તેવાઓને નૂતન પુસ્તકો બોજારૂપ અને ગ્રંથકારો ત્રાસદાતા થઇ પડે, તેમાં આશ્ચર્ય શું ? યુરોપ અમેરીકાદિ પશ્ચિમના પ્રદેશમા તેવુ નથી. ત્યાતો ભાડુતી વિકટોરીયાવાળો, હેલકરી, અરે ! રસ્તો ઝાડનાર અંત્યજ સુધ્ધાત ચોપડી, ચોપાન્યાં ને વર્તમાનપત્રો ખરીદ કરીને વાચે છે. ભીખ માગીને વાચનાર એ ભુમીમાં થોડા છે, મુદ્દલ નથી, એમ કહીએ તો પણ ચાલે. એ દેશના શ્રીમાનો સાહિત્ય સમૃદ્ધિમાં વૃદ્ધી થાય, ધાર્મિક અને સામાજીક સુધારણામાં ઉપયોગી થઇ પડે, અને ઉદ્યોગ હુન્નરની ખિલવણી કરી શકે, એવા પુસ્તકો, માસીકો, અને વર્તમાન પત્રોના સંપાદકોને આશ્રય આપવાની સર્વથી પહેલી અને અગત્યની ફરજ ગણે છે. જ્યા આવી સમજણવાળા શ્રીમાનો હોય, ત્યા લેખકોને સુદામાની સ્થીતિ શા માટે અનુભવવી પડે ? ખરેખર ત્યા તો એ ધંધો ઉંચ શ્રેણીનો ગણાય છે, એવા ધંધાધારીઓ પૈસા અને પ્રતિષ્ટા કમાય છે. ત્યા પુસ્તકો, માસીકો અને વર્તમાન પત્રોની સંખ્યા પ્રતિ દીવસે વૃધ્ધી પામતી જાય છે, અને તેની એક નહિ પણ અનેક આવૃત્તિઓ બહાર પડે છે, પણ કોઇના મુખમાથી કંટાળા દર્શક ઉદગાર નિકળતો નથી. કેમ નીકળે ? એ પ્રજા લાભાલાભ સમજે છે ભારત વર્ષ

ની પ્રજામા એ સમજણુની ખામી છે, પણુ ફીકર નહીં, સમયચક્ર તેની ધરી ઉપર સર્વદા ફરતું જ રહે છે. સાંપ્રત સમય અંધકારનો છે, અરે ! એ અંધકાર અદ્રશ્ય થવાની સંધીનો છે, ભારતોદયના કિર્ણો પ્રકાશિત થવાની અણીનો છે, એટલે તેનો દિવ્ય જ્યોતિ ઝળાં ઝળા થઇ રહેશે, એમાં કંઇ સંશય નથી

વેદ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ, અષ્ટાદશ પુરાણુ, મહાભારત, રામાયણાદિ શુ આપણુને એમ નથી સમજાતા, કે તે કાળે ભારત વર્ષનો ભાનું તેની સંપુર્ણ કળાથી પ્રકાશિત હતો, ઝગ ઝગી રહ્યો હતો. તેમાં શુ નથી ? સઘળુ છે, અને જે છે, તે પશ્ચિમની પ્રજાએ શોધીને સંગ્રહ કર્યું છે, ઉપયોગમા લીધું છે અને તેના આવિર્ભાવથી એ પ્રજા ઉન્નતિના શીખરે પહોચી છે, આપણે આપણું હતું, આપણુને આપણા પુર્વજોએ વારસામાં આપેલું હતું, તે તરફ અજ્ઞાન તિમિરથી ખેતમા રહ્યા, અશ્રદ્ધાવાન બન્યા, આપણાં શાસ્ત્રોની વાતો ને ઉપહાસ દ્રષ્ટીથી જોઈ ગપાષ્ટક ગણુવા લાગ્યા, તેનુ અનિષ્ટ ફળ આપણે વેઠીયે છીએ, વળી આપણી ગ્રાહ્ય શકિત પણુ વિલક્ષણુ છે, એટલે પશ્ચિમની પ્રજા આપણુામાંથી જ્યારે સાર શોધી ગ્રહણુ કરે છે, શ્રેય સ્કર હોય, તેજ સ્વીકારે છે; ત્યારે આપણે એમનામાંથી એવું ગ્રહણુ કરીએ છીએ, કે જે આપણી ધાર્મિક, નૈતિક અને

સામાજીક સ્થીતિની અધોગતી કરવામા આધારભૂત થાય. આર્થિક અવનતિ ને પમાય. ખરે ખર અવનતિમા હવે યત્કીંચિત કમીના રહી નથી, અધોગતિને પામી પુરે પુરા હવે પછડાયા છીએ, એ પછાડથી હવે સચેત થવું જોઇએ. સચેત થઇને બીજા કઇ દોડી દોડાવવાની જરૂર નથી. જરૂર માત્ર આપણુ જે છે, વ્યાસ–વાલ્મિક જેવા મહર્ષિ ઓએ પુર્ણ તપશ્ચર્યા યાને યોગ સાધના કરીને કેવળ જટા અને મુંજમેખલા યુક્ત કૌપીન ધારીને, અને ફળ ફલાદિ સાત્વિક પદાર્થો વડે ઉદર ભરીને પારમાર્થિક વૃતિથી શાસ્ત્ર-સુધા આપણને આપ્યું છે, તેનો લાભ આપણે લેવાનો છે. શાસ્ત્ર રૂપી સુધા સિંધુનુ એક બિંદુ પણ અમરત્વની પ્રાપ્તિ કરાવે છે, અલભ્ય લાભ આપે છે, અને ઉન્નતિના શિખરે સ્થિર કરી સ્થાપે છે.

“ પાચાળી ચરીત્ર અને ચિરપુર્તિ ” એ શાસ્ત્ર રૂપી સુધા સિંધુના એક બિંદુ સમાન છે. સતી દ્રૌપદી યાને પાચાળીનુ આખ્યાન પુરાણુ પ્રસિદ્ધ છે, શ્રી વ્યાસ નારાયણે મહાભારતમા, અને શ્રીમદ ભાગવતમાં તેનુ યથેચ્છ વર્ણન કર્યું છે. સુધા ભરિત વ્યાસની વાણીનું એ વર્ણન એવુ અલૌકિક છે, કે તેમના પુનિત પુરૂષાર્થ આગળ તો સૂર્ય પાસે આગીયાથી પણ ક્ષુદ્ર જંતુએ દેખાવ આપવા જેવો મારો આ નિર્માલ્ય પ્રયત્ન કહેવાય ! પણ મારે તેને માટે ક્ષોભ શા સારૂ

કરવો? હું એમ કહેવા નથી માગતો, કે આમાં મારું પોતાનું કંઇ છે, મારૂં કંઇ નથી. જે છે, તે શ્રી વ્યાસ નારાયણનું છે. મે તો મારી બોબડી તોતડી વાણીમાં તેમનું ગાએલું ગાયું છે. ગમે તેમ છે, તો પણ સતી દ્રૌપદી જેવા ભારત ભુષણ જગદંબાનું યશ કિર્તન છે, પાતિવ્રત ધર્મનો પુનિત મહિમા છે, અને ભકતવત્સલ ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્માના ગુણનુ ગાન છે. જ્યાં વસ્તુજ શ્રેષ્ટ છે, ત્યાં આકૃતિ ગમે તેવી હોય ! સુવર્ણની સુંદર પ્રતિમાનું કદાચ રૂપાન્તર કરીએ, અને યોગ્ય કુશળતાની ખામીથી ઘાટ સારો ન ઘડાય, પણ તે સુવર્ણ તો છે, તે છેજ.

આ પુસ્તકમાંની વસ્તુ વિશ્વાધારે સૃજેલી છે, વ્યાસ નારાયણે તેના સત્ય સ્વરૂપે જન વર્ગની દ્રષ્ટિએ આણી છે, અને એનુ એજ મે વાચકો સન્મુખ નિવેદન કર્યું છે, છતાં તેમાંથી વાચકવર્ગને બહુ બહુ બોધ મળે, હૃદય તાપ ટળે, અને અભિષ્ટ ફળે એવા એના કથન છે સ્ત્રીઓને આમાંથી પોતાના સત્ય કર્તવ્યનું જ્ઞાન મળશે, પાતિવૃત્ત ધર્મનું સત્ય રહસ્ય સમજાશે, ભક્તિની ભવ્યતા દ્રષ્ટિગોચર થશે. પુરૂષ દ્યુત દ્રોપના દર્શનથી સટો—જુગાર ઇત્યાદિ અધર્મ કાર્યમા પ્રવર્ત્તી વગર મહેનતે હરામનુ ધન હરણ કરવાને માર્ગે ગતિ કરે છે, એ કેટલું અહિતકર, 'અરે' પરિણામે કેટલું અક-

ધ્યાણુકારક છે, તેનું વાસ્તવિક ભાન થશે. જે ભાન થવુ જોઇએ, જે જ્ઞાનની જરૂર છે, તેને માટે સાંપ્રત સ્થીતિ અને સંજોગોનો વિચાર કરી આ કૃતિ યોજી છે. સમાજ તેનો લાભ લેશે, તો હું મારા શ્રમનું સાર્થક્ય થએલું સમજીશ.

આ પુસ્તકમાં ચિરપુર્તિનું કાવ્ય સઘળું મારૂ નથી, મુળ એ કાવ્ય ડાકોર નિવાસી સદ્ગત જોષિ મથુરેશ પીતાંબરનું રચેલું હસ્તલિખિત મારા શુભચિંતક સ્નેહી વજીરીઆ સ્ટેટના પ્રાઇવેટ સેક્રેટરી મહારાજશ્રી નર્મદાપુરી ભવાનીપુરી તરફથી મને મળ્યું હતું. જોશી મથુરેશ મહારાજશ્રીના આત્મિક મિત્ર હતા, તેમણે શ્રી દ્વારિકાં મહાત્મનું ઉત્તમ પુસ્તક રચીને પ્રસિધ્ધ કરેલું છે, અને તેમની કાવ્યકૃતિ એ પુસ્તક પરત્વે બહુ પ્રસંસાને પામી છે, ચિરપૂર્તિની રચના પણ અતિ રસીક છે. એટલુંજ નહી, પણ તેમાં સમાએલી અર્થ ચમત્કૃતિ, શબ્દ ચમત્કૃતી, પ્રાસ, અનુપ્રાસ, અને ઝડઝમક અતી આકર્ષક છે, ભક્તિ રસની તેમા રેલંછેલા થએલી દ્રષ્ટે પડે છે, અને તેમાં વિશેષ ખુબીવાળુ તો એ છે, કે સતી પાંચાળીએ વસ્ત્રહરણ વેળાએ કરેલી સ્તુતિમાં શ્રીકૃષ્ણ પરમાત્માની શ્રીમદ્ ભાગવતના દશમસ્કધમાં વર્ણવેલી લીલાનું મથુરેશે સતી પાંચાળીના મુખે યશોગાન કરાવ્યું છે. ટુંકમાં દશમસ્કંધ વાંચવાના અભિલાષીઓને પણ ચિરપૃર્તિ કાવ્યમાથી તેનો પરિપુર્ણ લાભ પ્રાપ્ત થઇ શકે છે.

ચીરપુત્તિ કાવ્યની નકલ કરતી વેળાએ સ્વાભાવિક રીતે ક્વચિત મારા ઉદ્‌ગારોનો તેમા ઉમેરો થઇ ગયો છે, જો કે એ દૂધમાં જળ રેડવા જેવો અનુચિત પ્રયોગ તો છેજ. પણ સત્કાર્યમા–પ્રભુના ગુણ ગાવામા યથામતિ ભાગ લેવાને ઉત્સુક બનેલું મારૂં મન વાર્યું રહ્યુ નહીં, તેનું એ પરિણામ છે. મને લાગે છે, કે મારો પ્રયાસ પારસના પ્રસંગમા લોહને લાવી તેને સુવર્ણ બનાવવા જેવો છે, અને તેમા હું કેટલે દરજ્જે ફતેહમદ થયો છુ, તે શાણા વાચકોએજ વિચારી લેવાનું છે.

ચીરપૂર્તિનુ જોશી મથુરેશ ગણિત કાવ્ય મહારાજશ્રી નર્મદાપુરીએ મને પ્રસિધ્ધ કરવાને આપ્યુ હતું, તેની નકલ મે એકવાર મુંબઇના સુપ્રસિધ્ધ શેઠ શ્રીયુત જગમોહનદાસ વદ્રાવનદાસ ભાઇ શેઠ, જે પી ને વંચાવી. તેઓશ્રી એ કાવ્ય કૃતિથી પ્રસન્ન થયા, પણ એમણે એક એવી સુચના કરી કે, ચિરપૂત્તિની સાથે દ્રોપદીના વસ્ત્રહરણનો પ્રસંગ, અને તે ઉપસ્થિત થવાના કારણરૂપ દ્યુત ક્રીડાના દોષનુ દિગ્દર્શન કરાવવામા આવશે, તો તે વાચકોને અતિ ઉપયોગી થઇ પડશે.' એ વિદ્વાન શ્રીમાનની સુચના હિતકર હોવાથી મે સાદર સ્વિકારી, અને કાવ્યમા દ્યુત પ્રસગ યોજીને ઉમેર્યો. આ બંને પ્રકરણ મારા એક હિતૈષી મિત્ર વૈદ્યરાજ ત્ર્યંબકલાલ વિ જટાશકર ભટ્ટને બતાવ્યા, ત્યારે તેમણે વળી એમ સુચવ્યુ, કે 'પદ્ય ભલે છે, પણ જો સાથે સાથે પાંચાળીનું યથાસ્થિત ચરિત્ર ગદ્યમા ગુંથી તેમાં ઉમેરશો, તો પુસ્તક સર્વોપયોગી થશે,' હા, વાત ખરી છે, કેટલાકને ગદ્ય ગમે છે તો કેટલાક પદ્ય પસંદ કરે છે, અને તેથી તેમની સુચના

નો સ્વિકાર કરી આ રચના રચી છે સતીનુ ચરિત્ર વર્ણુવવામા, અને પ્રભુના ગુણ ગાવામાં ધાર્યા કરતાં પુસ્તકનું કદ કાંઈક વધી ગયું છે, અને વિશેષ વધી જશે, એ ભયથી કવિ મથુરેશે ચિરપુર્તિ કાવ્યમા દશમસ્કંધના દરેક અધ્યાયનો સાર લઇ જે સ્તુતિ કરી છે, તેનું વિશેષ વિસ્તારથી વિવેચન લખતાં અચકાવુ પડયું છે, જેને માટે મને અસંતોષ રેહી ગયો. પ્રભુના ગુણ ગાવામા -હૃદયને સંતોષ થતોજ નથી, પણ વધુને વધુ એ ઇચ્છા પ્રબળતાને પામે છે, વળી શેષ શહસ્ત્ર જીવ્હાથી હરીના ગુણ ગાય છે, છતા પરિતૃપ્તિને પામતો નથી, ત્યાં મારૂં શું ગજું!

અત્ર સ્થાને મને કહ્યા વિના નથી ચાલતું, કે આ પુસ્તક પુરૂ લખાઇ રહ્યા પછી તેની હસ્તલિખિત પ્રત, અખંડ સૌ. લેડી લક્ષ્મીબાઇ તે સર. જગમોહનદાસ વરજીવનદાસનાં ધર્મપત્નિને વાચવા આપી હતી, તેમણે તે પુરૂ વાંચી જોવાનો શ્રમ લઇ કેટલેક ઠેકાણે પુનરૂકિત દોષ હતો, ને સુધારવાની સુચના તથા કેટલીક કિમતી સલાહ આપી, તેને માટે એમનો ઉપકાર માનું છુ. અને એ પ્રસંગમાં ઉક્ત બાઇ સાહેબના પરિચયમા આવવાનું થતા તેમના શાસ્ત્રિય જ્ઞાન વિભવથી હું આનંદાશ્ચર્ય પામ્યો છું, અને તેમા આશ્ચર્ય એટલા માટે કે, સામાન્ય રીતે લક્ષ્મી, અને સરસ્વતિને પરસ્પર વૈમનસ્ય છતાં એમના સંબંધમા એ બને મૈત્રિથી સાથે વસેલાં સ્પષ્ટ દ્રષ્ટિગોચર થાય છે.

આ પુસ્તકમાં જેમ સામાન્ય ધર્મ અને નિતિનો બોધ છે, તેમ શ્રીકૃષ્ણ પરમાત્માને અવલંબી ભક્તિનો મહિમા ગાયો છે, છતાં ઇશ્વરનું અસ્તિત્વ સ્વિકારનાર પ્રત્યેક વ્યક્તિને આ પુસ્તક શ્રવણ—મનન ને અધ્યયન કરવા જેવું છે. કારણકે પૃથ્વિમાં પ્રચલિત કોઇપણ ધર્મ વા પંથ સ્ત્રીઓને માટે પાતિવ્રત, પુરૂષોને માટે પત્નિવ્રતની આવશ્યકતાનો અસ્વિકાર કરતો નથી, ધુત રમવાની છુટ આપતો નથી, ગૃહિણીએ પતિસેવા, અને ગૃહકાર્ય બજાવવામાં બાધ ગણુતો નથી, અને ઇશ્વરભક્તિમાં અંતરાય નાંખતો નથી. તેથી સઘળાને આ પુસ્તક ગ્રાહ્ય છે, તો આશા છે, કે દરેક તેનો સાદર સ્વીકાર કરશે.

વિદેશ વાસ, વિકટ સંજોગો, અને બીજી કેટલીક અસાધારણ અગવડને લીધે પુસ્તકના પ્રૂફ તપાસવામાં ગમે તેટલી સાવધાની રાખ્યા છતા કવચીત ભુલો રહેવા પામી છે. તોપણ પુસ્તક ગુણ વિભુતિથી વિભુષીત છે, સૌદર્ય સંપન્ન બનાવવાને બનતું કર્યું છે, પુનિત પ્રતિમાઓનાં તેમાંથી દર્શન મળે છે, તે તરફ દ્રષ્ટિ કરી કીંચિત દોષ જણાય, તો ઉદાર વાચકો ક્ષમા આપશે, એવી મારી યાચના સાથે હવે હું વિરમુ છું.

મુંબઇ—માધવબાગ
રામનવમી સંવત ૧૯૬૯ } મોતીલાલ છોટાલાલ વ્યાસ



અખંડ સૌભાગ્યવતી લેડી લક્ષ્મીબાઈ ત માનવંતા
સર જગમોહનદાસ વરજીવનદાસ
નાઈટના ધર્મપત્નિ

The Lakshmi Art Bombay

અભિનંદન પત્રિકા.

અખંડ સૌભાગ્યવંતાં લેડી લક્ષ્મીબાઈ,

ભગવતી !

આપ વિદ્વાન છો, વિદ્યાવિલાસી છો, વિદ્યોત્તેજકના કાર્યમાં યાવત યોગ્ય સહાયતા આપો છો, જનકલ્યાણના પ્રયત્નમાં પ્રવૃત્ત રહો છો, આપણા બાઈઓને અને તેમાં ખાસ કરીને ગુર્જરભગિનીઓને ઉત્તમ કેળવણીથી અલંકૃત કરવા, ગૃહિણીને ઘટતા સર્વશુભ ગુણો સંપાદન કરાવી દિવ્ય દીપાવવા આપ ઉત્સાહથી અસ્ખલિત ઉદ્યોગ કરો છો, કાન્તાઓની કૃતિ–મતિને રતિ ઉત્તમ સ્વરૂપે દર્શન દે, તેવું તેમને સદ્શિક્ષણ અપાવવાના અંતરના શુભ અભિલાષ ધરાવો છો, શાસ્ત્રીય જ્ઞાન વિભૂતિથી વિભૂષિત છો, તેમ વ્યાપારિક કેળવણીની વૃદ્ધિ અને ઉન્નતિને અર્થે સવાએ લાખ રૂપીઆ જેટલી ગંજાવર રકમ

જનહિત-દેશહિતની લાગણીથી કેવળ પરોપકારાર્થે
આપવાની ઔદાર્યતા દેખાડનાર, ધર્મનિષ્ઠ **શેઠશ્રી**
સર. જગમોહનદાસ વરજીવનદાસ માધવદાસ
જેવા મુંબઈના માનનિય, સ્વદેશરત્ન શ્રીમાનના
પવિત્ર ધર્મના પ્રમુખ પતિત્વે, સત્પતિ કરતાં નમ્રતા
નિરાભિમાન, દયા, પરોપકારવૃત્તિ, અને ઉદારતા ઈ.
સદ્ગુણોને દૃઢાવલંબન કરી રાખેલા દ્રષ્ટિગોચર થાય
છે. શુદ્ધતા, સ્વામીભક્તિ, અને સ્વધર્મપરાયણતા વડે
આપનું જીવન સાર્થક કરે છે, એ સઘળાં આપની
અનુપમ યોગ્યતાનાં આદર્શ, આપને અભિનંદન
આપું છું. અને મારી હૃદયવાટિકાનાં મધુર શબ્દ
પુષ્પોથી ગુંથાએલા આ અભિનંદન પત્રિકા "શ્રી
પાંચાળી ચરિત્ર અને વિભૂતિ" ના ધર્મ-નીતિ
અને ભક્તિયુક્ત સદ્બોધક યાને આર્યબાળાઓને
સુમાર્ગદર્શક-શ્રેયસ્કર પુસ્તક સાથે જોડી કૃતાર્થ થાઉં છું.

લી. આર્યભગિનીઓનો ઉત્કર્ષાભિલાષી,

મોતિલાલ છોટાલાલ વ્યાસ.

અનુક્રમણિકા.

શ્રી પાંચાળી ચરિત્ર.
અને
ચીર પુર્તિ.

મંગલાચરણ.

વસંતતિલકાવૃત.

(૧)

હે ! સત્યરૂપ જગ કારણ જ્ઞાન રૂપ,
હે ! અદ્વિતીય સકલાશ્રય મુક્તિ ભૂપ;
હે ! નિત્યને સરવ વ્યાપિ સ્વયં પ્રકાશી,
પ્રેમે તને પ્રણમું દિવ્ય દિસે પ્રભા શી !

(૨)

છો એક આપ મુજ રક્ષક માત તાત,
છો એક આપ જગ પાલક હે ! અજાત;
સૃષ્ટિ સ્થિતી પ્રલયકારિ સ્વસુત્રધારી,
છો નિર્વિકલ્પ વિભુ વિશ્વ તણા વિહારી.

(૩)

છો આપ એક ભયનો ભય ત્રાસ ત્રાસ,
પ્રાણી ગતી પુનિતનો સુપુનીત વાસ;
નેતા તમે પરમ પદ્ધિ તણા પ્રભૂજી,
છો લક્ષણે ગહન રક્ષણમાં રમુજી.

(૪)

વિશ્રાન્તિ ઠામ જગનું કરૂણા અનૂપ,
છો વિશ્વસિંધુ વળિ તારક ભવ્ય ભૂપ;
તે સાક્ષિરૂપ ભયભંજનને નમું છું,
પ્રેમે સદા ચરણ શર્ણ રહી ભજું છું.

(૫)

ઈંદ્રીયને મન ન ઈંદ્રિય ઇશને જો,
જાણે બધુંય સમજે પરિપુર્ણ તેતો;
તે વિશ્વવ્યાપક જગન્મુદકારિને હું,
પ્રેમે સદા ચરણ શર્ણ રહી ભજું છું.

(૬)

છે શ્રેષ્ટમાં અધિક શ્રેષ્ટ અણુંથિ નાનો,
તે સૂર્ય ચંદ્ર ગ્રહ તારક ઈશિ દાનો;
આદ્યંતમાં અહરનીશ રહે વિલાસી,
તેને ભજું બનિ અપાર હૃદે હુલાસી.

(૭)

પેદા થઈ સકળ લોક સ્થિતી ધરે જ્યાં,
કાળે કરી લય થતા વળિ પૂર્ણ તે ત્યાં;
તેવા અનાદિ જગ વ્યાપક અંત શુન્ય,
પ્રેમે સ્મરૂં ચરણ શર્ણ રહી અનન્ય.

(૮)

જેને વશે જગ રહ્યું ચળકી વિચીત્ર,
છે યોગિ ધ્યાન થકિતો અકળીત ચીત્ર;
તે વિશ્વ નાયક પ્રભુજી તને નમું છું,
પ્રેમે સદા ચરણ શર્ણ રહી ભજું છું.

શાર્દુલવિક્રિડિતે.

(૧)

ગોપાલે ગિરિધારિ ભારિ દુખથી, ઉગારિ ગોપાંગના,
ગોચારી બનસી બજાવિ વૃજમાં, સૌ ગોપના સંગમાં;
કીધી રાસક્રિડા રસીલિ રસિયે, પ્રેમાબ્ધિ રેલાવિયો,
એ શ્રીકૃષ્ણ સદા વસો હૃદયમાં, તો અર્થ સર્વે સર્યો.

(૨)

જે છે સોળ શહસ્ર એક શતને, છે અષ્ટ તે ઉપરે,
તેનો નાથ અનાથ ભક્તજનની, ચિંતા ઉરે તે ધરે;
વેગે થાય સહાય કષ્ટ હરવા, ભાવીક ભક્તી તણો,
એ શ્રીકૃષ્ણ દયાળુ દીન જનને, જાણો સદા આપનો.

(૩)

નાથ્યો કાલિય નાગ કોડ ધરિને, કાલિંદિ માંહે પડી,
માર્યા આપ બળે અનેક અસુરો, લેતો દધી જે રડી;
ચોરી માખણ ખાઈ પાઈ કપિને, રીઝાવતો જે ખરે,
એ શ્રીકૃષ્ણ કૃપા સુધા વરસવા, ઈચ્છા ધરૂં અંતરે.

(૪)

મારો ભાવ સુલ્હાવ સદ્ય મળશે, કિર્તી કથું નાથની,
ગુંથું ગ્રંથ સતી ચરિત્ર સુખદા, લીલા હરી હાથની;
ઈચ્છું આર્ય સુતા સુબોધ ગ્રહિને, કલ્યાણ પામે સદા,
આપો બુદ્ધિ સુસિદ્ધિ થાય હરિ હો! આવે ન વિઘ્નો કદા.

વસંતતિલકા.

(૧)

વિદ્યા વિભૂતિ નથિ ધર્મ અને સુકર્મ,
જાણું ન લેશ વિધિનો મનમાંહિ મર્મ;
સામર્થ્ય શક્તિ નથિ ભક્તિ વળી બનેના,
રાખી દયા પુરણ કામ પુરૂ કરો આ.

श्री कृष्णःशर्णमम.



પાંચાળિની ઉત્પત્તિ.

પાંચાળ નરેશ, રાજા દ્રુપદની પુત્રી પાંચાળી જે દ્રૌપદિના નામથી પ્રસિદ્ધ છે, એ સતિ શિરોમણી રાજકન્યાની ઉત્પત્તી યજ્ઞ વેદીમાથી થઇ હતી, રાજા દ્રુપદે દ્રોણુ સાથેનુ વેર વાળવાને યજ્ઞ કર્યો, તેની ઇચ્છા દ્રોણુને સંહારે, એવા બળવાન પુત્રની પ્રાપ્તી માટેની હતી વેરનું કારણુ એ હતુ કે, રાજા દ્રુપદ અને દ્રોણુ બન્ને એક ગુરૂને ત્યા અભ્યાસ કરતા હતા, બાળ સ્નેહી હતા એ બન્ને વિદ્યાભ્યાસ પૂર્ણુ થયા પછી જુદા પડ્યા કેટલોક વખત વિત્યા પછી દ્રોણુ એક વખત રાજા દ્રુપદની સભામા જઇ ચઢયા. રાજા, રાજકર્માચારીઓ કે શ્રીમાનોના ઐશ્વર્યનો પ્રભાવજ એવો પડે છે કે, ગમે તેટલા પરિચિત અને પૂર્વે ગાઢ પ્રસંગમાં રહેલા હોય, તો પણુ સ્થાન ફેર–સ્થિતિ ફેર થયા પછી–ઉન્નત દશાએ પહોચ્યા પછી, આપ્ત જનનો પણુ તેમની પાસે જવાને પગ ઉપડતો નથી, કદાચ્ પાસે જાય તો જીભ ઉપડતી નથી, પાંચ વાતો કહેવાની હોય, તેમાંથી એક બે કહી શકાય છે.

આ આવિર્ભાવ ઐશ્વર્યનો છે; દ્રોણ દ્રુપદ પાસે ગયા, ત્યારે તે સંપૂર્ણ રાજ વિભુતીથી વિભુષિત હતો, રાજલક્ષ્મી તેની સેવામાં તત્પર હતી, અનેક અનુચરો તેની આજ્ઞા ઉઠાવવાને ઉત્સુકતા સાથે ઉભા રહેતા હતા, છત્ર ચામર અને છડિ ઇત્યાદિ રાજ ચિન્હો તેના ગૌરવને દિપાવી રહ્યા હતા, રાજ ભૂવનમાં પ્રવેશ કરવો, તેમાં દીન જનોને દુર્ઘટતા દેખાતી હતી. આ વખતે ગુરૂ માટે ફળ ફુલ વિણવામા સાથે રહેનાર, સમીધો લાવવામા સહાય કરનાર, વિદ્યાર્થિ અવસ્થા વેઠતો, રાજા દ્રુપદ ન હોતો તે વેળાની તેની સ્થીતિ, જુદીજ હતી અત્યારે તો રાજગર્વમાં ગળી ગયેલો દ્રુપદ હતો, રાજમદે પૂર્વ સ્થિતી અને સ્નેહ સબંધનું તેને ભાન રહેવા દીધુ નહોતું, રાજ વૈભવના તાનમાં તે તન્મય બની ગયો હતો. વિદ્યાર્થી અવસ્થાના એ મિત્રને મળવા, ઇચ્છીત રળવા, દ્રોણ ત્યાં આવ્યા, પ્રેમથી પાચાળ નગરમા પ્રવેશ કર્યો, મોટી મોટી આશાઓના આવેશે તેમના અંતરને વેગ આપ્યો. આશા એ એવી વસ્તુ છે, કે જનહૃદયમાં તેનો સહજ અંકુર સ્ફુરતા મનને

ઉગ્ર ગતિ આપે છે, અને મનુષ્ય તેને સફળ કરવાનાજ પ્રયાસમાં તેના આવિર્ભાવથી પ્રેરાય છે. દ્રોણને દ્રુપદ તરફ આકર્ષણ થવામાં તેનુંજ પ્રાબલ્ય હતુ એક વિદ્યાગુરૂના શિષ્ય, વળિ બાળ સ્નેહી, સાથે રમેલા, રહેલા, એટલે આકર્ષણ થાય, આપત્તીમાં મદદ મેળવવાને મન લલચાય, એ સ્વભાવિક હતું દ્રોણ દ્રુપદના રાજદરબારમા આવ્યા, પ્રતિહાર દ્વારે પરવાનગી મેળવી રાજા સમિપ પહોચ્યા, અને રાજાને આશિર્વાદ દીધો. દ્રુપદે તો દ્રોણના સામી દ્રષ્ટિ પણ કરી નહીં, નિસ્પૃહતાથી અન્ય વ્યવસાય માંજ જાણે પ્રેરાયો હોય, દ્રોણને ઓળખતોજ ન હોય, એવુ દેખાડયુ. સામાન્ય અતિથીના જેટલો સત્કાર પણ તેણે સાહધ્યાયી મિત્ર દ્રોણનો ન કર્યો દ્રોણે ધાર્યું કે, રાજાને મારી મિત્રતાની વિસ્મૃતિ થઇ હશે, અને તેથી તેમણે વિદ્યાર્થી અવસ્થામા, ગુરૂના આશ્રમમાં કરેલી ક્રીડાનું યથાસ્થિત વર્ણન કરવા માંડયું, પણ રાજાને તે રૂચ્યું નહીં, રાજાએ તેમને ઓળખ્યા હતા, પણ રાજમદથી તેણે દ્રોણનો તિરસ્કાર કર્યો ! અરે ! વધારે ટકટક કરતાં પહેલા

તો તેમને રાજ સભામાથી ખસેડી બહાર કાઢવાને અનુચરોને આજ્ઞા આપી દ્રોણાચાર્યને ધકકા મારી રાજ સભામાંથી દુતોએ દુર કર્યા. રાજા પોતે અસભ્ય અને નિર્દય હોય, વિવેક વિનય ને જ્ઞાનથી વિમુખ હોય, ત્યા તેના અનુચરો ક્રુર બની ગમે તેવી કઠોરતા દેખાડે, તેમા આશ્ચર્ય શુ ? દ્રોણ ધક્કા ખાઈ બહાર નિકળ્યા, ત્હીલે મુખડે પાછા ફર્યા. દ્રોણ દારિદ્રતાના દુખથી ઘેરાએલા હતા, તેમા રાજા દ્રુપદના અપમાનથી અસાધારણ ઉમેરો થયો, રગેરગે ક્રોધાગ્નિ પ્રજળિ રહ્યા, અને તેની સઘ જ્વાળાથી તેમણે રાજા દ્રુપદને ભસ્મિભુત કરી નાખવા ધાર્યુ દ્રોણની આ ધારણા બ્રાહ્મણ સ્વભાવનુ દિગ્દર્શન આપે છે, એ ખરૂં. પણ તેના પત્યે ખરેખર ગુસ્સા ઉપજે એવું રાજા દ્રુપદે દ્રોણ સાથે અઘટિત, અછાજતું વર્તન ચલાવ્યું હતું. રાજા દ્રુપદ ગુરૂને ઘેરથી ગયા પછી રાજવિભૂતિથી વિભૂષીત થયો, દ્રોણ દારિદ્રી રહ્યા, દારિદ્રાવસ્થા સાધન સંપન્ન મિત્રની સહાયતા મેળવવાને માર્ગે જનમનને પ્રેરે છે, ખરા મિત્રની કસોટી આપત્તિના પ્રસંગમાંજ થાય છે. દ્રોણ આપ-

સ્તિના સંજોગોથીજ આશ્રય અર્થે દ્રુપદના દરબારમાં આવ્યા હતા, તેમને ખાત્રી હતી, કે મારૂં દારિદ્ર રાજા દ્રુપદ અવશ્ય નિવારશે, પણ તેમા તેમને નિષ્ફળતા મળી; રાજા દ્રુપદ મિત્ર ધર્મ મુદલ વિસરી ગયો. ઉલટું તેણે અપમાનથી દ્રોણનુ હૃદય ભેદયુ, તેમના અંતરમા દારિદ્રતાના દુખના અગ્નિ સળગતા હતો, તે ઓલવવાને બદલે તેમા તિરસ્કાર રૂપી ઘી હોમ્યું, દ્રુપદનુ આ આચરણ ક્ષમાપાત્ર નહોતું. દ્રોણે તેને શિક્ષા કરવાનો સંકલ્પ કર્યો મિત્ર દ્રોહ શિક્ષાપાત્ર છે, એટલે કદાચ દ્રોણ તેને શીક્ષા ન આપે, તો ઇશ્વર પણ તેને તેના આચરણનુ ફળ ચખાડ્યા વિના રહે નહીં રાજા દ્રુપદ રાજવૈભવનુ અપાર સુખ ભોગવતો હતો, તેને કઇ લક્ષ્મીનો તોટો નહોતો દ્રોણાચાર્ય દારિદ્રતાથી દુખી હતા, તેમના ગૃહમંદીરમા ટકનું અન્ન પણ મુશ્કેલીએ મળતું હતું, ઘણીવાર બાળકો ક્ષુધાતુર થઇ રોકકળ કરી મુકતાં હતા, પત્ની, પતિના તરફ દીન મુખે દ્રષ્ટિ કરી સંસાર સ્થિતીનું દુખદ-ચિત્ર રજુ કરતી હતી, અને દ્રોણને તે અસહ્ય વેદના રૂપ થતું હતું. પણ શું કરે ? દારિદ્રતા ફેડવી, એ

દિનાનાથના હાથમાં હતું. માણસને જરૂરીઆત લાચાર બનાવે છે, અને તેથીજ કઠોર કે કૃપણજનો પાસે દિનતા દર્શાવવાની ફરજ પડે છે. દ્રોણ તેવાજ સંજોગોમાં મુકાયાથી આશ્રય અર્થે દ્રુપદ પાસે ગયા હતા. સંજોગ એવો બન્યો કે, એક દીવસ દ્રોણના બાળપુત્ર અશ્વસ્થામાએ પાડોસીના પુત્રને પય પ્રાસન કરતા જોઇ તેણે દુધ ખાવાને હઠ કરી, હૃદયભેદક કલ્પાન્ત આદર્યું. માબાપોની શું સ્થીતિ છે? તેઓ કેટલા કષ્ટે ઘર વહેવાર નિભાવે છે? તેની અજ્ઞાન શીશુઓને શી ખબર પડે? તેઓતો એમજ જાણે કે, આપણે બાપલાખ ચાળીસનાં બેટાબેટી છીએ, અને તેથી શ્રીમાન યાને સાધનસંપન્ન માબાપોનાં સંતાનો,જેવુ ખાતાં પીતાં હોય, પહેરતા ઓઢતા હોય, અને જે સુખ વૈભવ ભોગવતા હોય, તેવુ મેળવવાનો મનોભાવ રાખે, તેને માટે માબાપોને સંતાપ! અશ્વસ્થામાએ દુધને માટે માતાને સંતાપવાની ?ી?ા ન રાખી. દ્રોણનાં ધર્મપત્નિએ દુધ લાવવુ ક્યાથી? તેમણે દક્ષતા વાપરી દુધ કહી ચોખાનુ ધોવણ પુત્રને પીવા આપ્યું, બાળહઠ ડાહી માતાઓ સમ-

જાવટથી અથવા યુક્તિથી મટાડી શકે છે, ચંદ્ર જોઈ તે લાવી આપવાની બાળક હઠ કરે, ત્યારે થાળીમાં પાણી ભરી તેનું પ્રતિબીંબ બતાવવાથી બાળક શાન્ત પડે છે. સ્વાદની ખબર નહોતી, દુધ ધોળું ને ચોખાનું ધોવરામણ પણ ધોળું ! અશ્વસ્થામા એથી શાન્ત પડ્યા. પણ એ વખતે દ્રોણનાં ગૃહીણિને પોતાના ગૃહરાજની પરિસ્થીતિને માટે કેટલો પરિતાપ થયો હશે! તેનો ખ્યાલ જેને દારિદ્રાવસ્થાનો અનુભવ નથી, તેને શી રીતે ધ્યાનમા આવી શકે ? અહા ! નિર્ધન કુટુમ્બોમા સંતાનોને સતોખવાના સંતાપથી માબાપોનાં કાળજાં કેટલાં શેકાય છે ? દ્રોણની હૃદયસ્થિતિનું તે સમયનું સત્ય ચિત્ર જોયુ હોય, તો વજ્રમય મનુષ્ય પણ કરૂણાથી ગદગદિત થયા વિના રહે નહીં. દારિદ્રાવસ્થા ફેડવાનો અન્ય ઉપાય હતો નહીં, ને ટાળવાને ઉપાય માત્ર એટલોજ સુઝયો કે, રાજા દ્રુપદ મારો સાહધ્યાયી મિત્ર છે, માટે તેની પાસે જઇશ, તો અવશ્ય મને આશ્રય મળશે, અને મારૂં દ્રારિદ્ર ટળશે દ્રોણગુરૂ જેવા મહાત્માને એવો ખ્યાલ ક્યાંથી આવે કે, પૂર્વનો સબધ ઉંચાધિકારને પામ્યા

પછી સુરક્ષિત જાળવી રાખનારા, અને દુખી મિત્રને મદદ કરનારા અવનીમાં જવલ્લેજ હોય છે. ઘણા તો ઉંચે ચઢયા પછી સ્નેહ સબંધ ભુલી જાય છે, ઉચે ચડયા પછી નીચે નજર પણ કરતા નથી, મદાંધતા તેમને ઘેરી લે છે. રાજા દ્રુપદની એજ સ્થિતિ હતી. રાજમદથી સ્નેહ સબધ તે ભુલી ગયો, મિત્ર ધર્મ—કે રાજ ધર્મ, અરે ! ક્ષત્રી ધર્મ સાચવવાની પણ તેણે સ્પૃહા ન કરી, ઉલટા દ્રોણને અનુચરો પાસે ધક્કા મરાવી રાજ સભામાથી બહાર કઢાવ્યા, તિરસ્કાર કરી તેમનું દીલ દુખાવવામાં કીંચીત કમીના રાખી નહીં. આથી દ્રોણે " પેટનો બળેલો ગામ બાળે " એ કહેવત પ્રમાણે, દ્રુપદને રાજભ્રષ્ટ કરી નિચો નમાવવાને અને તેમ કરીને ઉપરોક્ત વૈરનો બદલો લેવાને મન સાથે નિશ્ચય કર્યો, અને ત્યાથી ચાલી નીકળ્યા. કોઈ ક્ષત્રીકુમારને સપૂર્ણ ધનુર્વિદ્યા શીખવી તેના દ્વારે પોતાનો મનોર્થ સીદ્ધ કરવાની ધારણા બાંધી, તેઓ હસ્તિનાપુર આવ્યા, અને પાંડવ કૌરવોને અસ્ત્ર શસ્ત્ર વિદ્યાનું શિક્ષણ આપવાની યોજના કરી. તેમની શાળામા અન્ય અનેક નૃપતિ-

ઓના કુમારો પણ ધનુર્વિદ્યા શીખવા આવ્યા. પાંડવ કૌરવોએ દ્રોણ ગુરૂ પાસેથી સંપૂર્ણ ધનુર્વિદ્યા સંપાદન કરી, અને અભ્યાસ પરિપૂર્ણ થયા પછી તેમણે દ્રોણને ગુરૂ દક્ષણા માગવાને વિનંતી કરી. દ્રોણે એજ માગ્યું, કે રાજા દ્રુપદે મારૂં અપમાન કર્યું છે, માટે તેને જીતી-રાજભ્રૃષ્ટ કરી, બાંધીને મારા સન્મુખ લાવવો; દ્રોણનો એ હેતુ સફળ થયો. અર્જુને ગુરૂની ઈચ્છા પૂર્ણ કરવાનું બીડું ઝડપ્યું, ગુરૂ પાસેથી પ્રાપ્ત કરેલી વિદ્યા ગુરૂની પ્રસન્નતા મેળવવાને માટે અજમાવવાની ઉત્સુકતા દેખાડી, તેણે રાજા દ્રુપદ સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો, અને રાજભ્રૃષ્ટ કરી બંધીવાન બનાવી ગુરૂ દ્રોણાચાર્ય પાસે આણ્યો. રાજાને જોઇ દ્રોણ બોલ્યા, અલ્યા દ્રુપદ! હુ કંગાલ વિપ્ર, અને તું સમર્થ રાજા! પણ હવે તને તારા સામર્થ્યની ખબર પડી કે? કયાં ગયું તારૂં ઐશ્વર્ય? કયાં રહી તારી રાજ વિભૂતિ? તારા અહંકારનું તને ફળ મળ્યું. દ્રુપદને દ્રોણનાં તિક્ષણ વેણ હૃદય ભેદક થઇ પડયાં, તે શરમીંદો પડી ગયો, તેના વદન કમળ ઉપર સર્વત્ર મ્લીનતા

છવાઈ ગઇ, શું કરે? મનુષ્ય ઉંચે ચઢયા પછી નીચે પડે છે, ત્યારે તેને પરોપકાર કે જનહિત કરવાને સાંપડેલી સમય સંધી વ્યર્થ ગુમાવવા માટે પૂર્ણ પશ્ચાતાપ કરાવે છે, અને ઉન્નત દશામાં પોતે દેખાડેલી ઉચ્છંકળતા, અવિચારીપણું ઇત્યાદીનું તેને તે વખતે ભાન થાય છે. દ્રુપદને તે વેળાએ દ્રોણ પ્રત્યે વાપરેલી કઠોરતા, અને અયોગ્ય વર્તન ચલાવેલું, તેનું ખરૂં ભાન થયું, ખેદની સાથે ક્રોધે તેના હૃદયમાં સ્થાન લીધું. ક્રોધ દર્શાવી શકે, એવી તે વખતે તેની સ્થીતી નહોતી, પરાધીન અને સાધન રહિત હતો, તેથી સમયોચીત ક્રોધને હૃદય પટ નીચે છુપાવી, દ્રોણની તેણે સવિનય ક્ષમા માગી, નમન કર્યું. દ્રોણને એજ જોઈતું હતું. તેમણે દ્રુપદને બંધન મુક્ત કરી સસ્નેહ આલીંગન આપ્યું, અને અરધું રાજ્ય સોંપી અરધું પોતાને સ્વાધીન રાખ્યું. દ્રુપદ પરાજય પામ્યાથી બહુ લજીજત થયો. છુટો થયા પછી દ્રોણ પ્રત્યેનો જે ગુસ્સો તેના હૃદયમાં છુપાઇ રહ્યો હતો, તે પૂર્ણ રીતે પ્રકટી નીકળ્યો. અને તેના આવેશમાં ત્યાંથીજ બારોબાર વનમાં

ચાલ્યો ગયો. તેનો ઉદ્દેશ કોઈ પણ પ્રકારે ઇષ્ટની પ્રસન્નતા મેળવી દ્રોણનો વિનાશ કરવાનો હતો. ગંગા તટે રાજ ને ઉપયાજ નામના સમર્થ મહર્ષિ ભાઈઓનો આશ્રમ આવ્યો, ત્યા જઇ તેણે તેમને સાષ્ટાંગ દંડવત કર્યા, પોતાના વિતકનુ યથાસ્થિત વૃતાંત્ત નિવેદન કર્યું, અને યાચના કરી કે કૃપાનાથ! દ્રોણે મને દુખ દીધું છે,તેમને મારે-સંહારે, એવો સબળ અયોની પુત્ર પ્રાપ્ત થાય, એવો કંઈ ઉપાય બતાવો. એક સંવત્સર રાજા દ્રુપદ મહર્ષીઓની સેવામાં રહ્યો, અને તેમને સતુષ્ટ કર્યા. પરીણામે પ્રસન્ન થઇ રાજાને તેમણે યજ્ઞ કરાવ્યો, એ યજ્ઞના હોમકુંડમાથી હેમકવચ, કીરીટ, કુંડળયુક્ત રથખડગ સહીત અસ્ત્ર શસ્ત્ર સજેલો ધૃષ્ટધુમ્ન કુમાર નિકળ્યો, અને વેદીમાંથી સાક્ષાત પાર્વતી જેવાં પાંચાળી પ્રકટ થયાં! રાજા અભિષ્ટ સીદ્ધીથી આનંદ પામ્યો, અને મહર્ષીઓનો મહત ઉપકાર માની તેમના આશિર્વચનના ઉદગાર સાથે સ્વસ્થાને સીધાવ્યો. રાજકુંવરી અને રાજકુંવરસહ રાજાનું આગમન થતાં રાજ ભૂવનમાં સર્વત્ર આનંદ અને જયજયકારનો

ધ્વનિ ગાજી રહ્યો. યજ્ઞ વેદીમાંથી ઉત્પન્ન થએલાં રાજકુમારી દ્રૌપદી એક સામાન્ય સ્ત્રી નહોતાં, પણ પતિવ્રત ધર્મમાં પ્રપૂર્ણ સર્વોત્તમ સાધવી હતાં. અપાર કષ્ટે પણ તેમણે પોતાના પાતિવ્રત્તનો ત્યાગ કર્યો નથી, સ્વધર્મમાં સુદ્રઢ રહી, સર્વદા શ્રેય સાધવાનીજ સ્પૃહા રાખી છે, પ્રાણાન્તે પણ ચિત્તને ચલિત થવા દીધું નથી, અનેક આફતો આવવા છતાં શિયળ સાચવવાને અડગ–અચળ રહ્યાં છે, અને સંપૂર્ણ શ્રદ્ધાથી પ્રભુ ભકતીમાં તલ્લીન રહી, પોતાનું અને પોતાના પતીનું હિત કરવાને એક હરી સીવાય અન્યનો આશ્રય ઇચ્છયો નથી, એ પુનિત પ્રમદા-સુશીલ સતિનું ચરિત્ર મલિનતા ટાળી, પવિત્રતા પ્રાપ્ત કરાવે, આત્મકલ્યાણની સીદ્ધી આપે એવું અનુપમ, ઉત્કૃષ્ટ છે, આર્ય બાળાઓને અક્ષરસઃગ્રહણ કરવા યોગ્ય બોધક યાને સુમાર્ગ દર્શક છે, એમ આગળ વાંચવાથી જણાશે.

દ્રૌપદી સ્વયંવર.

દ્રુપદ કુમારી દ્રૌપદીનું યોગ્ય વય થતાં રાજાએ તેનું પાણીગ્રહણ કરાવવાનો નિશ્ચય કર્યો. સાંપ્રત સમયે ભારત વર્ષમાં જે પદ્ધતિથી લગ્નો થાય છે, તેવાં લગ્નો તે કાળમાં થતાં નહોતાં હમણાં પૂત્રીએ વર પસંદ કરવાની પૃથા કયા છે? પુત્રીને પુછે છે પણ કોણ? ઉચ્ચ સંસ્કાર વાળી બાળાઓ પણ કયાં છે? હોય તોજ પતિની લાયકાતની પરીક્ષા કરી શકે આધુનીક લગ્નોમાં ઘણાં તો "લાકડે માંકડું" વળગાડવા જેવાં થાય છે! લગ્નનો અર્થ એવો વિપરિત કરી નાંખ્યો છે કે, તેને ખરાં લગ્નો કહી શકાયજ નહીં. ઘણે પ્રસંગે રૂપ, ગુણ, કે ઉમર સુદ્ધાંતની યોગ્યતા જોવાતી નથી. જુએ છે તો પણ તેમાં બાહ્ય સુંદરતાથી અંજાઇને લગ્નની ગાંઠ બાધવામાં આવે છે. અને તેમાં "સોનું જોઇને સંગ કર્યો ને કર્મે નીકળ્યું કથીર" તેની પેઠે નિરાશા પ્રાપ્ત થવા જેવું બને છે, અને પસંદગી કરનારને પશ્ચાતાપનું કારણ ભૂત થાય છે રાજા દ્રુપદે દ્રૌપદી

ને માટે સ્વયંવર રચ્યો, અનેક દેશના નૃપતિઓ ભારે ઠાઠમાઠ સાથે દ્રૌપદીને વરવાની આશા રાખી ઉત્સાહથી આવ્યા. સ્વયંવર મંડપની રચના રમ્ય હતી, મહિપતીઓ વિવિધ વસ્ત્રાભૂષણો સજી સ્વયંવર મંડપમાં ઉચિત આસનો ઉપર બિરાજમાન થયા હતા. પાંડવો એ વખતે વિપ્રના વેશમાં હતા, વેદ વ્યાસની પ્રેરણાથી તેમનું સ્વયંવરમાં આગમન થયું હતું, રૂષી–મુનીઓના સમુહમાં તેમણે સ્થાન લીધું હતુ. રાજા દ્રુપદે સર્વના સમક્ષ સભા મંડપમાં આવી મોટા સ્વરે કહ્યું કે "આ ધનુષ્ય વડે આ ચક્ર ભેદીને, આ મચ્છનું નયન વીંધશે તેને રાજકુમારી દ્રૌપદી વરશે." રાજાનો આ ઉદ્દગાર સાંભળી કેટલાક નૃપતિઓતો સ્તબ્ધજ બની ગયા, કેટલાકે પાંચાળીને વરવાની બાંધેલી આશા, રાજાના શબ્દો સાંભળીને અસ્તોવ્યસ્ત થઇ ગઈ, અને તેથી તેમનાં પ્રફુલિત વદનકમળો ક્ષણમાં કરમાઇ ગયાં–નિસ્તેજ થઈ રહ્યાં. કેટલાક ગણગણવા લાગ્યા કે, પાંચાળ નરેશે પૂત્રીને સાૈંદર્ય સંપન્ન કે વૈભવ વિભૂતીથી વિભૂષીત પતિ સાથે પાણી ગ્રહણ નહીં કરાવતાં

આવો સંકલ્પ કરવામાં ઘણી ગંભીર ભુલ કરી છે ! રાજા દ્રુપદ ભુલ કરે તેવા નહોતા. તેઓ એકલા સૌંદર્યને ચ્હાતા નહોતા, વૈભવ વિભૂતીને તો તેઓ વિશાતમાં પણ ગણતા નહીં, તેમને તો ક્ષાત્રત્વનીજ સ્પૃહા હતી, વિર વિભૂતીથી વિભૂષીત પતિના હાથમાંજ દ્રૌપદીનું કાંડુ સાંપવાનો તેમણે મનોભાવ રાખ્યો હતો, રૂપ–સ્મૃદ્ધી સાથે ગુણની આવશ્યકતા તે વીશેષ સ્વીકારતા હતા, તેમાં ક્ષત્રીને માટે વિરતાની કીંમત તે અધીક આંકતા હતા, અને તેથીજ તેમણે મચ્છ વેધનો સંકેત કરી સ્વયંવર રચ્યો હતો. તેમને ખાત્રી હતી કે ઉક્ત કાર્યમાં અર્જુન સીવાય કોઇ વિજયવંત થશે નહીં. અર્જુનના પરાક્રમનો તેમને અનુભવ થયો હતો, અર્જુને ગુરૂ દક્ષણામાં દ્રોણે કરેલી યાચનાનો સ્વીકાર કરી દ્રુપદને હરાવ્યો હતો, અને તે વખતથીજ અર્જુનના ક્ષાત્રત્વને માટે તેને પ્રત્યક્ષ પ્રતિતી થઇ હતી, દ્રૌપદી અર્જુનનેજ વરવા યોગ્ય છે, અને તેથી અર્જુન જ્યા હશે, ત્યાંથી સ્વયંવરમાં અવશ્ય આવશે, એમ રાજા દ્રુપદે ધાર્યું હતું. પણ જ્યારે મહીપતિ મંડળમાં

તે માલમ ન પડયો, દુર્યોધનાદિ હતા, તેઓથી મચ્છ વીંધી શકાયો નહિ, સૌ એક બીજાના સામું જોઇ નિચાં નયન ઢાળી દિગ્મુઢ બની બેસી રહ્યા, ત્યારે દ્રુપદ વિચારમાં પડયો,કે અર્જુન દેખાતો નથી, અન્ય નૃપતિઓ દૈવત વીનાના દેખાયા છે, ત્યારે હવે કરવું શું ? પૂત્રીના પિતાને જ્યારે લાયક પતિ મળતો નથી, ત્યારે તેના ઉદ્વેગનો પાર રહેતો નથી. રાજા દ્રુપદ ઉદ્વેગમાં પડયા, એટલામાં કર્ણ કોડથી ઉઠયો, અને ધનુષ્ય કરમાં ગૃહણ કરી પ્રત્યંચા પકડી બાણ ચઢાવતાં પહેલાં તો તેના મર્મસ્થાનને ભેદી નાખે, એવા શબ્દોનો તેની શ્રવણેંદ્રિ ઉપર પ્રહાર પડયો, અને તેના મારથી ધ્રુજતાં ધનુષ્ય નિચે મુકી મ્લાન મુખે નિચું જોઈ હળવેથી પોતાના આસન ઉપર જઇ બેઠો. શસ્ત્રના પ્રહાર કરતાં શબ્દ પ્રહાર વીશેષ કારી અસર કરે છે. કર્ણના કરમાં ધનુષ્ય જોતાંજ અરે! કોણ?એવો પ્રશ્ન પાંચાળીએ કર્યો હતો. એથી દાસીએ વીદીત કર્યું હતું કે ભગવતી ! એતો દાસીપુત્ર કર્ણ છે? આ સાંભળીને દ્રૌપદી બોલી ઉઠયાં કે, એ ક્ષત્રાણીનો

સુત નથી. માટે એ કદાચ મચ્છને વીંધશે, તો પણ હું તેની સાથે પાણી ગ્રહણ નહીં કરૂં. આ શબ્દો કર્ણને વજ્રબાણ જેવા વસમા લાગ્યા હતા, પણ શું કરે ? ક્રોધાગ્નિથી બળતા હ્રદયે તે તો ત્યાં બેસીજ રહ્યો, હવે મચ્છ કોણ વીંધશે ? રાજા દ્રૌપદી કોને વરાવશે ! એ પશ્નોએ દરેકના અંતરમાં સ્થાન લીધું, દુર્યોધન તો ધારતો હતો કે કુંતા માતા સહ પાંચ પાંડવ ભાઇઓ લાક્ષાગૃહમાં ભસ્મિભૂત થઇ ગયા છે, અર્જુનનું અવનીમાં અસ્તિત્વજ નથી, તેથી મચ્છવેધ થવાનો નથી, અને તેથી છેવટ રાજા દ્રુપદ પોતાનો સંકલ્પ ફેરવી મનેજ દ્રૌપદી પરણાવશે; પણ ભાવીની ગતી અકળ છે, ભાવી યોગથી પાંડવો લાક્ષાગૃહમાંથી બચ્યા હતા, અને ત્યારથી બ્રાહ્મણના વેશમાં વિચરતા હતા; અને એજ વેષમાં સ્વયંવરની રચના નિહાળવા આવ્યા હતા ! અહા ! અર્જુન નથી ! આવો રાજા દ્રુપદ મુખથી ઉદ્‌ગાર કાઢે, તે પહેલાંતો જેના વદનકમળ ઉપર, બ્રહ્મચર્યનું તેજ ઝગારા મારી રહ્યું છે, જેના સર્વાંગમાં ક્ષાત્રત્વનો દિવ્ય પ્રભાવ ભાસે છે, એવો એક પુનીત

પુરૂષ બ્રાહ્મણ સભામાથી ઉભો થયો, તેના તેજથી સર્વ ભુપતિઓ ઝાંખા પડી ગયા, એ અર્જુનજ હતો તેને જોતાં રાજા દ્રુપદનું હૃદય આનંદથી ઉભરાઈ ચાલ્યું, દ્રૌપદીની સખીઓએ તેને જોતાંજ એ ઉદ્ગાર કાઢયો કે બાઈ! આ વિરપુરૂષ મચ્છવેધ કરશે, ને તમને વરશે ! બ્રાહ્મણ સભામાથી આવીને અર્જુને ધનુષ્ય ઉપાડયું, અર્જુન વિપ્રના વેશમાં હતા, પણ તેની કુલીનતા, ક્ષાત્રત્વ ઇત્યાદી સદ્ગુણો છુપા કેમ રહે ? છુપા ન રહ્યા, સર્વ કોઈ ઓળખી ગયા કે એ વિર અર્જુનજ છે. અર્જુનને પોતાના આત્મબળ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી, મચ્છને વીંધવો એતો તેને મન રમત જેવું હતું પાડુકુમારને પેખી દ્રૌપદી હૃદયમાં પ્રસન્ન થયાં, અને જોતજોતામાં તો અર્જુને મચ્છવેધમાં વિજય મેળવી, પોતાનું પરાક્રમ પ્રદર્શીત કર્યું. દ્રૌપદીએ સહર્ષ અર્જુનના કંઠમા વરમાળા આરોપી, અને સર્વત્ર જયજયકારનો ઘોષ સંભળાવા લાગ્યો; પુષ્પવૃષ્ટી થઇ રહી; દુંદભિના નાદથી દિગન્ત પર્યંત અર્જુનના વિજયનો ધ્વનિ પહોંચી ગયો. અહીં દ્રૌપદીની પસંદગીની સ્તુતી એટલા માટે કરવી જોઇએ

કે, તેણે કર્ણ ગમે તેવો પરાક્રમી–વિરધીર અને સૌંદર્ય સંપન્ન છતાં તેની ઉપેક્ષા કરી, અને જાત જોવાની આવશ્યક્તા સ્વીકારી. બેશક " જાત તે જાત ને કજાત તે કજાત " એ કહેવત કંઇ ખોટી નથી. મૃતિકાપાત્રને લાગેલી ગંધ અનેક યત્ને પણ દુર થવી દુર્લભ છે. તેવીજ રીતે વર્ણસંકરતા તેનોપરિણામે પણ ભાવ ભજવ્યા વીના રહેતી નથી. તે તેનો ભાવ ભજવે છે, કુળને લજવે છે. માણસ કે પશુ આખર તેની જાત ઉપર ગયા વિના રહેતું નથી. ક્ષાત્રત્વ રહિત નિર્વિર્ય પ્રજોત્પત્તીનું કારણ વર્ણસંકરતાજ છે. આ કારણથીજ દ્રૌપદીએ કર્ણનો અનાદર કર્યો, અને તેમાં ખોટું શુ છે ? આધુનીક સમયે વર્ણવ્યવસ્થા વિછીન્ન કરી નાખવાને કેટલાક કથે છે! મથે છે તેમને દ્રૌપદીનું ચરીત્ર સદ્ય શીખવશેકે તેમનો મનોભાવ હય તથા ખરને એકત્ર કરવા જેવો છે, હા ! હયને ખરનાં લક્ષણ લાગુ પડશે ! પણ ખર તે હય ન જ થાય. જુઓ ! મોગરાને હીંગનો સ્પર્શ થતાં શું હીંગ મોગરાની સુવાસ દેશે કે ? ના, તેતો હીંગજ રહેશે. અને મોગરાની સુવાસ નષ્ટ થઈ

જશે, તે પણ હીંગનો વાસ આપશે. કર્ણ દાસીપુત્ર હતો, વિર ક્ષત્રીબાળાનો કુમાર નહોતો, એટલે તે સંસ્કારી ન હોય, એમ દ્રૌપદીએ માન્યું, તેની એ માન્યતા ખરી હતી; અને તેથી જ દ્રૌપદીએ કર્ણને કટુ વચન સંભળાવી સ્વતંત્રાથી પોતાની ઇચ્છા પ્રદર્શીત કરી. અને આર્યબાળાઓને શીખવ્યું, કે પતિની પસંદગી કરવામાં જાત, ગુણ, સૌંદર્ય અને પછી સમુદ્ધી એમ અનુક્રમે જોઇ, લગ્ન કરવાની આવસ્યક્તા છે. અને એવી ઉંચ સમજ શક્તીથી લગ્નો થાય, તો પ્રજા નિર્માલ્ય, નિર્વિર્ય નીપજેજ કેમ ? પિતા પવિત્ર અને માતા દ્રઢ મનોબળવાળી હોય, તો તેમનાં સંતાનો સૃષ્ટીના સ્થંભરૂપ, સુચરિત્રવાળાંજ પેદા થવાં સંભવે છે. કર્ણ દાસીપૂત્ર હતો તેથી દ્રૌપદી જેવી વિચારશીલ બાળાએ તેના પ્રત્યે અરૂચી દર્શાવી, અર્જુનને વરમાળા આરોપી; જુગતે જુગતુ જોડુ બંધાયું. પતિની પસંદગી કરવામાં જેમ દ્રૌપદીએ દ્રઢ મનોબળ દાખવ્યું છે, તેવીજ તેની દ્રઢ પતિભક્તી, અને સતીત્વનું સંરક્ષણ કરવામાં અદ્‌ભુત આત્મબળ આગળ તેના ચરિત્રમાંથી દ્રષ્ટિગોચર થશે.

પાંચાળી પાંચ પતિના પત્ની.

અર્જુને મચ્છવેધમા વિજય મેળવ્યો, ને દ્રોપદીએ અર્જુનને વરમાળ આરોપી, એથી પાંડવોનું પ્રતાપ બળ વધ્યું, કૌરવોથી સહન ન થયું, કર્ણને ક્રિધા હતો, અને તેણે પ્રારંભથીજ કૌરવોનો પક્ષ ગ્રહણ કર્યો હતો તેમની સાથે મળી પાંડવો પ્રત્યે વૈરની દ્રષ્ટીથી જોવા લાગ્યો ભીમ ભડભડીઓ હતો, તેણે ઉતાવળે માતા કુંતા પાસે જઇ વધામણી ખાધી કે " અમે ઉત્તમ ભીક્ષા લાવ્યા " ભીક્ષા એજ હતી કે અર્જુને મચ્છવેધમા વિજય મેળવી પાંચાળીની પ્રાપ્તી કરી, પણ માતા કુંતા પાસે " ભીક્ષા લાવ્યા " એટલું મોઘમજ જણાવ્યું. અને તે સાભળીને માતાએ પાચે ભાઇઓને તે વહેચી લેવાનો ઉદ્‌ગાર કાઢયો. માતાનો એ ઉદ્‌ગાર શ્રાપરૂપ સમજાય તેવો હતો, છતા અર્જુને એ વચન માથે ચડાવ્યાં. અહા! શું આત્મભોગ યાને સ્વ સ્વાર્થનું બળીદાન આપવાની અર્જુનની ઉત્સુકતા, માતાનું વચન વ્યર્થ ન જાય, તેટલા માટે પાચે ભાઇઓએ પાંચાળી સાથે પાણી

ગ્રહણ કરવાને નક્કી કર્યું. રાજા દ્રુપદે જાણ્યુ, કે પુત્રી પાંચાળી પાંચ પુરૂષની પત્ની થવાની છે, આથી તેને બહુ ખેદ થયો. તેના મનમા તો આવ્યુ, કે આવુ અનુચિત આચરવામા અનુમતી અપાયજ કેમ? લૌકિક રિવાજથી રાજાને તો એ ઉલટુ જ લાગ્યું, પણ રૂષી નારદ પહોચ્યા, અને તેમણે સમ જાવ્યું કે જોવામાં માત્ર પાચ પાંડવ જુદા છે, પણ તે એકજ છે. તારી પૂત્રી સાક્ષાત પાર્વતીનો અવ-તાર છે, અને પાંડવો શંકરરૂપ છે. વળી દ્રૌપદીએ પૂર્વે અનૂપમ તપશ્ચર્યા કર્યાથી શંકરે પાચવાર વર માગવા કહેલું, દ્રૌપદીએ સારો પતી માગ્યો, શંકરે પાચવાર વર માગવા કહ્યું, પણ દરેક વેળાએ સારો પતિ આપવાની જ ત્રીપુરારી પાસે યાચના કરી, અને શીવજીએ તેનો સ્વિકાર કરી "તને સારા પાચ પતી મળશે" એવું વરદાન આપ્યું. સામાન્ય રીતે જોતાં શીવનું આ વરદાન નહીં, પણ શ્રાપ સમજાય, પણ વાસ્તવીક રીતે તેમ નહોતું. પાંડવ ભાઇઓ દેખવામાં પ્રથક પ્રથક હતા, પણ જેમ ઇશ્વર જુદા જુદા રૂપથી, જુદા જુદા નામથી પ્રત્યેક વ્યક્તિમાં

વ્યાસમાન છે, તેવી રીતે યુધિષ્ટર, અર્જુન, ભીમ, નીકુળ, સહદેવ એ પાંચ સ્થુળ દેહથી ભિન્ન દેખાતા હતા, પણ તેઓ આંતર્ગત એકજ વ્યક્તી, એકજ મુર્તીમાન હતા. નારદની સમજાવટ સાથે શ્રી કૃષ્ણના અનુમોદનથી દ્રુપદની પ્રતિતી થઈ, અને તેણે પાંચે પાંડવ સાથે દ્રૌપદિનું પાણી ગ્રહણ કરાવ્યું. પૂર્વ વૃતાંત દ્રૌપદીને વિદીત હતું, તેનું વિસ્મર્ણ થયું ન હોતું, એટલે તેણે કુંતા માતાનાં વચન અંગીકાર કર્યા, અને પાંચ પાંડવોની પત્ની થઈ તેમની સેવા કરવાનું માન્ય કર્યું ગૃહસ્થાશ્રમ ભોગવવાને નારદે પ્રત્યેકને માટે બે માસને બાર દીવસનો અવધી ઠરાવી આપ્યો. પાંચે પાન્ડુ કુમાર અને દ્રૌપદીએ કુંતા માતાના મુખમાંથી સ્વાભાવિક રીતે નીકળેલાં વચનનું યથેચ્છ રીતે પ્રતિપાલન કર્યું. અહા ! પાંચ ભાઈઓ વચ્ચે એક પત્નિ છતાં તત્ સબંધે કીંચીત કલેશ કદાપિ થયો નથી. થાય કેમ ? પ્રત્યેક ધર્મને અવલંબન કરનારાં હતાં, ન્યાયથી વર્તનારાં હતાં, મજબુત મનોબળ વાળાં હતાં. ધર્મના વારામાં એક વખત રાજા યુધિષ્ટર અને દ્રૌપદી એકાન્તવાસમાં

હતાં, ત્યા ભુલથી અચાનક અર્જુન જઇ ચઢયો, કરાર એવો હતો કે જેની જાણે વા અજાણે આવી કસુર થાય, તેને બાર વર્ષ વનવાસ વેઠવો પડે. અર્જુન એ કરારને અનુસરી વનવાસ વિચર્યો. જ્યાં ન્યાયનીતિ આવી નિર્મળ હોય, ત્યાં અધર્મ–અનાચારને પ્રવેશ કરવાને અવકાશ કયાંથી મળે ? અર્જુનનું ઔદાર્ય અનુપમ કે જેણે સ્વપરાક્રમથી સ્વયંવરમા વિજય મેળવી, દ્રૌપદીના હાથથી વરમાળા પહેરી હતી, તેની સાથે લગ્ન કરવાનો હક તેનો એકનોજ હતો, છતાં માતાના વચનનું પ્રતિપાલન કરવાને ખાતર, તેણે પાંચાળીને પાંચે ભાઇઓની પત્ની થવામાં કીંચીત આનાકાની કરી નહીં, કે અણગમો બતાવ્યો નહીં. વળી તે તેનીજ પ્રથમ પ્રાપ્ત કરેલી છતાં ધર્મના એકાન્ત ભુવનમાં પ્રવેશ કરવાનો પ્રસંગ બન્યાથી, વનવાસની વિટમ્બણા નિશ્ચળતાથી વેઠી લીધી. અહો ! આવી ન્યાયબુદ્ધીનો જ્યાં મુર્તિમાન નિવાસ હોય, તેને તો દિવ્ય–દેવતાઈ ભુવનનીજ ઉપમા ઘટે. અહો ! આર્ય પુત્રો માતાપિતાની આજ્ઞા પાળવામાં કેટલા દ્રઢ, અને

ભાઇઓ પ્રત્યે કેવી ઉદારતા રાખનારા હતા, તે અર્જુનના દ્રષ્ટાન્તથી સ્પષ્ટ દ્રષ્ટિગોચર થાય છે. અત્યારે વડિલોની આજ્ઞાને માન આપી તેને અનુસરનારા સંતાનો કયા છે? અને પરસ્પર ઔદાર્ય દર્શાવનારા બંધુઓ પણ કયાં છે? અત્યારે તો ઘણા "મારૂં મારા બાપનું ને તારૂ મારૂં સહીચારૂ" એ નીતિને અનુસરનારા નિષ્ઠુર હૃદયના ભાઇઓ ઘણા ભાસે છે, અને તેથી વડીલોપાર્જીત મિલકત વહેંચવામા પણ વિલક્ષણ પ્રકારનો વિગ્રહ ઘણે ઠેકાણે વિલોકીએ છીએ. કેટલાક બાપદાદાની મિલકતમાથી ભાઇને થોડું દેવું પડે, તેટલા માટે યુક્તી-પ્રયુક્તીથી છુપાવવાનો છળ કરે છે, જ્યાં આવી સ્થીતિ છે. ત્યાં પોતાની કમાણીમાથી ભાઇઓને ભાગ આપવાની ઉદારતા વાપરેલી જોવાનો અવસર આવેજ કયાથી? બહુ થોડાજ આવે. અહા! અર્જુન જેવા મોટા મનના યાને ઉદાર આર્યપુત્રોને અભાવેજ આ આર્યાવૃતની અધોગતી થઈ છે! દેવી દ્રૌપદીની દક્ષતા, વિવેક અને ઔદાર્ય પણ તેમના ચરિત્રમાંથી અલૌકિક સ્વરૂપે દર્શન દેછે. તેણે સાસુની

આજ્ઞા સ્વીકારી, તેમનું વચન વ્યર્થ ન જાય, તેટલા માટે પાંચે પાડવની પત્ની થવાનો અંગીકાર કર્યો. લોકાપવાદને લગારે ન ગણકાર્યો. તે સમજતી હતી કે અજ્ઞાન તીમિરથી જેઓને સત્ય સુઝતું નથી, જેઓની જ્ઞાનદ્રષ્ટી નિસ્તેજ છે, તેઓ પાચે પાડવોને પ્રથક પ્રથક સ્વરૂપે જુએ છે, પણ મનેતો તેઓ પાંચે એકજ ભાસે છે, સતી શબ્દોમાંજ નહીં પણ, આચરણથી એકભાવ સીદ્ધ કરી આપતાં હતા, તેણે પાંચે ભાઇઓમાં કોઇના પ્રત્યે કીંચીત ન્યુનાધીક ભાવ દેખાડયો નથી, નારદે નીમી આપેલા નિયમીત સમય લગી, તેણે પ્રત્યેકની પતિવૃતા પત્ની તરીકે પ્રેમથી સેવા કરી છે; સીવાયનાની સાથે દીએર-જેઠ તરીકે વિનય અને સભ્યતાથી વર્તી પોતાનું અનુપમ આત્મબળ દેખાડયું છે સાપ્રત સમયે આર્ય મહિલાઓમા એવું આત્મબળ કયાં છે? વળી હમણાં એક પતિની પત્ની પોતાના પરણેતનું મન સંતુષ્ટ રાખી શકતી નથી, શુદ્ધ ભાવથી પતી સેવામાં પ્રવર્ત રહેતી નથી, કેટલીક કુલક્ષણી કાન્તાઓ ઉલટી પતિને સંતાપે છે, સ્વામિનું હૃદય શેકે છે, અને મન તુરં-

ગને વિપરીત માર્ગે પ્રેરી એવું આચરે છે, કે તે જોતાં ખેદ થયા વિના રહેતો નથી. આજની અબળાઓએ દ્રૌપદીની દક્ષતાનું દ્રષ્ટાન્ત લક્ષમાં રાખવાનું છે. તે સાથે તેના પાતિવૃત ધર્મના કીંચીત અંશથી પણ સંસ્કારી બની સ્વશિયળ સાચવવાનું છે, માતા પિતાએ ગુરૂ અથવા આચાર્ય અને અગ્નિદેવની સમક્ષ તેમની સાક્ષીથી વરાવેલો પતી, એજ તેનીપત્નિનો પ્રભુ છે. તેની આજ્ઞાને અનુસરવાની, તેના સુખે સુખી ને દુખે દુખી રહેવાની, પતિના આપત્તીકાળમાં પણ તેના પ્રત્યે પુજ્યભાવ રાખવાની ધર્મપત્નીની ફરજ છે. એ ફરજ અદા કરવામાં કીંચીંત પાછી પાની પાંચાળીએ કરી નથી. આર્ય બાળાઓ દ્રૌપદીની પેઠે સ્વધર્મ સમજી તેને અનુસરી વર્તશે, ત્યારેજ આર્ય ગૃહસંસાંર ઉજવળ યાને આનંદ જનક સ્વરૂપે દર્શન દેશે, આર્ય પ્રજા ત્યારેજ પૂર્વવત્ સુખ-શાન્તી અનુભવશે.

માબાપોની આજ્ઞા, એતો આધુનીક પ્રજાને વ્યર્થ પ્રતિબંધરૂપ લાગે છે તેમનું વચન પાળવાની પરવા રાખનારાં સંતાનો ભાગ્યેજ જોઇએ છીએ, માત-

પિતાની આજ્ઞા પાળવાને-તેમનું વચન નિભાવવાને ખાતર સ્વભોગ આપનાર-પોતાના સુખ વૈભવ અને વિભુતનું પ્રેમથી બળીદાન દેનાર, ઉદાર સંતાનો પૂર્વે આર્યાવૃત્તમાંજ ઉપજયાં છે. જે કાળે એવાં સંતાનોનું આ ભરતખંડમાં અસ્તિત્વ હતું, ત્યારે દેશની કેવી ઉન્નત સ્થિતિ હતી? એ વાતનું સ્મર્ણ કરતાં વાણુ ગદગદિત થાય છે, કંઠ રૂંધાય છે. અને નયનમાંથી અશ્રુપ્રવાહ ચાલ્યો જાય છે. હમણાં આર્ય સંતાનોને પ્રારબ્ધ યોગે પ્રારંભથીજ એવા સંસ્કાર થાય છે કે, માબાપ યાને વડીલો પ્રત્યેની પુજય ભાવના નષ્ટ થઇ ગઈ છે, તેમની સેવા કરવાની તો સંતાનો સ્પૃહાજ કરતાં નથી, તેમના હિતકર કથનો કાન ધરતાં નથી, વિવેક અને સભ્યતાનો સર્વથા અભાવજ દીસે છે. આથી માબાપોના મનને શાન્તિ આપવાને બદલે, ઉલટાં સંતાનો તેમને સંતાપથી શેકે છે. એ સંતાનોએ પાંડવોની માતૃભકતી, અરસ પરસ પ્રત્યેનું ઔદાર્ય, અને આર્યબાળાઓ એ દ્રૌપદીના દ્રઢ મનોબળ સાથે પતિ પરાયણુતા યુકત આચરણનું અનુકરણુ કરવા જેવું છે, કારણુ કે તેમાંજ શ્રેય છે, એજ મુકિતનું સાધન છે.

પાંચાળીના પતિવૃત ધર્મની કસોટી.

દ્રુપદ તનયા પાંચાળી પતિવૃત ધર્મની કઠિણુ કસોટીમાંથી અનેક પ્રસગે પસાર થયાં છે, અને તે પ્રત્યેક પ્રસંગમાં તેમણે એવું અદ્‌ભુત મનોબળ દેખાડયું છે, કે જેથી એક સર્વોત્તમ સતી તરીકે તેમની ગણુના થાય છે ધર્મરાજા દ્યુતમા રમતાં કૌરવોથી હાર્યા, દુર્યોધને કપટ કળાથી, તેમનું સર્વસ્વ હરી લેવાની, તેમને રાજભ્રષ્ટ કરવાની, અને અપમાન આપવાની ઇચ્છાથી દ્યુતની રચના રચી હતી. યુધિષ્ટર સામે રમનાર શકુની હતો, એ પાપીને પ્રપચી સાથે ધર્મ ન ફાવ્યા, તેઓએ દ્યૂતના દાવમાં રાજયની સર્વ સ્મૃદ્ધી, હય ગજ રથાદિ સર્વસ્વ ગુમાવ્યું, રાજપાટ પણુ ગયું, દાસ દાસી ઇત્યાદી કંઇ બાકી ન રહ્યું. પછી અર્જુન, ભીમ, નીકુળ, સહદેવ સહીત પોતાની જાતને પણુ પણુમાં મુકી, તે પણુ હારી બેઠા. દાવમાં મુકવાને બીજું કશું બાકી રહ્યું નહીં, છેવટે સતી પાચાળીને પણુમાં મુ-

ક્યાં, પ્રારબ્ધ પાંશરૂ હોતું નથી, ત્યારે સઘળા દાવ અવળાજ પડે છે; એ છેલ્લા દાવમાં પણ એમજ થયું. ધર્મ દ્રૌપદીને હાર્યા, ધર્મના સત્યવૃતની અને સતિના આત્મબળ સાથે તેની શુદ્ધ પ્રભુ ભક્તિની કસોટીનો કપરો પ્રસંગ દૈવ ઇચ્છાથી આવી મળ્યો, ધર્માદિ પાંડવો ધૃતિ ન રહે, એવી વિષમ વીટમ્બણામાં આવી પડયા, દુર્યોધન ગર્વથી ફુલાયો, મદાંધતાએ રાજધર્મ, ક્ષત્રીધર્મ, અને કુલાચાર સુરક્ષીત રાખવાનું ભાન ન રહેવા દીધું, સભા જનોને ક્ષોભ થયો, ભિષ્મપિતા મહ અને વિદુરાદિ વડીલોના અંતરમાં ઉદ્વેગનો પાર ન રહ્યો, પણ શું કરે? ક્રૂર કુરૂનંદન દુર્યોધને તેમનો ધર્મ કે નિતિનો બોધ સાંભળ્યોજ નહીં. સાંભળ્યુ તે એક કાનેથી બીજે કાને કાઢી નાખ્યું, તેણેતો પાંડવોનં દાસત્વ સ્વિકારવાની, અને દ્રૌપદીને દાસી તરીકે રાખવાની અધમ ઇચ્છા દર્શાવી! સર્વત્ર હાહાકાર થઇ રહ્યો. દુષ્ટ નૃપતી દક્ષ જનોની સલાહ લક્ષમાં લેતા નથી, તેતો હાજીહા કરી રાજી રાખનારા હલકા મનુષ્યોનુ કહ્યું સાંભળે છે, અને તેમના દોરવ્યા દોરાય છે, અને

તેથી લોક રૂચીને અનુસરતું વર્તન રાખવાને બદલે એવા પ્રકારનું મનસ્વિ આચરણ અવલોકવામાં આવે છે, કે તેની રાજનિતિથી પ્રજા તોબા તોબા પોકારે છે; દુર્યોધન તેમાનો હતો. લાક્ષાગૃહમા પાંડવોને ભસ્મિભુત કરવાની કુટીલકળા કુરૂનંદને અજમાવ્યા છતાં, તેમાં તેને નિષ્ફળતા મળી હતી. ત્યાર પછી સ્વયંવરમા પાંચાળી પાંડવોને પ્રાપ્ત થયાં, મચ્છવેધમા અર્જુને વિજય મેળવ્યો, આથી દુર્યોધનના અંતરમા દ્વેષનો દાવાનળ પ્રજવલિતજ થયો હતો. તે પછી અનુક્રમે પાંડવોનું પ્રતાપ બળ વૃદ્ધી પામતું જોઇ અગ્નિમા ઘી હોમાવા જેવી દુર્યોધનના હૃદયની સ્થિતિ થઇ હતી પાંડવોએ રાજસુયજ્ઞ કર્યો, અનેક ભુપતિઓએ રાજા યુધિષ્ટરના પાદાર્વિંદમાં શર્ષિવંદન કર્યું, પાંડવોનાં વૈભવ વિભૂતિ દુર્યોધને અનુપમ અવલોકયા, તેથી તેની અંતર વેદીમા હોમાએલા સમીધોને ઇર્ષાના પવનનો ઝપાટો લાગ્યો, વળી રાજસુયજ્ઞ પ્રસંગે રચેલા મંડપની રચના નીહાળતાં દુર્યોધને જળને સ્થાને સ્થળ જેયું, અને સ્થળ હતું, ત્યાં જળ માની વસ્ત્ર ઉંચા લીધાં; દ્વાર હતાં ત્યાં

ભીંતનો ભાસ થયો, ને ભિંત હતી, ત્યાં દ્વાર સમજી પ્રવેશ કરવા જતાં માથું ભટકાયું. આ લીલા જોઇ ભીમને હસવું આવ્યું, અને દ્રૌપદીએ હાસ્યમા કહ્યુંકે, અરે ! 'શું અંધના અંધ' ? દીએર તરીકે દ્રૌપદીએ સ્વાભાવિક આ ઉદ્‌ગાર માત્ર વિનોદને ખાતર કાઢયા હતા; પણ એ શબ્દોએ દુર્યોધનનું મર્મસ્થાન ભેદી નાખ્યું, ક્રોધાગ્નિ તેના હૃદયમા વ્યાપી ગયો. કુવખતની મશ્કરી કવચિત માણસના મન ઉપર કારી અસર કરતા થાયછે, અને તેનુ બહુ માઠું પરિણામઆવેછે. દુર્યોધને વ્યાપેલો ગુસ્સો તે વખતેતો દબાવી રાખ્યો, પણ તેનો કોઈપણ રીતે બદલો આપવાનો મનમ તેણે નિશ્ચય કર્યો. યુધિષ્ટર દ્યુતમા દ્રૌપદીને હારી ગયા, વેર વાળવાની દુર્યોધનને એ સંધી સાંપડી, તેની આજ્ઞાથી દુઃશાસન સતિને બળાત્કારે ભરસભામ ખેંચી લાવ્યો. અરે ! એ વખતે દેવીએ એકજ વસ્ત્ર પહેરેલું હતું, વળી તે રજસ્વળા હતાં, આવી સ્થિતિમાં સતી દ્રૌપદીએ કરેલો આર્જવ લક્ષમાં ન લીધો, દુષ્ટ દુશાસને વિવેક વિસારી મુકયો, દયાને

ક્રુર ધરી, કઠોરતા, ક્રુરતા ગ્રહણ કરી; ઘાતકીપણું ગુજારતાં પાછું વાળીને જોયું નહીં. પોતાને ત્યાં મેમાન આવેલાં છતાં તેમને સંતાપવાનો માર્ગ લીધો, છુટા કેશે ને વિચિત્ર વેશે સતીનો ચોટલો પકડી તેમને સભામાં ઘસડી લાવ્યો. અહા ! આવી વસમી વેળાએ ધૈર્ય રાખવું, અને શિયળ સાચવવું, એ કંઇ જેવી તેવી વાત નહોતી. પણ સતીએ એવા દુર્ઘટ સંજોગોમાં પોતાના આત્મબળથી–પ્રભુ પ્રત્યેની દ્રઢ શ્રદ્ધાથી શિયળ સાચવ્યું છે; નેક–ટેક નીભાવ્યો છે, અને પોતાના ઉદાહરણથી આર્ય બાળાઓને એમ શીખવ્યું છે, કે પતિવૃત ધર્મમાં દ્રઢ અને ધૈર્યવાન સ્ત્રીઓનું ગમે તેવી આફતને અવસરે પણ પ્રભુ રક્ષણ કરે છે, અને તેની દયાથી શિયળ સુરક્ષિત રહે છે. દુષ્ટ દુર્યોધને સભામાં નિર્દયતા–નિર્લજતાથી સતીનાં વસ્ત્ર ખેંચાવ્યાં ! આ વખતે પતિ, પૂર્ણ પરાક્રમી ને વીર–ધીર છતાં સતીનું સંરક્ષણ કરવાને સમર્થ નહોતા. સામર્થ્ય તો હતું, પણ ધર્મનો પ્રતિબંધ નડતો હતો, અહા ! આવે વખતે સતીનું સંરક્ષણ કરવાને સતીને એક

શ્રીકૃષ્ણ પરમાત્માનોજ આધાર હતો; સતીને તેમના પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા હતી કારણ કે એ નાંધારાનો આધાર, કરૂણાસિંધુ ભકતનું ભય દુઃખ હરવાને, સ્વધર્મનિષ્ટ દિનજનોનુ કલ્યાણ કરવાને, વેગથી વ્હારે દોડી આવેછે, એ વાતની સતી દ્રૌપદીને પ્રતિતિ થઇ હતી,–પ્રતિતિ થઇ. પ્રભુ દ્વારામતિમાં નિદ્રાધિસ્થ હતા, ત્યાં તેમણે સતીના હૃદય ગત ઉદગાર સાંભળ્યા. અરે! 'સતીને મતિશુન્ય અધર્મિ પિડે છે'! એજ શબ્દોના ધ્વનિ સાથે સૈયામાંથી સત્વર બેઠા થયા! શ્રીમુખના સક્રોધ ઘોષથી રૂકિમણી રોધ ન કરી શક્યાં, તેમ વિષેશ પુછપરછ કરવાનું પણ તેમને અપ્રાસાગિક લાગ્યું. પ્રભુએ પ્રયાણ કર્યું, ને સિઘ્ર વેગથી કૌરવ સભામાં આવી પહોંચ્યા, અદ્રશ રહી સતિની કષ્ટયુકત કરૂણાજનક સ્થિતિ જોઈ, સતી શ્રીકૃષ્ણની સહાયને માટે વિલપતી હતી, કુટીલ કૌરવોને કાલાવાલા કર્યા, પણ તેમણે તે કાનજ ન ધર્યા. ભિષ્માદી વડીલોને વિનવ્યું, તે વ્યર્થ ગયું. યુધિષ્ટરથી સહન ન થયું. પણ શું કરે? તે માથે કર દઇ શોક ગ્રસ્ત સ્થિતિમાં નિચું મસ્તક નમાવી દિગ્મુઢની પેઠે

બેસી રહ્યા. અર્જુનને અંતરમાં ઘણું લાગતું હતું, પણ ધર્મની આજ્ઞા વીના એક ડગલું પણ નહીં ભરવાનો તે નિશ્ચયી હતો. ભીમ આ ભયાનક, અરે! રૂવાં ઉભા થઇ જાય એવો બનાવ નજરે નિહાળી રાતો પીળો થઈ ગયો, પદ પ્રહારે પૃથ્વીને ધ્રુજાવી મુકી, દુઃશાસનનાં વાકાં વેણુથી તેનાં નેણમાં રૂધિર વરસવા માંડયું, કદાચ તે કૌરવ સભાને તેજ વખતે પોતાની ગદાથી કચડઘાણ કાઢી નાખત, પણ સહદેવ અને નિકુળ તેને બાથ ભીડી રહ્યા હતા, અને અર્જુન તેના હાથ ઝાલી ધર્મની ઇચ્છા વિરૂદ્ધ કંઇપણ આચરતા અટકાવતો હતો. દુઃશાસને સતિને પતિ સમક્ષ નવસ્રી કરવાને ચીર પકડી રાખ્યું હતું, સતીએ ગદગદ કંઠે જતી લાજ રાખવાને શ્રીકૃષ્ણ મહારાજની સ્તુતિ કરવામાજ એકાગ્રતા રાખી હતી, ભક્તપાળ ભગવાન હાજર હતા. પણ શઠને તો તેમની ઝાંખી સ્વપ્નમાં પણ કેમ સંભવે ? કુરૂ કુલાંગાર દુઃશાસને " લે ત્યારે તારો પ્રભુ કયાં છે ? એમ કઠોરતાથી કહી ચીર પકડીને આંચકો માર્યો, સતીએ સલજજ રહેવાને ચીર જોરથી ઝાલી રાખ્યું

હતું, પણ એ અબળા જાતી, આચકાથી ધરણી પર ઢળી પડયાં ! ચીર દુઃશાસને ખેંચી લીધું, પણ અરે ! સતીને અંગે બીજું ચીર ધરેલુંજ હતું, એક પછી એક ચીર ખેંચતા નવસો નવાણુંનો ઢગલો થયો, ત્યા લગી સતી સચીરાજ રહી, ચીર વિનાની ન થઇ ! દુઃશાસન થાકયો. સતિના પ્રતાપાગ્નિથી તેનું બળ નાશ પામ્યુ, સતિ તેજ ક્ષણે દુષ્ટ દુઃશાસનને, અરે ! આખા કુરૂ કુળને શાપથી ભસ્મિભૂત કરવાને સમર્થ હતાં, પણ 'સતી શાપ દે નહીં' એ નિયમને તેમણે દ્રઢાવલંબન કરી રાખ્યો હતો. દુઃશાસનની હીંમત હરાઈ ગઈ, પતિવૃત ધર્મના પ્રભાવે તેને ભડકાવ્યો, ડરાવ્યો, આશ્ચર્યચકિત કર્યો; થાકીને તેણે ચીર ખેંચવાનું છોડી દીધું. અને તેજહીણ થઈ મ્લાન મુખે પોતાના આસન ઉપર જઈ બેઠો. સભામા શઠ હતા, તે આશ્ચર્ય પામ્યા, જ્ઞાનવાન હતા, તે સતીના ગુણ ગાવા લાગ્યા; પ્રભુના પ્રભુત્વની પ્રસંસાના ઉદ્ગાર કાઢવા લાગ્યા સતીને સહજ પણ આશ્ચર્ય

ન લાગ્યું, પણ શ્રીકૃષ્ણ પરમાત્માની કૃપા કરિ યુકત સુધા વૃષ્ટિથી તેનું હૃદય આનંદમ નિમગ્ન થઈ ગયું, તેના નેત્રોમાંથી આનંદાશ્રુ ખર્યાં. તેનેતો પ્રભુની પ્રત્યક્ષ ઝાંખી થઇ. ગદગદ કંઠે પ્રાર્થના કરી, તેણે શ્રીહરીને સપ્રેમ પ્રણામ કર્યા. શ્રીકૃષ્ણ પરમાત્મા સતીનો મનોર્થ સીદ્ધ કરી, તેની લજ્જા સુરક્ષિત રાખી, સ્વસ્થાને સીધાવ્યા. અહા ! પ્રભુએ પાંચાળીની વિકટ વેળાએ વહાર કેમ કરી ? લજ્જા કેમ રાખી ? એ પ્રશ્નને અવકાશજ નથી. પ્રભુ સ્વધર્મ નીષ્ટનો સહાયક છે, અને ભકિતને આધિન છે. પાચાળીની ભકિત અન્યન્ય હતી, અને તે પ્રાણ કરતાં પતિવૃત ધર્મ સાચવવાને અધિક ઉત્સુક રહેતી હતી, ત્યારે વેગથી પ્રભુ તેની વહારે આવે, ને સ્વધર્મ નિષ્ટ ભકતજનને આફતમાંથી બચાવે, એમાં આશ્ચર્ય શું ?

પાંચાળી હરણ.

આપત્તિનાં વાદળાં આવવા માંડે છે, ત્યારે તેની કંઇ સીમાજ રહેતી નથી, પ્રભુ પણ સત્યવાદી ધર્મશીલ, અને ભક્તિવાન જનોને છેવટલગી આપત્તિની સરાણે ચઢાવી સત્ય-ધર્મ અને ભક્તિની કસોટી કરે છે. અને તેમાં જે બરાબર સો ટચના સુવર્ણ સમાન સિદ્ધ થાય, તેનેજ મુક્તિના દ્વારમાં દાખલ થવા દેછે. પાંચાળીને ચિર હરણ પ્રસંગે પ્રભુએ સહાય કરી, પણ એટલાથીજ એ સતીના કષ્ટનો અંત આવ્યો નહોતો, ચીરહરણના પ્રસંગમાં પાંચાળીનું અનુપમ સતિત્વ પ્રદર્શિત થયું, ધૃતરાષ્ટે તે જાણ્યું. એથી તે પ્રસન્ન થયા, અને સતીને વર માગવા કહ્યું. સતિયે સવિનય એજ માગ્યું કે,'પાંડવ જીતાયા, પણ દાસ ન કહેવાય, અને શસ્ત્ર વિનાના ન રહે'. ધૃતરાષ્ટે

કુલવધુ પાંચાળીના અદ્વિતિય સતિત્વનો અદ્‌ભૂત ચમત્કાર જાણ્યો હતો, તેથી સંતુષ્ટ કરવાને તેની યાચના સ્વીકારી, ઇચ્છીત વર આપ્યો, અને પાંડવો ઘુતમાં હારેલા, એ રાજ્ય દુર્યોધન પાસે તેમને પાછું અપાવ્યું. લીધેલું પાછું આપવું, એ વાત રૂચે એવું દુર્યોધનનું મન ઉદાર નહોતું; પણ પિતાનું વચન પાળ્યા વિના ચાલે નહીં, તેથી હૃદયમાં કચવાયા છતાં તેણે પાંડવોને રાજ પાછું સોંપ્યું. જોકે તેનો હૃદયાગ્નિ ઓલવાયો નહોતો, તેતો કોઈ પણ રીતે પાંડવરૂપી કંટક લાગતા વિરોધીઓને રાજ ભૃષ્ટ કરી રખડાવવાનેજ ચ્હાતો હતો; નિષ્કંટક રાજ ભોગવવાની તેના અંતરમાં ઈચ્છા હતી એ ઇચ્છા એ તેના મનમા નિવૃત્તી રહેવા દીધી નહી, તે પ્રવૃત્તમા પુનઃ પ્રેરાયો. મામા શકુની સાથે સંતલસ કરી ફરી એક વાર ધર્મને ઘુત રમાડવાની રચના રચી, અને તેમાં એવી સરત રાખીકે "પાંડવો હારેતો રાજપાટ છોડી બાર વર્ષ વનવાસ જાય, તેરમું વર્ષ ગુપ્ત રહે, છતાં છતા થાય તો એજ પ્રમાણે ફરી વનવાસ વેઠવો" આ કરારથી રમેલા ઘુતમાં

પણ યુધિષ્ટર હાર્યા ! અને તેથી સતી દ્રૌપદી સહીત પાંચે બંધુઓને વનમાં જવું પડયું, તેમણે બાર વર્ષ વનમાં વ્યતિત કીધાં વનમાં વસતા હતા, તેવા માં એક દીવસ પાંડવો મૃગયા રમવા ગયા હતા, દ્રૌપદી આશ્રમમાં એકલાં હતાં એ આશ્રમ પાસે થઇને રાજા જયદ્રથ જતો હતો. તેણે સતીને બળાત્કારે રથમાં બેસાડી લઇ જવા માંડી, દ્રૌપદીએ નહીં જવાને બન્યું તેટલું કર્યું, પણ તેનું શું ચાલે? સતી દ્રૌપદીનું જયદ્રથ હરણ કરીને લઇ જાય છે, એ ખબર તત્કાળ પાંડવોને પહોચ્યાથી અર્જુન તથા ભીમ પાછળ ગયા, અને રાજા જયદ્રથને હરાવી, તેના સૈન્યનો સંહાર કરી, તેને બાંધીને યુધિષ્ટર સન્મુખ આણ્યો. ઉદારચિત્ત ધર્મરાજાએ તેને ક્ષમા આપી જવા દીધો. આ આફતમાં પણ સતીનું શિયળ રક્ષિત રહ્યું. સ્રીનુ દ્રઢ મનોબળ હોય, પ્રાણ કરતા પતિવ્રત ધર્મ તેને અધીક પ્રિય હોય, તોજ તે પરપુરૂષના પંઝામાં ફસાયા પછી શુદ્ધ રહી શકે—સ્વધર્મ સાચવી શકે. સતી પાંચાળીને જયદ્રથ બળાત્કારે હરણ કરી લઇ ગયો, પણ જયાં સતિની મતી પવિત્ર, ત્યાં

તેનું શું ચાલે! સ્ત્રીજાતી અબળા એટલા માટે કહેવાય છે, કે તે પોતાનું રક્ષણ પોતાની મેળે કરવાને શક્તિવાન નથી, અને દુષ્ટ મનુષ્યો તેને ફુસાવીને અવળે માર્ગે દોરવામાં ફાવી જાય છે. પણ અબળાનું વિશેષણ સામાન્ય સ્ત્રીઓને માટે છે, બાકી જે સતી છે, તેતો સબળા છે. જેનું ચિત્ત જરાય મોહ કે લોભથી ચલિત ન થાય, એવું દ્રઢ છે; તેને અબળાનું વિશેષણ કેમ ઘટે? સતી દ્રૌપદી સ્ત્રી જ હતાં, પણ તેમણે ગમે તેવા ભયને પ્રસંગે સ્વધર્મ સાચવ્યો છે, અને અન્ય આર્ય ભગિનીઓને બતાવી આપ્યું છે કે દુસહ–દુર્ઘટ સંજોગોમાં પણ સ્ત્રીએ ભય લોભ કે મોહને વશ ન થતાં સ્વાત્મબળ રાખવું. તેમ કર્યાથી પ્રભુ સહાય કરશે, શિયળ સચવાશે. અને તેજ આ લોક અને પરલોક માટે શ્રેયસ્કર છે. સતી દ્રૌપદીના આત્મ બળની કસોટી હજી પણ થવાની છે.

કીચકની કુદ્રષ્ટી.

પાંડવોને વનવાસનાં બાર વર્ષ પુરા થયાં, તેરમા વર્ષમાં ગુપ્ત રહેવાનું હતું. પાંચાળી સહ પાંચે પાંડવ વિરાટ નગરમાં આવ્યા, પુર પ્રવેશ કરવા પ્રસંગે તેમણે પોતાનાં શસ્ત્ર નગર બહાર એક સમીવૃક્ષ ઉપર લટકાવ્યાં, વળી તે એવી રીતે કે, વસ્ત્ર વિંટાળ્યાથી જાણે શબ લટકતું હોય, એવું લાગે આ યોજના કરીને તેમણે અનુક્રમે નગરમાં પ્રવેશ કર્યો. અને વિરાટ રાજાના દરબારમાં ગયા. રાજા યુધિષ્ટર કંકનામ ધારણ કરી અક્ષય વિદ્યાના જ્ઞાતા તરિકે, ભીમ વલ્લવ નામ ધારણ કરી રસોઈયા તરિકે, અર્જુન બૃહનટા નામથી હિજડાનેવેશે સ્ત્રીઓને સંગિત–નૃત્યાદિનું શિક્ષણ આપવા વાસ્તે, સહદેવ તન્તિપાળ એ નામથી ગાય ભેંશ ઇત્યાદિ ઢોરોના પરિક્ષક તરિકે, નીકુળ ગ્રન્થિક નામથી અશ્વ પરિક્ષક તરિકે યોજાયા. સતી દ્રૌપદી સૈરન્દ્રિ નામથી દાસી તરિકે વિરાટ રાજાના દરબારમાં રહ્યાં ! જુઓ, ભાવિની ગતિ કેવી–વિચિ-

ત્ર છે ! જે હજારો બલ્કે લાખો, અરે ! કરોડોનાં પાળનાર, રાજ વૈભવથી યુક્ત, ચક્રવર્તી ભુપતી અને તેમનું કુટુમ્બ, કે જેમની સેવામાં યાવત્ અનેક અનુચરો રહેતા, ખમા ખમા થતું, તેઓ વિરાટ નરેશનું દાસત્વ સ્વિકારી અનુચર બન્યા ! ચક્ર ચુડામણી પાંડવ નરાધિપના ધર્મ પત્નિ–મહારાણી દ્રૌપદીની પણ એજ દશા ! દાસીત્વ સ્વીકાર્યા છતાં પણ દેવીને એ સ્થાને શાન્તિ ન મળી વીરાટ રાજાના સાળા કીચકે એમના પ્રત્યે કુદ્રષ્ટિ કરી, અનેક રીતે સતીને સંતાપવાનો યત્ન આદર્યો ! સતી પાસે ગમે તો કોઈ મોટો મહારથી હોય, કે ચક્રવર્તી ભુપતી હોય, પણ તે તેના દ્રઢ પત્તિવૃત ધર્મમાથી ચલિત કરવામાં ફાવીશકે નહીં. સૂર્ય પશ્ચિમમાં ઉગે, સરીતાઓ વિપરીત માર્ગે વહેતી થાય, ચંદ્ર સીતરશ્મિથી સૃષ્ટિને સિતળતા પમાડવાને બદલે અંગારા વરસાવે, અને આકાશ પાતાળ એક થઈ જાય, પણ પતિવૃતા સ્ત્રી કદી પરપુરૂષને અંતરમાં પણ ઇચ્છે નહી. ઇચ્છા વિરૂદ્ધ ક્ષુદ્ર જન ફાવેજ કેમ ? કીચકની કુદ્રષ્ટિથી સતીને ક્રોધ ચઢયો, તેમણે એ નરાધમને–નિચ

વૃત્તિ વાળા રાક્ષસને બહુ બહુ સમજાવ્યું, પણ તે-ણે માન્યું નહીં. આખર પોતાની પાંચ ગંધર્વો અદ્રશ્ય રહી રક્ષા કરે છે, એમ કહી તેમનું ભય બતાવ્યું, પણ કુટીલ–કામી જનોને સુબોધ સુધાની યત્કીંચિત અસર થતી નથી, ભયનું તો તેમને ભાનજ નથી રહેતું, તેમને તો પોતાની પશુવૃત્તી પૂર્ણ કરવાનું એકજ તાન રહે છે. કીચકે પોતાની બેન સુધેક્ષણા જે વીરાટ રાજાની રાણી હતી, તેના દ્વારે સતીને સાધ્ય કરવાનો પ્રયોગ અજમાવ્યો! ભાઇને કુમાર્ગે ગતિ કરતો અટકાવવાને રાણીએ બોધ-તો આપ્યો, પણ કીચકને તેની અસર થઇ નહી. રાણી સુધેક્ષણામાં આત્મ બળ નહોતું, સ્વધર્મ કરતાં ભાઈને સંતુષ્ટ કરવાની ભાવના તેના હ્રદયમાં બલિષ્ટ હતી, તેથી આખર ભાઇના અનિતિના કાર્યમાં એ સહાયકારી થઈ. કુકુકાર્ય કરનારને કુહાડીમાં હાથો મળ્યો, અને એ અધર્મની કુહાડી વડે પતિવ્રત ધર્મનું પુનીત વૃક્ષ ઉચ્છેદવા ધાર્યું. પણ અરે! ધર્મનાં મુળ ઉંડાં છે, અને તેનું વૃક્ષ વજ્ર કરતાં પણ વધુ કઠિણ અને દ્રઢ હોય છે, તેને કુટીલની કુહાડી શું

કરી શકે ? તેના ઉપર પ્રહાર કરતાં તો અંગાર ઝરે, અને તે પ્રહાર કરનારનેજ ભસ્મિભૂત કરી નાખે ! આખર "ધર્મેજય અને પાપેક્ષય" થાય છેજ. સતી દ્રૌપદીને કીચકના પ્રસંગમાં તેમજ બન્યું. રાણી સુધેક્ષણાએ ભાઇને પ્રસન્ન કરવાને–સતિને ફસાવવાને ખાવાનો પદાર્થ લઈ કીચકને આપવા મોકલી. સતી દાસીની સ્થિતિમાં હોવાથી રાણીની આજ્ઞા માન્ય કરવી પડી. કેમ ચાલે ? રાણીનું રજક ખાવાનું હતું. એટલે તેનાથી આનાકાની પણ કેમ થઇ શકે ? તેણે ભયભીત બની સ્વધર્મ રક્ષાને માટે સૂર્યની સ્તુતિ કરી સૂર્ય નારાયણે સતીના પતિવૃત ધર્મનું રક્ષણ કરવાને વાસ્તે ગુપ્ત રીતે એક રાક્ષસને મોકલ્યો. સતીની સાથે ગએલો રાક્ષસ અદ્રશ હતો, એટલે તેને કીચક ક્યાંથી જુએ ! કદાચ દ્રશ હોય, તો પણ કામાન્ધને સુઝતું નથી. તેતો ભરપુર વસ્તીમાં હોવા છતાં સર્વત્ર ઉજડ જ સમજે છે. સતી સમીપ આવતાંજ કીચકે તેનું કાંડુ પકડયું. પણ અધીક બળાત્કાર ગુજારતાં પહેલાં તો, સૂર્યના પ્રેરેલા અદ્રશ રાક્ષસે કીચકને ગળચીમાંથી પ-

કરી પૃથ્વીપર પછાડયો, અને સતી દ્રૌપદી, એ પીશાચના પંજામાંથી છટકી, નાસીને રાજ સભામાં આવીને ઉભાં રહ્યાં. દુષ્ટ કીચક-રાજાનો સાળો નિર્લજ હતો, કોઈથી ડરતો નહોતો. તેણે ત્યાં દોડી આવી સતીનો ચોટલો પકડયો, પણ પેલા સૂર્યપ્રેરક રાક્ષસે સતીનું રક્ષણ કર્યું, તેને છોડાવી, કીચકને મારમારી અદમુઓ કરી નાખ્યો. યુધિષ્ટર આ સઘળું દ્રષ્ટે દેખતા હતા, પણ રાજાની આમાન્યા લોપાય નહીં, તેમ ખુલ્લી રીતે રક્ષણ કરવા જેવી સ્થિતિ તેમની નહોતી. રાજા પોતે અથવા તેમના માનીતા માણસો ગમે તેવો અનર્થ કરે, પણ દક્ષ જનો તેમને કહી શકતા નથી, કહેવાની હીંમત ધરેતો પરિણામ વિપરીત આવે. સતીનું સંકટ જોઈ ધર્મને ઘણું લાગી આવ્યું. પતીના દેખતાં પત્નિની લાજ લુંટવા કોઇ તત્પર થાય, અથવા તેના ઉપર બળાત્કાર ગુજારે, તો ગમે તેવા નિર્વિર્યનું લોહી પણ તપ્યા વિના રહે નહીં, યુધિષ્ટર ક્ષત્રીવિર હતા, પણ સ્થિતિ અને સંજોગો લક્ષમાં લઈ મૌન્યતા ન

ગ્રહણ કરેતો બાજી બગડી જાય. તેમણે દ્રૌપદીને રાત્રે અંતઃપુરમાં જવાની સુચના કરી, સતીએ ભીમ પાસે જઇ સઘળું વિતક વૃત્તાંત વિદિત કર્યું. અરે! વાત કરતાં રડી પડી! ભીમે તેને આશ્વાસન આપ્યું, અને કહ્યું, કે ગભરાઈશ નહીં; કાલે હું તેને અવશ્ય મારીશ કાલે; રાત્રે મારો ને તેનો ચિત્ર શાળામાં ભેટો થાય, એવો કઈ સંકેત કરો. બીજે દિવસે દ્રૌપદીએ કીચકને કહેવડાવ્યું કે, રાત્રે ચિત્રશાળામાં મળજો. કામીઓના કાળજાં કુટેલાં હોય છે, કીચકે એ સંદેશો સાચો માન્યો, અને મકલાવા લાગ્યો કે, આજે મારો મનોર્થ સિદ્ધ થશે. મનોર્થ સતીનો સીદ્ધ થવાનો હતો, કીચક યમપુરીમાં પહોંચી જવાનો હતો, પણ એ મુર્ખને તેની ગમ ક્યાંથી હોય? આશામાં ને આશામાં પુષ્કળ મદીરાનું પાન કરી, મર્કટની પેઠે ડોલતો ને ફાળ ભરતો રાત્રે કીચક ચિત્રશાળામાં આવ્યો. ત્યાં તેને ભાવથી ભેટવાને ભીમ આગળથીજ આવીને છુપાઇ રહ્યો હતો, તેણે તેને ઇચ્છીત લ્હાવ આપ્યો! ભીમે તેની સાથે તુમુલ યુદ્ધ કરી ઠાર માર્યો, અને

સતીને સંતાપનાર અધર્મીને તેના કુકર્મનું ફળ ચખાડયું. ભીમ તેને મારી, દ્રૌપદીનું હૃદય ઠારી, પોતાના નિવાસસ્થાનમાં જઇ શાન્તિથી સુઇ રહ્યો સવારે દ્રૌપદીએ ચિત્રશાળા પાસે જઈ બુમ મારી કે કીચકનો ગંધર્વોએ વધ કર્યો છે ! કીચકના સો ભાઇઓ આ સમાચાર સાંભળી ક્રોધાવેશમાં આવી ગયા, તેમણે એવું ઠરાવ્યું, કે દ્રૌપદીને લીધે કીચક મુઓ, માટે એને પણ કીચકના શબ સાથે બાળવી ! અરે ! કેવો અનર્થ ! પણ દુર્બુદ્ધી વાળા પાપી મનુષ્યો અર્થ–અનર્થની કયારે પરવા કરે છે ? કીચકના ભાઇઓ દ્રૌપદીને કીચકના શબ સાથે બાંધીને લઈ ગયા, સતીને પ્રાણદાન દેવાનો પ્રસંગ આવ્યો ! પણ પ્રભુ તેમ કેમ થવા દે ? ભીમ તેના રક્ષણ અર્થે ત્વરાથી પાછળ પહોંચ્યો, અને સૌ કીચક ભાઇઓનો વેગથી વધ કરી સતીને છોડાવી સુરક્ષીત નગરમા પહોંચાડી. ક્રુર કીચકોનો સમુળો સંહાર થવાથી વીરાટ નગરમાં હાહાકાર વ્યાપી રહ્યો, રાજભુવનમાં રાણી સુદેષ્ણાએ રડારોળ કરી મુકી. તેણે દ્રૌપદીને કહ્યુ, કે આ સઘળો

ઉત્પાત તારે લીધે થયો છે, માટે તું મારા નગરમાંથી જા. કાલાવાલા કરી સતીએ તેર દીવસની મુદત માગી. એટલા દીવસે પાંડવોનો ગુપ્ત રહેવાનો અવધી પુરો થતો હતો. તેર દીવસ વિત્યા, પાંડવો છતા થયા, રાજાએ અને રાણીએ જાણ્યું, કે સૈરંન્દ્રી દાસી નહીં, પણ પ્રતાપી પાંડવોની પ્રિય પત્ની છે, સમજ્યા પછી તેનો સત્કાર કર્યો, ને ક્ષમા માગી. આ પ્રસંગ અતી દુર્ઘટ–દુ:સહ હતો, પણ તેમાં પરમાત્માએ સતીના પતિવૃત્તનું રક્ષણ કર્યું, પાપીને પાપનું ફળ મળ્યું ! આ ઉપરથી એટલું સ્પષ્ટ દ્રષ્ટિ ગોચર થશે કે, લોભ વા મોહથીતો સતી પોતાનું પતિવૃત તજે નહીં, બલકે જીવ જવાનો સંજોગ અને સ્થિતિ પ્રાપ્ત થાય, તોપણુ તે તેનો પોતાનો નેકટેક નીભાવવામાં નિશ્ચય રહે, અને ગમે તેટલું કષ્ટ પડે, તોપણુ તે સહે. દ્રૌપદીએ ઘણું સહન કર્યું છે, છતાં શિયળ સાચવ્યું છે. અને તેથીજ તેની સતી તરીકે અમર નામના રહી છે.

પાંચાળીનું ઔદાર્ય.

સ્ત્રી વર્ગને 'શોક્ય' એ શૂળ સમાન સંતાપ જનક લાગે છે, સામાન્ય કહેવત છે કે, "પ્રેમ અને હુકુમતમાં ભાગિયો ગમતો નથી;" પત્નિ એ પતિની પ્રેમ પાત્ર છે, પતિના પ્રેમનો લ્હાવ તે એકલી લેવાને મુવાંગજ ઇચ્છે છે, અને તેથી કોઇ સ્ત્રીનો સ્વામી એ પ્રેમમાં કોઇ બીજીને ભાગીદાર બનાવે, તો તે તેનાથી ખમાતું નથી, કદાચ તે બીજું કાંઇ કરી ન શકે, પતિને કશું કહી ન શકે, પણ તેનું હૃદય ખેદયુક્ત તો રહેજ. મોટા મનની–ઉદાર અંતઃ કરણની સ્ત્રીઓ પતિ કંઈ ખાસ સંજોગોને લઇને પોતાની હયાતીમાં બીજી સ્ત્રીને પરણે, તેને માટે ક્લેશ કરતી નથી, ખેદ દર્શાવતી નથી, પણ પતિને પ્રસન્ન રાખવાને પોતે તેમાં સહાનભૂતી દર્શાવેછે. દ્રૌપદીનું અંતઃકરણ ઉદાર હતું, તેથી અર્જુન સુભદ્રાનું હરણ કરી લાવ્યા, ત્યારે તેને માટે પોતાનો આનંદ દર્શાવ્યો, સુભદ્રા આવ્યાં, તેને સતી ભાવથી

લેટયાં, જાણે તે પોતાની સગી બેન હોય, એવો તેમને સ્નેહ બતાવ્યો, પણ એ સ્નેહ ક્ષણીક નહીં, ઉપર આટિયો નહી, સુભદ્રા પ્રત્યેનો તેમનો સ્નેહ હૃદય ગત હતો, હમેશાને માટેનો હતો. અને એ બંને એવાં સંસ્કારી હતાં, કે સાંપ્રત સમયે હીંદુ ઘર સંસારમાં શોકયોમાં પરસપર જેવો કલહ થાય છે. અને તેના આવિર્ભાવથી પતિયો જે પરિતાપ વેઠે છે, તેવું પાંડવના પવિત્ર સદનમાં દ્રષ્ટિગોચર થાય જ કેમ? અર્જુન એ અનુભવથી અજ્ઞાતજ રહ્યા હતા. અને તેનું મુખ્ય કારણ દ્રૌપદીની દક્ષતા અને ઔદાર્યતાનુંજ હતું. ગૃહિણિનો–પુનીત પત્નિનો શોકય પ્રત્યે સ્નેહથી વર્તવાનો ધર્મ છે, એટલુંજ નહીં, પણ સસરા–સાસુ, દીયેર–જેઠ, દેરાણી–જેઠાણી, તેમનાં સંતાનો અને પાડા પાડોશી સાથે સ્નેહ અને ઉદારતાથી સ્ત્રીઓએ વર્તવું જોઇએ. એવી રીતે વર્તવામાં દ્રૌપદી પ્રપૂર્ણ હતાં, તેથી તેમના પતિને તો ક્વચીત કીંચીત કલેશ–કંકાસનાં દર્શન થાયજ ક્યાંથી? કુટુમ્બ અને પાડા પડોસી પ્રત્યેક તેમને સાક્ષાત ઇશ્વરીનો અવતાર સમજતાં હતાં, અને

તે સત્ય હતું. વૃદ્ધ વડીલોને જ્યારે કુલવધુ ડાહી અને પાવીવૃત ધર્મ પાળનારી હોય છે, ત્યારે બહુ સંતોષાનંદ મળે છે. સતી દ્રૌપદીથી કાકાજી ધૃતરાષ્ટ્રને બહુ સંતોષ થયો હતો, ભિષ્માદિ સર્વ તેના પ્રત્યે પ્રેમની દ્રષ્ટિથી જોતા હતા, અને આશિર્વાદ વર્ષાવતા હતા. વડીલોનો આશિર્વાદ એ અભિષ્ટ સિદ્ધી આપનાર છે. સતી દ્રૌપદી જેવાંએ જ્યારે તે મેળવવાની ઇચ્છા રાખી છે—ઉત્સુકતા દેખાડી છે, ત્યારે સર્વ આર્ય ભગિનીઓએ તેનું અનુકરણ કરવું યોગ્ય નથી કે? સંસારમાં સ્ત્રીઓનું અંતઃકરણ જો ઉદાર ન હોય, તો ડગલે ને પગલે ક્લેશ ઉપસ્થિત થવા જેવા પ્રસંગો આવે છે. કારણ નિર્જીવ હોય, છતાં તેમાંથી કુસંપનાં બીજ રોપાય છે, અને તેનું છેવટ પરિણામ વિપરીત આવે છે. કૃષ્ણ પરમાત્મા જેવાને પારિજાતના પુષ્પને માટે સત્યભામાએ અપાર સંતાપ્યા હતા, અને દારૂણ કલહ આરંભીને પૂર્ણ પરિતાપ ઉપજાવ્યો હતો. સ્ત્રી એ જેમ ગૃહદેવી છે, તેમ ગૃહરાજ્યની અમાત્ય છે. કોઇ પણ રાજાનો અમાત્ય દક્ષતા યુક્ત હોય, કાર્ય કુશળ

હોય, વ્હેવારિક જ્ઞાનથી વિભૂષિત હોય, એકંદરે ઉત્તમ આચાર વિચારવાળો હોય, તો સર્વત્ર શાન્તિ પ્રવર્તે છે, પ્રજા આનંદોધિમાં સંસારનું નાવ સુખરૂપ હંકારી શકે છે, રાજ્યની આબાદીને ઉન્નતિ થાય છે, અને રાજા પોતે નચિંતપણે પોતાનું કર્તવ્ય બજાવવામાં સફળતા મેળવે છે. સતી દ્રૌપદી ગૃહ રાજ્યમાં ઉત્તમ અમાત્ય હતાં, એટલે અર્જુન શોકય તરીકે સુભદ્રાને હરણ કરીને લાવ્યા છતાં તેમને પ્રેમથી આલીંગન આપ્યું. અને એજ તેમના અંતઃકરણના ઔદાર્યનું યથેચ્છ દિગ્દર્શન આપે છે; અમાત્ય તરીકેની યોગ્યતા પ્રતિ પાદન કરે છે. આર્યબાળાઓ એવી યોગ્યતા સંપાદન કરે, તો આર્ય ગૃહસંસાર અમૃત જેવો મધુર-સુખદાતા–શાન્તિ દાતા અને મનોહર લાગે. સ્ત્રીઓમાં ઔદાર્યનો અભાવ, સંતોષ વૃત્તિની ખામી, અને ગૃહિણિને ઘટતી યોગ્યતા સંપાદન કરવાની નિઃસ્પૃહતાને લીધેજ સાંપ્રત સમયે સંસાર સ્થિતિ વિલક્ષણ સ્વરૂપે દર્શન દેછે, નિરાશા ઉપજાવે છે. જે દોષ છે, તે દોષ ટાળવાની તત્પરતા રહે, તો પૂર્વવત્ સ્થિતિ પ્રાપ્ત થઇ શકે.

પાંચાળીને પુત્ર શોક.

પાંચાળીએ જેમ પાતિવ્રુતધર્મનું રક્ષણ કરવામાં અપરિમિત કષ્ટ અનુભવ્યું છે, તેમ પુત્રશોકના દુ:ખનો પણ ભાવિ યોગે તેમને અનુભવ થયા વિના રહ્યો નથી. માતા પિતાની હયાતીમાં પૂત્રનું મરણ, તે તેમને કારી જખમ જેવું અસહ્ય જણાય છે. તેમાં પૂત્ર શોકની વ્યથા પિતા કરતાં માતાને વિશેષ દુ:ખદાઈ થાય છે. સતિ પાંચાળીને, ધર્મથી પ્રતિવિન્ધ્ય, ભીમથી શૃત સોમ, અર્જુનથી શૃત કર્મા, નીકુળથી શતાનીક, ને સહદેવથી શૃતસેન, એવા પાંચ પુત્રો થયા હતા. પાંડવોને કૌરવો સાથે કલહ ચાલુજ હતો, છેવટ મહા ભારત યુદ્ધ થયું; કુરૂક્ષેત્રમાં કૌરવોના અનેક યોદ્ધાઓ મરાયા, રૂધીરની સરિતાઓ વહી, ભીમસેનની ગદાના પ્રહારથી દુર્યોધનનાં બંને સાથળ કપાઇ ગયાં, આ જોઈ અશ્વસ્થામા, જે તેના પક્ષમાં હતા તેમણે તેમનું હિત કરવાના હેતુથી, પાંચાળીના પાંચ પુત્રો સુતા હતા, તેમનાં માથાં કાપી લીધાં, એક વિર પુરૂષને

અછાજનું તેણે કુકર્મ કર્યું; પોતે બ્રાહ્મણ છતાં શાસ્ત્રાજ્ઞાથી ઉલટું આચર્યું. શત્રુ હોય, છતાં તેને સુતેલો મારવામાં મહા પાપછે, તે નિતિ નજરમાં ન રાખી. તેમાં પાંચાળીના પુત્રો છેક બાલ્યાવસ્થામાં હતા, તેમનો વધ કરીને અશ્વસ્થામાએ અવધી કરી. અરે ! કદી ન ભુંસાય, તેવું કાળું કલંક માથે લીધું. પુત્રોના વધની ખબર જાણતાં પાંચાળીને અવર્ણનિય દુઃખ ઉપજ્યું, નેત્રો અશ્રુપ્રવાહથી આચ્છાદિત થઇ ગયાં, અને પુત્ર ! પુત્ર ! એમ પોકારી શીર તાડન કરવા લાગ્યાં, સતીની આ સ્થિતિ જોઇ અર્જુનની લાગણી ઉશ્કેરાઇ ગઇ, તેણે આશ્વાસન આપવાનો ઉપચારતો ઘણા કર્યા, પણ સઘળા વ્યર્થ. સતીતો રૂદન કરતાં એટલુંજ કહેતાં હતાં, કે હાય ! હાય ! મારા પુત્રોને શત્રુએ સુતેલા માર્યા ! અરે ! જો તેઓ યુદ્ધમાં મરાયા હોત, તો મને મુદ્દલ ન લાગત, ઉલટો મારો આત્મા સંતુષ્ટ થાત. મોતતો દરેકને માથે છે, કોઇને વહેલું તો કોઇને મોડું. પણ સ્વધર્મ બજાવતાં મૃત્યુ થાય, તો તે પ્રાણી સ્વર્ગે જાય છે. અને એવા

વિર પુરૂષના મરણથી પાછળ વાહ ! વાહ ! કહેવાય છે. હાય હાય ! નો શોકોદગાર તેને માટે હોય નહીં. અહ ! મને મારા પુત્રોનું વિરત્વ વિલોકવા વખત ન મળ્યો ! મેં. તેમને રક્ષા બંધનથી, મંગળ આશિર્વાદ આપી યુદ્ધમાં વળાવ્યા હોત, ને ત્યાં તેમનું અનિષ્ટ નિપજ્યું હોત, તો હું એમજ માનત કે વાહ ! વિરક્ષત્રીને માટે રણક્ષેત્ર પ્રાણદાન દેવાને સરજાએલું હતું, તેજ બન્યું. અને તેમાં ખેદ કે શોક શા માટે થાય?—નજથાત.પુત્રો બાળક હતા, છતાં તેમને જગાડીને અશ્વસ્થામાએ સામે મોંઢે મારવાનો યત્ન કર્યો હોત, તો તેમના. સામર્થ્ય—બળની ખબર પડત! બાળક પણ તે પુત્રો પ્રતાપી પાંડવોના ! રાજા દ્રુપદના દોહિત્ર ! અને મ્હારા ખોળામાં ખેલેલા ! પયપાન તેમણે માંરૂં કરેલું ! એથી શિશુ હતા, તો પણ અશ્વસ્થામાના હાથથી તેમનો શિરચ્છેદ થવા પામત નહી. ખરેખર રંગ જામત, પણ આતો મન ભંગ થવા જેવું માઠું બન્યું ! દ્રૌપદીના આ ઉદગારો સાંભળી અર્જુનને ઘણું લાગી આવ્યું. તેણે સક્રોધ કહ્યું કેઃ—એ અધમ

બ્રાહ્મણનું માથું ગાંડીવ ધનુષ્યથી છિદન કરીને જ્યારે મ્હારા પદ પ્રહારથી તેને કચરીશ, ત્યારેજ પુત્રોના મરણનું સ્નાન કરીશ, અને હું તારાં આંસુ લોહીશ. આટલું કહી રૂદ્રરૂપ ધારણ કરી અર્જુન રથમાં ચઢયો. શ્રી કૃષ્ણ પરમાત્મા સારથી અને ધજામાં હનુંમાન હતા. અર્જુનને સક્રોધ આવતો જોઇને અશ્વસ્થામા જીવ લઇને નાઠા, અને જેટલું દોડાય તેટલું દોડયા. પણ જ્યારે થાકયા, અને બચવાનો અન્ય ઉપાય ન સુઝયો, ત્યારે પ્રાણસંકટ ટાળવાને તેમણે બ્રહ્માસ્ત્ર સાંધ્યું, એ બાણ નાખવાની કળામાં તે કુશળ હતા, પણ પાછું વાળી જાણતા નહોતા. બ્રહ્માસ્ત્રનું અસીમ તેજ, સર્વ દિશાઓમાં વ્યાપી ગયું. હવે શું કરવું ? એ પક્ષ સાથે અર્જુને આર્જવ યુક્ત શ્રી કૃષ્ણના સામું જોયું; કઠિણ વેળાએ કૃષ્ણ વીના અન્ય કોણ સહાય કરી શકે ? અશ્વસ્થામાના બ્રહ્માસ્ત્રને પાછું વાળી શકે, એવું કોઇ હતુંજ નહીં. કૃષ્ણે કૃપા કરીને બ્રહ્માસ્ત્રના તેજને બ્રહ્માસ્ત્રથી હરી લેવાની સુચના આપી. તેથી અર્જુને બ્રહ્માસ્ત્ર સાંધ્યું, બન્નેના ઘર્ષણથી અનેક સૂર્યના કરતાં

અધિક તેજના અંબારથી સર્વત્ર કોલાહલ મચી રહ્યો. પ્રજાએ પ્રલયકાળનો અગ્નિ પ્રકટ થએલો માન્યો. અર્જુને લોક સંરક્ષણાર્થે, બંને અસ્રને ખેંચીલીધાં, અને અશ્વસ્થામાની સમીપ જઇ પશુને બાંધે, તેમ તેને બાંધી લીધો. અર્જુનનો સંકલ્પ તેનું શીરચ્છેદ કરવાનો હતો, કૃષ્ણે એ પાપીની પ્રાણ હરવા જેવી કૃતિ છે, તેને જીવતો નજ રાખવો જોઇએ, એવી અનુમતી આપી. કૃષ્ણનાં એકથન અર્જુનની ધર્મ વૃત્તિની પરિક્ષા કરવા માટેનાં હતાં. પણ અર્જુન કંઇ ધર્મ-કર્મમાં અદ્રઢ નહોતો, તે અશ્વસ્થામા બ્રાહ્મણ છે, વધ કરવા યોગ્ય વ્યકિત નથી, માનવા યોગ્ય છે. એમ સારી રીતે સમજતો હતો એટલે તેતો અશ્વસ્થામાને બાંધીને પોતાની છાવણીમાં લઇ આવ્યો. અને દ્રૌપદી સન્મુખ તેમને રજુ કર્યા, અધમકર્મ આચરનાર દોષ યુકત અશ્વસ્થામા ઉંચું મોઢું પણ શી રીતે કરી શકે ? જેને યત્કીંચિત અપકાર કર્યો છે, તેની પાસે જતાં, ઉભા રહેતાં મનુષ્યને તેનું કર્મજ સ્વાભાવિક રીતે લજ્જીત બનાવે છે,

અશ્વસ્થામા સતી સમીપ લજ્જાયુક્ત મુખમુદ્રાથી ઉભા રહ્યા. સુશીલ સતી દ્રૌપદીએ દયાની દ્રષ્ટિથી તેમના સામું જોયું, અને ગુરૂ પુત્ર જાણી પગે લાગ્યાં ! અહા ! સહજ તુંકારો કરનાર પ્રત્યે ક્ષમા ભાવના જન હૃદયમાં સ્થિર રહેતી નથી, તો આ ઉંઘતા પાંચ પુત્રોનો એક સાથે વધ કરનાર પાપી અશ્વસ્થામા પ્રત્યે કીંચિત ક્રોધ દ્રષ્ટિ પણ ન દર્શાવતાં, કેવળ કરૂણાનીજ વૃષ્ટિ કરી, તે બોલ્યાં કે, પ્રાણનાથ ! ગુરૂપુત્રને આપ બાંધી ને લાવ્યા, તે મારાથી સહન થતું નથી, એને મુકીદો ! એ કોણ છે ? બ્રાહ્મણ તો નિરંતર પુજનીક છે ! ગુરૂ છે. તેમાં વળી જેના પ્રતાપે, જેના અનુગ્રહથી મંત્ર સહિત તમે ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી છે, એ ગુરૂ દ્રોણનો એ પૂત્ર છે, દ્રોણનો અરધો દેહ તેની સ્ત્રી કૃપી છે, અને તે આ વિરપુત્ર ને જન્મ આપનારાં છે, ત્યારે જેમ હું પૂત્ર શોકથી પીડાઉ છું, તેમ તેની માતા કૃપીને પુત્ર શોકથી પિડિત કરવાં, રોવરાવવાં એ આપને યોગ્ય નથી. જે અવિચારી રાજાઓ

બ્રાહ્મણનું કુળ કોપાવે છે, તે તેના પરિવાર સહીત પોતાના કુળને ભસ્મિભુત કરી નાખે છે, માટે ક્ષમા આપો. ભીમ અસહનશીલ હતો. તેણે ક્રોધાવેશ દર્શાવ્યો, દ્રૌપદીના વચન તેને રૂચ્યા નહીં, પણ શ્રીકૃષ્ણ પરમાત્માના હૃદયમા સતિની ક્ષમા વૃત્તી - ઔદાર્યનુ આન્દોલન પહેલેથી થઇ જ રહ્યુ હતુ, તેમણે અર્જુનની પ્રતિજ્ઞાનુ પાલન થાય એવો તત્કાળ તોડ કાઢયો, અને તેને અનુસરીને અસ્ત્ર વડે અશ્વત્થામાના માથાનો મણી અર્જુને કાઢી લઇ તેને તેજહીણ બનાવી બાળ હત્યાના એ ઘોર પાપીને છુટો કર્યો-જવા દીધો અહા ! શુ ? અર્જુનની ધર્મનિષ્ટતા ? શુ ક્ષમાયુકત સદ્‌વિચાર ? ક્ષાત્રત્વ એથીજ શોભે છે પણ અરે ! દ્રૌપદીની જ્ઞાન વિભુતિ અને ક્ષમા સમૃદ્ધિની તો અવધી! પૂત્રઘાતક પ્રત્યે પણ દયા ! ગુરૂપુત્ર પાપી છતા પણ તેના પ્રત્યે પુજ્યબુદ્ધી ! બ્રાહ્મણ વ્યક્તિ પ્રત્યે ભક્તી ભાવ ! વળી એથી અધીક તો એ છે કે, પુત્ર હો, વા પતી હો, પણ સ્વધર્મ બજાવતાં રણક્ષેત્રમાં લઢતાં મરાય, તે શોક કરવાને લાયક

નથી; પણ પ્રેમ પુષ્પથી વધાવવાને પાત્ર છે. એવી વીરાંગનાને–વીરમાતાને ઘટતી ઉંચભાવના સતિનાઅંતરમાં યાવત્ વસેલી દ્રષ્ટે પડી. એજ ભાવના પૂર્વે આર્ય બાળાઓના અંતરમાં દ્રઢતાથી વશી હતી, હમણા એથી ઉલટુંજ છે પુત્ર પ્રાપ્ત થાય, અને તે દિર્ઘાયુષ્ય ભોગવે, એટલુજ માતાઓ ઇચ્છે છે પછી તે સ્વધર્મ નિષ્ટ હોય કે નહોય, દુનિયામા દિવ્ય દીપી નીકળી પરિયાંને તારે, કે અદ્રાજતા આચરણથી ડુબાવે; ત્રિરવિભૂતિથી વિજયશાળી–ભાગ્યશાળી નિવડે, કે ઘરના ખુણામા બેસી રહી નામર્દની પેઠે રડે! તેની દરકાર નહીં. વળી એવા માલ વીનાના માનવી રોવા યોગ્ય નહીં, છતા તેના મરણથી લાબા રાગડા કાઢી રૂદન કરવું અમર્યાદિત રીતે કુટવું–પીટવું. એજ જાણે મરનારના જીવનનું સાર્થકય હોય, એમ દર્શાવવાની રૂઢી પડી છે! એ રૂઢીના બધનમાં બંધાએલા દ્રૌપદીના પુત્ર શોકનું આ પ્રકરણ વાંચશે–વિચારશે,–સતીની ઉંચ ભાવનાના અંકુરોને પોતાના હૃદયક્ષેત્રમાં સ્થાન આપશે, તો પૂવવત સ્થિતિ પ્રાપ્ત થયા વિનાં રહેશે નહી. મરનાર પ્રાણીના અંતરમાં પણ તેનો પડઘો પડશે, અને તે કલ્યાણકારી થશે.

પાંચાળીની વશીકરણ વિદ્યા.

પતિને વશ કરવાની વિદ્યામાં સતી દ્રોપદી અતી કુશળ હતાં, એ વશીકરણ વિદ્યા શ્રીકૃષ્ણ પરમાત્માનાં આઠ પટરાણીઓમાંનાં એક શ્રીસત્યભામાજી તેમની પાસેથી શીખ્યાં હતાં. શ્રીકૃષ્ણની સઘળી રાણીઓમાં સત્યભામાના અભિમાનનો અવધિ હતો, તેઓ કલેશ કરીને વારવાર પોતાના પતિને પીડતાં હતાં–શ્રીકૃષ્ણને સંતાપતાં હતાં! શ્રીકૃષ્ણ તેમના કલેશથી કંટાળતા હતા–ત્રાસતા હતા. એક દીવસ તેમના મનમાં વિચાર આવ્યોકે, "ભુતલમાં ઘણી રાજકન્યાઓ, દેવકન્યાઓ, અને નાગકન્યાઓ છે, પણ તેમાં કોઇને મેં સત્યભામા જેવું અભિમાની જોયું નથી તેમનો મુળ સ્વભાવ અભિમાન વાળો, અને તેમાં નારદજી જેવા લાકડાં લડાવનાર મળે છે, એટલે તેમનું ખરૂં સ્વરૂપ ખીલી નીકળે છે. અને તે એટલે સુધીકે, ક્રોધાગ્નિ તેમ-

ની રગેરગમાં દર્શન દે છે, ક્રોધના આવેશમા શું બોલુંછું, ને શુ કરૂછુ, તેનું તેમને મુદ્દલ ભાન રહેતુ નથી શોકયની રીસ મારા ઉપર ઉતારવામાં પણ આચકો ખાતા નથી એકવાર નારદજીએ લીલા જોવાને તેમને ભરાવ્યુ કે " શ્રી કૃષ્ણે રૂકિમણીને પારીજાતનુ પુષ્પ આપ્યું " તેમની આ ભભેર ણીથી તેઓ એટલા તો રૂઠ્યા કે " એ વ્હાલીને હું અળખામણી ! તમને તો એણે બાધી નાખ્યા છે ! તમોતો એનેજ જુઓ છો " આવા આવા શબ્દો બોલીને, અપૂર્વ ક્રોધ દર્શાવ્યો અનેક રીતે સમજાવ્યા, પણ તેમનુ મન માન્યુ નહીં જેમ જેમ શાન્ત પાડવાનો પ્રયાસ કરવા માડયો, તેમ તેમ ઉગ્રસ્વરૂપ ધારણ કરીને હદવાળી ! હુ હાર્યો, ને પારીજાતનુ ઝાડ તેમના નિવાસ ભુવનના બગીચામા સ્વર્ગમાથી લાવીને સ્થીર સ્થાપ્યુ, ત્યારે તે શાન્ત થયા રોજ આવા રડાકુટા ચાલે છે, હવે હુ તો એનો સ્વભાવ જાણું છું, અને મારા એની સાથે પાના પડયા છે, એટલે સહન કરૂં છું. પણ મારા

માતા પિતા, મારા જેષ્ટ બંધુ, મારાં ભાભી, અને કુટુમ્બના બીજા એમના કઠોર વચન કેમ સહન કરે! એમના વક્વાકયોથી ઘણી વાર મારા મોટાભાઇ બળભદ્રજી, ભાભી રેવતી, અને સુભદ્રા બેન સુદ્ધાન ખેદ પામે છે આવી રીતે તેમના અભિમાની સ્વભાવના આવિર્ભાવથી ઉદભવતાં કટુવાકયો વડે કુટુમ્બીઓના મન ઉદાશ થાય, ત્યારે તે ગમે તેવા રૂપવાન, ગુણવાન અને કુલવાન, હોય તો પણ શા કામના? તેમણે પોતાનો ધર્મ શો છે? તે સમજવુ જોઇએ, પણ કોઇ સતી સ્ત્રીના સંગ વિના તે પોતાનો ધર્મ નહીં સમજે, તેમને પોતાની ભુલ માલમ નહી પડે. હમણા ખરાં સતી એક દ્રોપદી છે, તેઓ શીખામણ આપશે, તો અસર કર્તા થશે, પણ સત્ય ભામાનો સ્વભાવ એવો હઠીલો છે કે, તેમને દ્રોપદી પાસે ચાલો એમ કહીશ, તો તેઓ માનશે નહી, ના પાડશે. માટે હું જ કંઈ એવી યુક્તિ કરૂં કે, " મને દ્રોપદી દેખાડો" એમ સત્યભામા પોતેજ આગ્રહથી કહે. આવી રીતે

ઘાટ ગોઠવી એક રાત્રીએ કૃષ્ણ, કૃત્રિમ નિદ્રાને આધિન થયા, પોઢી ગયાનો દેખાવ આપ્યો. સત્યભામા શ્રીકૃષ્ણ પરમાત્માને વ્યંજન ઢાળતાં હતાં. પોતે નિદ્રામાં છે, એવો ભાસ આપી પ્રભુ બોલ્યા, કે અહો ! પાંચાલી ! તમારી બાલ્યાવસ્થા છતાં તમે જ્ઞાનવૃદ્ધછો, સર્વ સ્ત્રીવર્ગને તેમના ધર્મ શીખવવામાં એક સમર્થ ગુરૂના જેવાં પ્રવીણ છો, વિનય વિવેક અને ગંભીરતા, એજ જાણે ઉત્તમ આભુષણ હોય, એમ માની તેને તમે દ્રઢતાથી ધારણ કર્યાં છે, સતીઓમાં સર્વોત્તમછો, અને પતિને વશ કરી લેવાની વિદ્યાને તો તમે પોતાની કરી લીધી છે, કુલિન કાન્તાઓને ઘટતા સર્વ સદગુણોથી યુક્ત છો, અને ટુંકામાં તમે એક અનુપમ સાધવીછો. અરે ! તમે આવાં છતાં હાલ વિપ-તીના વાદળથી ઘેરાયાં છો, વનવાસમાં વિચરવું પડયું છે, તમારે કઠિણ કષ્ટો સહન કરવાં પડે છે, ધીકકાર છે વિધીને ! વિધાતાનો આ વ્યાપાર ખરેખર ખેદ યુકત છે. નિદ્રાધિસ્થ સ્થિતિમાં શ્રીકૃષ્ણનાં આવાં કથનો

સાંભળી, સત્યભામા આશ્ચર્ય પામ્યા. અને બોલી ઉઠયાં, કે અરે ! પ્રાણનાથ ! આ શું વદો છો ? અરે ! ઉંઘમાં પણ આપ કોનું ધ્યાન ધરો છો અહા ! એવી કોણ ભાગ્યશાળી ભામિની છે કે, જેને આપ જેવા ત્રિભુવનપતી સ્નેહથી સંભારો છો, ભાવથી ભજો છો, અને તેના સદગુણની શ્રીમુખે પ્રસંસા કરો છો ? અહા ! કયાં પૂણ્યવંત માતા પિતાને ત્યાં એણે જન્મ લીધો છે ? અને કયા ભાગ્યવંત ભુપતી સાથે એનું પાણી ગ્રહણ થયું છે? અહા ! જેને એવી સ્ત્રી પ્રાપ્ત થઈ હશે, તેના સંસાર સુખમાં કિચીંત ન્યુનતા નહીં હોય ! તે કોણ છે ? એ જાણવા હું અતી ઉત્સુક છું. નાથ ! મને કહો. શ્રીકૃષ્ણ જાણે ઉંઘમાંથી જાગ્યા હોય, એમ આળસ મરડીને બોલ્યાઃ—અરે ! પ્રીયા ! શું ? શું ? હું ઉંઘમાં શું બોલ્યો, તે એકદમ જાગી જવાથી, મને તેનું કાંઇ સ્મર્ણ રહ્યું નથી, તમે સંભારી આપો, તો વખતે યાદ આવે સત્યભામા બોલ્યાં, કે હું તો આપના વદન કમળ સામુંજ જોઈ રહી

હતી, આપની મુખમુદ્રાજ નિહાળી રહી હતી, અને આપના સ્વરૂપાનદમા મારૂ મન એવુંતો તલ્લીન થઇ ગયું હતું, કે અક્ષરસ આપના કથન મને યાદ પણ શી રીતે રહે ? આપના શબ્દામૃતથી મારી કર્ણેદ્રિ પવિત્ર થઈ છે, હૃદયની ઉત્સુકતા એ સતીનુ યથાસ્થિત વૃતાન્ત જાણવાને વધી ગઇ છે હા ! મને એટલુ યાદ આવે છે કે, આપ પાચાળીના નામનો પાઠ કરતા હતા, સતી શબ્દથી સબોધતા હતા, તેના સતિત્વની પ્રશશા કરતા હતા, સદ્ગુણ સપત્તી ને જ્ઞાન વિભુતીનુ યશોગાન ગજાવતા હતા ! અને છેવટ એ સતી વનવાસમા વિપત્તી વેઠે છે ! એમ કહી તેને માટે ખેદ પ્રદર્શીત કરતા હતા, મનેતો એટલુ સાભરે છે શબ્દે શબ્દ ક્યાંથી સાભરે ? સત્યભામાની વાતથી જાણે અકસ્માત યાદ આવ્યું હોય, એમ હરી હેતથી બોલ્યા કે, હા ! હા ! હવે મને સાંભર્યું, શ્રીકૃષ્ણે દ્રુપદ તનયા પાંચાળીની ઉત્પત્તિ, તેનો સ્વયંવર, અર્જુને કરેલો મચ્છવેધ, પાચ પાંડવો સાથે પાંચાળીનુ

પાણીગ્રહણ, પાંડવો સાથેનો પોતાનો સબંધ, દ્રોણને અર્જુને આપેલી ગુરૂદક્ષણા, કૌરવોની કુરતા, તેમણે પાંડવોને લાક્ષા ગ્રહમા ભસ્મીભુત કરવાને રચેલી ભયંકર યુકતી, તેમા તેમનુ થએલું સંરક્ષણ, તેમણે કરેલા રાજસુ યજ્ઞ, દુર્યોધનાદિ ને ઉપજેલા દ્વેષ, તેણે યુધીષ્ટરને દ્યુત રમાડવા રચેલી રચના દ્યુતમા મામા શકુનીએ ધર્મ ને અધર્મથી ખવરાવેલી હાર, દ્રોપદી સહિત યુધિષ્ટરના દ્યુતમા પરાજય, પાપી કૌરવોએ કુટીલતાથી સતીના ભરસભામાં વસ્ત્રહરણ કરવા વાપરેલો બળાત્કાર, અને તેમા સતિત્વના પ્રભાવથી પાંચાળીની સચવાએલી લજ્યા, તેના પતિવૃત ધર્મના અદભુત્ત ચમત્કારથી ધૃતરાષ્ટે પ્રસન્ન થઈ પાંડવોને તેઓ હારેલા, તે રાજની કરાવેલી પુનઃપ્રાપ્તી, પુન દ્યુત, પ્રસંગ અને તેમાં યુધીષ્ટર પરાજય પામ્યાથી સતી સહીત મળેલા વનવાસનું સર્વ વૃતાંત્ત, શ્રીકૃષ્ણે સત્યભામાને કહી બતાવ્યું. અને પછી વિશેષમા જણાવ્યું, કે એ સતી તેના પતિ સહીત હમણાં વનવાસની

અસહ્ય વીટમ્બણા વેઠે છે, અરે ! એમનું દુઃખ કથ્યું ન જાય એવું છે. પાંચાળી જેવી પતિવૃત્ત ધર્મમાં પ્રપુર્ણ સ્ત્રી ત્રણલોકમાં નથી; એમણે અનેક કષ્ટો પડયાં છતાં શિયળ સાચવ્યું છે, સુખમાં કે દુઃખમાં સમાનવૃત્તિ રાખી, સર્વદા પતી સેવામાં પ્રવર્ત્ત રહ્યાં છે, અસહ્યવેદના અનુભવવા છતાં પતિ ભકિતમાં કિંચીંત ન્યુનતા દેખાડી નથી, પતીનું તો શું ? પણ અન્ય મનુષ્ય પ્રાણીનું દીલ તેમણે કદી દુખાવ્યું નથી. કાયીક, વાચીક, અને માનસીક એ ત્રણે રીને તેઓ પાપનો, અરે ! કઠોરતાનો કદી પડછાયો લેતાં નથી, એ પુનિત પ્રમદા—સુશીલ સતિનું મને સ્વપ્ન થયું. આ પ્રમાણે સત્યભામા શ્રીકૃષ્ણનાં વચન સાંભળી સતિની દુખદ સ્થિતિના વૃતાંત્તથી, આ દુખ તેમની દ્રષ્ટીએ તરતું હોય, તેની પેઠે ગદ્ગદિત થઇ ગયાં, અને તેને ત્વરાએ મળવાની ઉત્સુકતાથી અધીરાં બની શ્રીકૃષ્ણને તેમણે વિનંતી કરી કે, મારા નાથ ! એ સતી જ્યાં હોય, ત્યાં મને સત્વર તેડી જાઓ. તેના પ્રત્યક્ષ મેળાપથી, તેના પ્રસંગથી હું અપૂર્વ આનંદ પામીશ.

શ્રીકૃષ્ણના અંતરભાવને અનુસરતી સત્યભામાની યાચના થતાની સાથેજ રથ મંગાવી પ્રભુ સત્યભામાજીને તેડી, પાંડવો વનમાં હતા, ત્યાં ગયા. અકસ્માત શ્રીકૃષ્ણના આગમનથી પાંડવો પ્રસન્ન થયા, તેમના દર્શનથી દુખમાં આશ્વાસન મળવા જેવું બન્યું, વિપતિની વેળાએ સુહૃદનો મેળાપ હૃદયને શાન્તી દાતા થાય છે. મનુષ્યને હૃદય ભાર ખાલી કરવાને શ્રેષ્ટ સ્થાન મળે છે, ત્યારે મનની મુઝવણ મટે છે. શ્રીકૃષ્ણ પાંડવોના સાચા સુહૃદ-હિતેશી હતા, તેથી તેમનું દર્શન મળતાં આનંદનો પાર ન રહ્યો. સુખના તો સર્વ સોબતી થાય છે, સત્તાકે સ્મૃદ્ધી સમીપ હોય, ત્યારે તો વગર તેડયા આંગણા આગળ અનેક અટવાય છે! પણ આપદ વખતે તો ખરો મિત્ર હોય, નિસ્વાર્થ ભાવનાવાળો સજ્જન સ્નેહી હોય, તેજ સંભાળ લે છે. શ્રીકૃષ્ણે આત્મિક-આપ્તજન તરીકે આ વિકટ વેળાએ સંભાળ લીધી, તેને માટે પાંડવોએ પ્રભુનો ઉપકાર માન્યો; અને વિશેષમાં વળી યુધિષ્ટરે એમપણ કહ્યું કે, પ્રભુ ! જેનો કોઈ બેલી નહીં, તેના આપ

બેઠી થાઓ છો અને દીન-દુખીને આપનું સ્મરણ થતાની સાથેજ સહાયતા કરવાને આપ દોડી જાઓછો! અનાયાસે આજે આપના દર્શનનો લાભ મળ્યો, તેથી અમે કૃતાર્થ થયા પ્રેમથી ગદગદિત થઈ પાંચાળી સહ પાંડવોએ પ્રભુને વદન કર્યું સત્યભામા સહ પ્રભુની પધરામણી થવાથી પાંચાળીને અધીક આનંદ થયો, અને તેમણે દંપતીનું સસ્નેહ યથેચ્છ આદર આતિથ્ય કર્યું શ્રી કૃષ્ણના સમાગમનું અલભ્ય સુખ અનુભવવામા દસ દિવસ ક્ષણ સમાન ત્વરાથી વ્યતિત થઇ ગયા, એટલા સમયના સહવાસથી સત્યભામાનું મન પણ દ્રૌપદી સાથે મળી ગયું અને પરસ્પર દ્રઢ પ્રીતી બંધાઇ! એક દિવસ વાતાલાપના પ્રસંગમાં સત્યભામાએ દ્રૌપદીને કહ્યું કે, ' પ્રિય સખી પાંચાળી! હું તમને મારા આત્મિક, સાચાં શુભચિંતક, અને મારા હૃદયની વાત નિવેદન કરવા જોગ સર્વોત્તમ સ્થાન રૂપ માનુ છું, અને તેથી પુછુ છુ કે, આ તમારા પાંચ પતી વિર વિભૂતિથી વિભૂષિત, મહીપાળ છે. છતાં તેઓ તમારે વશ થઇ

રહ્યા છે, તમારા પ્રેમમાં લુબ્ધ થઈ ગયા છે, અને કોઈ દીવસ પણ તમારા પ્રત્યે રીસ કરતા નથી, ગુસ્સે થતા નથી એ તે શું કંઈ તમારા વ્રતનો પ્રભાવ છે? અથવા કંઈ મંત્રનો બળ છે? કે કંઈ ઔષધોપચારનો આવિર્ભાવ છે? કઈ વિદ્યા, કયા દેવતાનો જપ, કેવા પ્રકારની વિધિથી હોમ કીવા પ્રયોગ કરીને તમે તમારા સ્વામીને વશ કરી શક્યા છો? તે મને કહો, કે જેથી તેપ્રમાણે આચરીને હું શ્રીકૃષ્ણને વશ કરી શકું' પાંચાળીએ પ્રથમ તો નીચું મુખ મલકાવી પછી ગંભીરતાથી ઉત્તર આપ્યો કે અરે! સત્યભામાજી, તમે શું બોલો છો! તમારી વાત સાંભળીને તો મને ખેદ થાય છે. શું તમારા જેવી ઉત્તમ સ્ત્રીએ પતિને વશ કરવા માટે, આવા ઉપાયો કરવા ઘટે છે? શું તમે મને પતિને વશ કરવા વાસ્તે કામણ ટુમણ કરનારી અધમ સ્ત્રીઓ જેવી જાણો છો? નહીં, નહી. પ્રિય રાણી! આ આપણ જેવાને તો મનમાં એવો ભુંડો સંકલ્પ પણ ન થવો જોઇએ. તમે કહ્યા, તેવા કોઈ પણ ઉપ

ચારથી પતિને વશ કરવા પત્નિ પ્રયત્ન કરે, તો એ સ્ત્રી નહીં, પણ સર્પિણી છે. એવી સ્ત્રીથી તેનો પતિ ઉદ્વેગ પામે છે, અને જ્યા પતિ ઉદ્વેગમાં રહ્યો, ત્યાં શાન્તી કે સુખ સંભવેજ કેમ? ત્યાં તો અવિશ્વાસ અને અશાન્તીનોજ જન્મ થાય છે. અને કલેશ કકાસનું સામરાજ્ય થઈ રહે છે. પ્રિય સખી! મલીન વિદ્યા કે મંત્રાદિ કોઈ પણ પ્રયોગોથી કદી પતિ વશ થતોજ નથી ઓષધોનો ઉપયોગ પણ વ્યર્થ છે એટલુંજ નહીં પણ કદાચ્ કોઇ અજ્ઞાનતાથી અજમાવે, તો તેમાંથી પતિને નાના પ્રકારના વ્યાધી થ ય છે, વખતે અનીષ્ટ પણ થાય. ધંતર મંતર કરવાનું કહી કેટલાક ધુતારા ધન હરી જાય છે, અને એવા ખરાબ માણસોના પ્રસંગમાં આવવાથી પાતિવ્રત ધર્મનો ભંગ પણ થાય. આવી રીતે પોતાનું અને પોતાના પતિનુ અહિત થાય, એવે ચાળે ચઢવું, એ શું એક ધર્મપત્નિને યોગ્ય છે! વ્હાલી સખી ખરૂં વશીકરણ એ નથી. એતો મિથ્થા ભામા છે. મારી પાસે વશીકરણ વિદ્યા છે,

તે કંઇ જુદાજ પ્રકારની છે, અને તેના વડેજ હું મારા પતિની સંપૂર્ણ પ્રીતી મેળવી શકીછું. પત્ની પતિને વશ રહેવી જોઈએ, પણ તે પતિને વશ (તાબે) કરે એતો દેખીતુજ અયોગ્ય હું તો ગણું છું. મારા પતિની હું પ્રીતી પાત્ર શીરીતે થઇ શકી છું? તે હું તમને કહું છું—સાભાળો હું યત્કિંચિત મારા મનમાં અહંકાર રાખતી નથી, તેમના આગળ હું ડાહીછું એવો ડોળ દમામ, દેખાડતી નથી, પતિની કર્ણેંદ્રિને કઠોર લાગે, એવો શબ્દ હુ કદી બોલતી નથી. કામ, ક્રોધ. લોભ, મોહ, મત્સર ઇત્યાદી દુર્ગુણોને તો હું સર્વદા દુરજ રાખુંછુ. વિવિધ વસ્ત્રાલંકાર કે અન્ય વૈભવાદિથી પતિની અવિછીન્ન પ્રિતિને હું અધિક ઇચ્છું છું. અને તેને જ માટે સર્વથા પ્રયત્નશીલ રહું છું, અરે! મારા પતિને ખોટું લાગશે? તેમનું દીલ દુખાશે? એજ મારા હૃદયમાં ખાસ ખટકો રાખી તેઓ હમેશાં ખુશી રહે, એવી રીતે હું વર્તુ છું. મારા પતિને સંતુષ્ટ રાખવા મારી બીજી શોકયોને હું કદી દુભવતીતો

નથીજ, પણ ઉલટી તેમને પ્રસન્ન રાખવા પ્રયત્ન કરૂં છું; અને તેમને હું મારાથી ભિન્ન ગણતી જ નથી મારી શોક્યો અથવા ચાકરીયામાં બીજું કોઇ કદાચ કંઈ કડવું બોલે તો હું સાંખી લઉંછું, અને ખુલાસો આપવાની જરૂર હોયતો ધીરે સ્વરે એવું બોલું છું કે, તેઓ સત્વર શાન્ત પડી જાય, અને મારા પ્રત્યે વાપરેલી કટુતાને માટે તેઓ પોતેજ શરમાય. પ્રત્યેક વૃદ્ધા અને સુલ-ક્ષણી સ્ત્રી સુબોધ આપે, તો સવિનય ખો-ળા પાથરી, ગ્રહણ કરૂં છું અને તેમની પાસે જાણે હું અજ્ઞાન હોઉં, એમ દેખાડું છું મારો કોઈ કંઇ દોષ દેખાડે, તો તેમના ઉપર હું જરાએ રોષ કરતી નથી, પણ તેમની શીખામણથી એ દોષ સુધારવાને ઉત્સુક રહું છું નોકર ચાકર, કે પાડા પાડોશી સાથે ઉંચે સ્વરે બોલતી નથી, કોઇની પાસે કુટુંબના છિદ્રો ખોલતી નથી. સાસુ નણંદ કે દેરાણી જેઠાણીની નીંદા હું કદી કરતી નથી સરખે સમાણી સઘળી સ્ત્રીઓને મારી સગી બેન, અને વૃદ્ધાઓને

આત્મા સમાન માનું છું, પતિ સિવાયના પુરૂષોમાં મોટા તેને પિતા, અને નાનાઓને ભાઈ સમજી પુજ્યભાવ–પ્રેમભાવ રાખી તેમની સાથે ઘટતા વિવેકથી વર્તું છું. સર્વ કામ તજીને–ક્ષુધા તૃષા વેઠીને પતિ સેવામાં પ્રવર્ત્ત રહું છું નઠારા પદાર્થ જોતી નથી, નઠારાની સોબત કરતી નથી, નઠારે ઠેકાણે બેસતી નથી, નઠારા સ્થાને જતી નથી, કોઈ પ્રકારની હઠ કરતી નથી, મારા પ્રિય પતિનેજ સૂર્ય, ચંદ્ર, અગ્નિ આદિ દેવ, અરે ! મારા હૃદયાત્મા, પ્રભુ સમજું છું, તેમનેજ ભજુ છું, તેમનીજ આજ્ઞામાં હમેશાં તત્પર રહું છું. તેમની સેવા એજ મારે મન મીઠા મેવા ! તેમની પ્રિતિ, એજ ઉમદા વસ્ત્રાભુષણ, એમ સમજી તેમના ચરણ કમળમાં ચિત્ત રાખ્યાથી, મને અન્ય અપેક્ષા રહેતીજ નથી, ક્ષુધા, તૃષા, તેમના પ્રેમ દર્શનથીજ નિવૃત્ત થઈ જાય છે, અને ભલેને સૌભાગ્ય સુચક સહેજ આભુષણ, અને સાદાં વસ્ત્ર હોય, પણ મારૂં મન તેમની પ્રિતિની નજરથી આનંદોદધિમાં

તરે છે. મારા પતિ સીવાય દેવ, ગંધર્વ, કે મનુષ્ય ગમે તેવા રૂડા-રૂપાળા, વિદ્વાન, ગુણવાન કે યૌવન-વાન હોય, વિવિધ વસ્ત્રાલંકાર સજીને સૌંદર્ય સંપન્ન દેખાતા હોય, પણ તે પુરૂષોને હું તુચ્છ ગણું છું, અને એક મારા પતિનેજ સર્વોત્તમ જાણું છું મારા પતિજ મારા જીવન, મારા પ્રાણ, મારા હૈયાના હાર, મારાં નેત્રોનુ તેજ, અને મારા સર્વાંગનું ચૈતન્ય છે; એમ માની તેમને સુખ આપવા, અને આનંદમાં રાખવા ખડેપગે ઉભી રહું છું. પતી જમ્યા ન હોય, ત્યાં સુધી હું જમતી નથી; ગમેતો તેઓ કંઇ કામમાં પ્રેરાયા હોય, તોપણ તેઓ જમે, તે પછી જમુ છું. દાસ દાસી અનેક હોય, પણ હું સ્વહસ્તેજ રસોઇ કરી મારી જાતેજ પીરસું છું, અને જમે ત્યાં લગી તેમની મુખમુદ્રા નિહાળતી સામી ઉભી રહું છું, કે વ્યંજન ઢોળું છું. તેમના વદન કમળમાંથી ખરતાં શબ્દ પુષ્પો સત્વર ઝીલી લઈ, તેમની આજ્ઞા સસ્નેહ ઉઠાવી લઉ છું, અનુચરાદિની અપેક્ષા રાખતી

નથી, તેમની વાટ જોતી નથી. પતિની મુખાકૃતિ સગાર ઉદ્દાસિનતા વાળી કે ચિન્તાગ્રસ્ત જોઉછું, ત્યારે મારૂં ચિત્ત ચરચર બળે છે, અને તેવે વખતે હું સમયોચિત ઉપચારોથી તેમને પ્રસન્ન કરવા પ્રયાસ કરૂં છું, ચિન્તાનું કારણ જાણવાની જીજ્ઞાસા ધરાવું છું, અને યથામતી તે ટાળવાને વિનયથી મારો વિચાર તેમના સમીપ નિવેદન કરૂં છું. પતિ વનમાંથી કે અન્ય સ્થળેથી ઘેર આવે, ત્યારે સામી જઇ પ્રેમ પૂર્વક વંદન કરી સુખાસને બેસાડું છું તેમની પ્રત્યક્ષ પ્રતિમા નિહાળી પ્રેમસુધાનું પાન કરૂં છું, જળપાનાદિ નિવેદન કરી તેમનો શ્રમ નિવારવાના ઉપચાર આદરૂં છું, મારા શારીરિક અને માનસીક વ્યાધીની વાતતો હું તે વખતે તેમને કરતીજ નથી, કોઇએ કદાચ તેમની ગેર હાજરીમાં મારૂ દિલ દુભવ્યું હોય, તો તે હકીકત તે વેળાએ તેમને જણાવતીજ નથી. વ્હાલી સખી ! પતિનું મન અનેક વિટમ્બણાથી વિંટાએલું હોય છે, રાજ-કાજ કે સંસાર વ્હેવારના ચિન્તાગ્નિથી તપેલું

હોય છે, તે વિશ્રાન્તિ વાસ્તે ઘરમાં આવે, ત્યારે તેને ગૃહિણિ રૂપી કલ્પ વૃક્ષથી શાન્તી પ્રાપ્ત થવી જોઇએ, તેમનો હ્રદય તાપ નષ્ટ થવો જોઇએ, તેને બદલે આવતામાંજ તેના હ્રદય તાપમાં ઉમેરો થવાને, સ્ત્રી બળતા બાવળ રૂપ બની અંગારાની વૃષ્ટિ કરે, તો સૃષ્ટિમાં ઠરવા જોગ તેને વાસ્તે બીજું સ્થાન કયું છે ? આ કારણથી હુંતો તેમનો હ્રદય તાપ નિવારવા હમેશાં સાવધાન રહું છું, વળી ગૃહભૂવન સર્વથા સ્વચ્છ અને આનંદદાયક લાગે, એવી યોજના હું મારી જાતે કરૂં છું, ઘરનો સરસામાન અને પાત્રાદિ મુદલ મલીન થવા દેતી નથી, જેની તે વસ્તુ જ્યારે જોઇએ, ત્યારે સત્વર સાંપડે, એવી નિયમિત વ્યવસ્થા રાખું છું, હયશાળા ને ગૌશાળાની નિરિક્ષા કરી, તેમાં બરાબર સ્વચ્છતા રહેછે, કે કેમ ? ગાયો ઈત્યાદી અવાચક પ્રાણીઓને નિયમીત અને સારો ખોરાક અપાય છે,કે નહીં ? તેની બરાબર તપાસ રાખું છું, આળસને તો મારી પાસે આવવાજ દેતી નથી, પ્રમાદતો સર્વદા મારાથી દુરજ રહે છે,

હમેશાં બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી, નિત્યકર્મ આટોપી લઇ, પતી સેવા અને ગૃહકાર્યમાં ગુંથાઇ, સઘળો કાળ તેમાંજ નિર્ગમન કરૂં છું. ઘરકામથી કંટાળતી નથી, થાકતી નથી. પતીને જેમ બને તેમ ઓછી પીડા, ઓછી ફીકર રહે, અને તેમને ઉપયોગી થવાય, એજ અભિલાષા અંતરમાં રાખી મારૂં કર્તવ્યં કરૂં છું. નવરાશનો વખત નિંદા-કુથલીમાં નકામો કાઢતી નથી, પણ જનહિત અને ગોધન રક્ષાની વ્યવસ્થામાં વ્યતિત કરૂં છું. ઘરની સર્વ સામગ્રી સ્વચ્છ રાખી ભવિષ્યને માટે જોઇતી ચીજ વસ્તુનો સંચય કરી રાખવાની મારા ચિત્તમાં હમેશાં ચીવટ રહે છે, એ વિશેનો ચત્કીંચીત બોજો મારા સ્વામીને શીરે નાખતી નથી. હું જાણું છું, કે બહારનો અને ઘરનો બેવડો બોજો પતીને માથે પડે, તો તેમને ગૃહસ્થાશ્રમ ભાર રૂપ જણાય, તેમ ન થાય તેને માટે તેઓ તેમનું કર્તવ્ય બજાવવામાં સ્વતંત્ર રહે, નચિંતપણે વિચરી શકે, તેવી રીતે હું વર્તું છુ. ગૃહકાર્યમાં વ્યય, વિવેકની સાથે કર-

કસરથી કરૂં છું. પતિને શું ભોજન પસંદ છે, તે કળી લઈ તેમને વખતસર ભાવતું ભોજન જમાડું છું. તેમને કઇ વાત ગમશે, તેનો પહેલેથી વિચાર કરી નેજ કોઈપણ શબ્દ ઉચ્ચારૂં છું, કોઈવિખત પણ હું એવું વચન નથી કાઢતી કે, મારા પતિને મારા પ્રત્યે તિરસ્કાર ઉપજે. ખરાબ સ્ત્રીઓનો તો હું પડછાયો પણ નથી લેતી, મારાં હાસ્ય વિનોદ તો મેં પતિનેજ માટે સ્વતંત્ર રાખ્યાં છે, ગંભીરતા એનેજ હું અનુપમ ઘરેણું માનું છું, વડીલો કે અન્ય અપરિચીત મનુષ્યોના સમક્ષ ઉંચા સ્વરે હું બોલતી નથી, મર્યાદાના આભુષણને જાળવી રાખવાનો મારો દ્રઢ નિશ્ચય છે, ઉંબરા ઉપર કે ઉકરડા પાસે હું ઉભી રહેતી નથી, ઉદ્યાનમાં કે અન્ય અવાસમાં હું કદી એકલી જતી નથી, સગો ભાઈ હોય, પણ માર્ગમાં મળે, તો તેની સાથે હું વાત કરતી નથી, અરે ! તેના સામું પણ નથી જોતી. સત્ય બોલું છું, ને બોલું છું, તેમ વર્તું છું. પ્રાણ કરતાં પણ શિયળ તથા પ્રતિષ્ટાને પ્રિય ગણું છું, પતિનું જેમ હિત થાય,

એમ આચરૂં છું, પતિ વીના મને કોઈ પદાર્થ પ્રિય નથી. જ્યારે કોઇ કામના પ્રસંગથી મારા પતી પરદેશ કે પરગામ સીધાવે છે, ત્યારે ચંદન, પુષ્પ, નવાં વસ્ત્ર, અને અલંકાર હું ધારણ કરતી નથી, પણ વૃત-નિયમ ને હ્દાવલંબન કરૂ છું. જે મારા પતી નથી પીતા, તે હું પીતી નથી, તેઓ જે જમતા નથી, તે હું જમતી નથી; જે મારા પતી નથી સેવતા, તે પદાર્થના સામું પણ નથી જોતી; તેમને જે પ્રિય નથી, તે મને અપ્રિયજ છે. આવી રીતના શાસ્ત્રમાં જે ધર્મ વર્ણવ્યા છે, તે પ્રમાણે પતિના હિતને અર્થે વર્ત્તવા યાવત્ તત્પર રહું છું તેઓ જ્યારે હાજર હોય છે, ત્યારે સુંદર વસ્ત્રાલંકાર, પુષ્પ-પરાગ અને ચંદનાદિ ધારણ કરી, પતિને સંતોખુ છું મારૂં જે હોય, મને મારા પતિ તરફથી કે પિતા તરફથી પ્રાપ્ત થયું હોય, તેટલાથી સંતોષ માનું છું, અન્યનું જોઈ તેવું મેળવવાનો મનોભાવ રાખતી નથી, તેવું લાવી આપવાને પતિને સંતાપતી નથી, પતિની પ્રસાદી વિનાનું કશું ગ્રહણ કરતી

નથી. કુટુમ્બમાં પાળવાના જે ધર્મો મારાં સાસુ કુંતાજીએ મને બતાવ્યા છે, તે પ્રમાણે હું ચાલું છું. અને દેવી અનસૂયાએ મને જે પાતિવ્રત ધર્મનું મહાત્મ જણાવી બોધ આપ્યો છે, તે મેં મારા હૃદયમાં કોતરી રાખ્યો છે, અને ડગલે ને પગલે મારા વર્તનમાં ભુલતો નથી થતી, એ જેવા-તપ્ત-સવાને ચોંકવીને ચમકવી રહું છું. કોઈ પણ કાર્યમાં સાહસ વાપરતી નથી, અધર્મ અનાચારના ભયથી ભડકું છું, દુરાચારના દેવને દુરથીજ નમસ્કાર કરૂં છું, અરે ! બીકકારૂ છું. માન આપવા લાયક હોય, તેને માન આપું છું, રાત્રિ દિવસ યમ-નિયમ અને વિનયનેજ સેવું છું, કદાચ મારા પતિ ક્રોધા-વેશમાં હોય. તોપણ હું તો તેમની દીન થઈને સેવા કરૂં છું. કારણ કે સ્ત્રીને પતિ એજ આધાર છે, પતિ એજ દેવ છે, પતિ એજ ગતિ છે, અને મતિ વાન સ્ત્રીની રતિનું સ્થાન પતિનીજ આકૃતિ છે. માટે કોઈ વખત પણ મારા સ્વામીનું વચન ઉલ્લં-ઘન કરતી નથી. વળી મારાં સાસુને પણ દેવ સમાન

ગણી, તેમની પ્રેમથી પુજા કરૂં છુ, તેમને જમાડીને જમું છુ, તેમને પોઢાડી તેમના ચરણ કમળ ચાંપી હું ચયન કરૂ છુ. આજ અમે વનવાસમાં છીએ, પણ જ્યારે રાજ્યમાં હતાં, ચક્રવર્તિ ભુપતિ તરીકે મહારાજા યુધિષ્ટર ઉપર છત્ર ચામર ઢળી રહ્યાં હતાં, ત્યારે અઢાર હજાર બ્રાહ્મણો રોજ તેમની સાથે સોનાના પાત્રમાં જમનારા હતા, ક્વચિત અઠયાસી હજાર બ્રાહ્મણો એક પંગતે જમવા વાળા થતા, તેઓને વૈશ્વદેવ કર્યા પછી તરત ભોજનનાં પાત્રો હું હાજર કરતી હતી, જેને જેમ ઘટે, તેવી રીતે અન્ન વસ્ત્રથી તેમની સેવા કરતી હતી. મારી હજુરમાં લાખ દાસીઓ હતી, તેઓને કેટલાં વસ્ત્રો છે, કેટલાં અભુષણો છે, તેઓ શું ખાય છે, શું પહેરે છે, તે મારી જાણ બહાર રહેતું નહીં. કોઇને રાંધવાનું, કોઇને પીરસવાનું, કોઇને રાચરચીલું સંભાળવાનું, કોઇને સ્વચ્છતા સાચવવાનું, કોઇને સેવાપુજાનું સાહિત્ય પુરૂ પાડવાનું ઇત્યાદિ કામોની સુપ્રત કરેલી હતી. તે દરેકના ઉપર હું

જાતે દેખરેખ રાખતી, અને તેઓ પોતાના કામમાં નિયમીત રીતે વર્તે છે કે નહીં ? તે બરાબર જોતી હતી. રાજમાં હય, ગજ,રથ, મેના, પાલખી વિગેરે વાહનોની સંખ્યાતો મારા જાણુવામાં હતીજ. પણુ તેની વ્યવસ્થા પણુ મારા હાથથી થતી હતી. દરબારી નોકરોમાં મોટા પ્રધાનોથી તે ગાયો, ભેંશોને બકરીઓ, ચારનાર ક્ષુદ્ર ચાકરો સુદ્ધાંત, શું કામ કરે છે, કેવી રીતે વર્તે છે, અને કેવી સ્થિતિમાં છે, તે મારી દ્રષ્ટી બહાર નહોતું. રાજનું ઉપજ અને ખર્ચ મારા જાણુવામાં હતું, અને તેનો હીસાબ પણુ હુ સંભાળતી હતી. મારા પ્રાણુનાથ કુટુમ્બ અને ઘર વ્હેવારનો સઘળો ભાર મારા ઉપર રાખી પોતે નિશ્ચીંત પણે ફરતા હતા. સખી ! જેના પતીને ગૃહિણી છતાં ઘરની ફીકર રાખવી પડે, નિવાસમાં હોય, કે પ્રવાસમાં હોય, ત્યાં તેનું ઘરના ઘાટને માટે તન-મન ચિન્તાગ્નિથી બળતુ હોય, ઘેર શું થયું હશે, કેમ થશે? એજ વિચારથી મન વ્યગ્રતાને વશ વર્તતુ હોય, તે પતિની પતિને હજાર ઘણો

ધિક્કાર છે ! અરે ! એ પતિ નહીં, પણ પ્રારબ્ધ યોગે વળગેલું પિશાચ છે ! મને મારા સ્વામીએ સાંપેલો ભાર ઉઠાવી લેવામાં મેં રાત દીવસ સુખની સ્પૃહા કરી નથી, સ્વામીએ મારા ઉપર મુકેલો વિશ્વાસ અખંડિત જાળવવાને જાણે તરવારની ધાર ઉપર ચાલવાનું હોય, તેની પેઠે સદા સાવધાની રાખું છુ તેમની પૂર્ણ વિશ્વાસ પાત્ર થયાથી કુબેરના જેવા મારા પતિના દ્રવ્ય ભંડારની જાણીતી તેમણે મને એકલીનેજ કરી છે. મારા મુખમાંથી કદી કંઇ વાત બહાર જતી નથી, એવો મારા પતિને દ્રઢ નિશ્ચય થવાથી ગુપ્તમાં ગુપ્ત વાત કરવાના સ્થાન તરિકે તેમણે મારો સ્વિકાર કર્યો છે, રાત્રિએ કે દિવસે, ભવ્ય રાજ ભૂવનમાં કે વનમાં,સુખમાંકે દુઃખમાં, સંપ-તી-માંકે વિપ-તીમાં. હુ મારા પ્રાણનાથની સાથે સરખા જ સ્નેહથી રહેતી હતી, અને રહું છુ. મને મારા સ્વામીની સેવામાં રાતકે દીવસ સરખો હતો, અને છે. હમેશાં મારા પ્રાણનાથ પોઢયા પછી હુ શયન કરૂ છુ, અને તેમના જાગ્યા પહેલાં હુ જાગુ છું,

નિરંતરનું મારૂં આ પ્રકારનું વર્તન, એજ મારૂં ખરૂં વશિકરણ છે. હુતો એનજ જાણું છુ કે, મેં સ્વિકારેલા વીધી સીવાય પોતાના પ્રાણનાથને વશ કરવાની અન્ય કોઇ વિદ્યા નથી, મંત્ર જંત્ર નથી, જે છે, તે મેં કહ્યું એજ. એથીજ પતિ પ્રેમની રસી વડે પત્નિનો બાંધ્યો બંધાય છે. બાકી નીચ સ્ત્રીઓ જે માર્ગ ગ્રહણ કરે છે, તેનાથી તો પતિ-પત્નિના સબંધ વચ્ચે અણબનાવનું, અભાવનું, અવિશ્વાસનું ગ્રહણ લાગે છે, અને તે એવું, કે ગંગોદકમાં સ્નાન કર્યાથી પણ પાપ મુક્ત થવાય નહીં. હુ અધમ સ્ત્રીઓનાં એવાં આચરણને યત્કીંચીત માનતીજ નથી, તો પછી તેને ઇચ્છુંતો કેમ ?" પાંચાળીનાં આવાં વચન સાંભળી સત્ય ભામા શરમાઇ ગયાં, સતીએ સીંચેલા સુબોધ સુધાની તેમના મન ઉપર સંગીન અસર થઈ. ક્ષણભર શાન્તી રહી, પછી સાદર સતીની ક્ષમા માગીને તે બોલ્યાં, કે હે ! પ્રિય સખી પાંચાળી ! મેં આપને મારાં સુહૃદ-સખી સમજી મારા અંતઃકરણનો ભાવ આપની પાસે

વિદિત કર્યો હતો, અરે! મારાથી એ મોટો અવિવેક થયો છે, જેને માટે આપ મારા પ્રત્યે સ્વાભાવિક સ્નેહ રાખો છો, માટે કૃપા કરીને ક્ષમા આપશો. દેવી ! જ્યાં ઘણો સ્નેહ હોય છે, દ્રઢ પ્રિતિ બંધાય છે, ત્યા વિચાર કર્યા વગર ગમે તેમ બોલી જવાય છે, બોલવાની છુટ લેવાય છે. અને તેમાં અછાજતું, અસભ્ય, કે વિરૂદ્ધ અનુમાન આંકવા જોગ આચરણ દ્રષ્ટિગોચર થાય છે, પણ આપ મારી મુર્ખતા સામું ન જોશો. સત્યભામાંની આવી નમ્ર વાણી સાંભળી શાણી-સતિયે સપ્રેમ આલીંગન આપી કહ્યું, કે " વ્હાલી સખી સત્યભામા ! તમારા બોલવાથી મને કંઇ ખોટું લાગેજ નહી, તેમ હું જે કાંઈ કહું છું, તે તમારા હિતને માટેજ છે. માટે મારા કથનથી એમ ન માનશો કે, મને રીસ ચઢી છે. સત્યભામા ! જુઓ, પતિને વશ કરવાનો મહા મંત્ર કહો, ઉત્તમોત્તમ ઉપાય કહો, અમુલ્ય ઔષધી કહો, કે પુનિત પ્રયોગ કહો, એ તમને બતાવું છું, તે કદી ભુલશો નહી, યાવત્ યાદ રાખશો,

અને તેને અનુસરીને વર્તશો, તો બીજીબધી રાણીઓ કરતાં તમારા પ્રાણનાથનો અસીમ પ્રેમ તમે સંપાદન કરી શકશો.

રાણી સખી સત્યભામા! એટલું તો તમે અવશ્ય લક્ષમાં રાખશો, કે પોતાના પ્રાણનાથ પસન્ન રહે, એજ આ લોકમાં સ્ત્રીઓનું પરમ દૈવત છે. ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રાલંકારો,ચંદન, પુષ્પ, અને સૌગંધિક પદાર્થો, અરે! ટુંકામાં સુખ વૈભવનાં સર્વ સાધન માત્ર પતિની પ્રસન્નતાથીજ પ્રાપ્ત થઇ શકે છે; છતાં પ્રાણનાથની પ્રિતિ આગળ તે સઘળાં તુચ્છ છે. પતી પ્રસન્ન રહે,તો ધન, ધાન્ય, પુત્ર, પરિવાર ઇત્યાદિ સર્વ સ્રીને મળે છે,—તેના સર્વ શુભમનોર્થ ફળે છે. અને તેના કોપથી જે હોય, તે પણ નાશ પામે છે. એ શું કોઇથી અજાણ્યું છે ? પ્રિય સખી ! સુખથી સુખ નમળે, એતો દુઃખ વેઠિયેતો સુખ મળે છે. માટે સ્નેહથી, પ્રેમથી, અને મન વચન અને કર્મથી, તમારા સ્વામી શ્રીકૃષ્ણની તમે સેવા કરો, એજ સર્વસ્વ છે, એમ સમજો. તેમનેજ યથાવિધી પુજો, ભજો, તેમ-

ના પાદારવિંદમાંજ ચિત્તને સુદ્રઢ ચોટાડો, તેમનું વદન કમળ નિહાળીનેજ નયન ઠારો, અને ઇકોતેર પેઢીને ઉધ્ધારો. તેમની પ્રસાદી ગ્રહણ કરીનેજ પાવન થાઓ, તમને જે વસ્તુ, પછી તે ખાવા–પીવા કે અંગે ધારણ કરવાની, કે બીજી રીતે ઉપયોગમાં લેવાની હોય, તે તેમનેજ પહેલી સમર્પણ કરી પછી તમે ઉપયોગમાં લો. પતિને બહારથી આવતા સાંભળી, હજાર કામ પડતાં મુકીને સામાં જાઓ, આસન આપો, અને તેઓ બિરાજયા પછી સિતળ જળસમિરથી તેમને શાન્તવન કરો, તેમનો શ્રમ ઉતારવા ઉચિત જળથી પાદ પ્રક્ષાલન કરો. આ રીતે તમે શ્રીકૃષ્ણની સર્વદા સેવા કરશો, તેમની સેવા કરવી, એજ શ્રેયનું સર્વોત્તમ સાધન છે, એજ સીદ્ધાંતને દ્રઢતાથી હ્રદયમાં ધરશો, તો શ્રીકૃષ્ણના મનમાં તમારી ઉપર દયા અને પ્રેમ આવ્યા વિના રહેશે નહીં. વળી એ પણ તમારે યાદ રાખવાનું છે કે, શ્રીકૃષ્ણે તમારી પાસે જે કંઇ વાત કહી હોય, તે કોઇને કહેવી નહીં. કારણકે તેમણે કહેલી વાત

બહાર જાય, અને તમારા પતી જાણે, કે તમે કહેલી વાત સંઘરી શક્યાં નહીં, તો તે પ્રસંગ સ્નેહમાં ભંગાણ પાડનાર થશે. તમારા પતીના જે સ્નેહી હોય, તેમને વ્હાલા હોય, તેમના જે ભક્ત હોય, વળી તેમના જે હેતુ હોય, તેવાઓને તમે અન્ન, વસ્ત્ર અલંકારાદિ આપી તેમના પ્રત્યે માનની દ્રષ્ટીથી જુઓ; અને જેઓ તમારા પતિના શત્રુ હોય, તેમને જે અપ્રિય હોય, અને જેઓ દુરાચરણી હોય, તેનાથી તો તમે દુરજ રહો. મદ તજી દો, અહંકારની ઉપેક્ષા કરો—અરે! તેને અળગોજ રાખો. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર ઇત્યાદી દુર્ગુણોને દ્રષ્ટીથી પણ ન જુઓ. ગંભીરતા ગ્રહણ કરો, ઓછુ બોલો, અસાવધ ન રહો. સખી! બુરામાં બુરી એકાન્ત છે, માટે એકાન્તમાં બીજા પુરૂષની વાતતો બાજુએ રહી, પણ પ્રદ્યુમ્ન અને સાંબ, જે તમારા પુત્રોજ ગણાય, તેમની સાથે પણ એકાન્તમાં બેસશો નહીં, મશ્કરી ઠઠ્ઠા કરશો નહીં. ગમે તેવાં સારાં મનુષ્યને પણ સંગનો રંગ

લાગ્યા વિના રહેતો નથી, માટે જે સ્ત્રીઓ ક્રુર સ્વભા-
વની હોય, કજીઆળી હોય, અતી અહારી હોય,
ચોરી કરનારી હોય, જુઠા બોલી હોય, આઘી પાછી
વાત કરવામાંજ આનંદ માનનારી હોય, અન્ય દુરા-
ચારોથી યુકત હોય, તેવી સ્ત્રીઓનો સંગ એક ક્ષણુ
પણુ તમે રાખશો નહીં, તેવીનાથી તમે દુરજ રહેજો.
સંગ કરો તો જેઓ નિષ્પાપ હોય, સુશીલ હોય,
સતીત્વથી યુકત હોય, કુલીન હોય, મર્યાદાવાળી
હોય, સ્વધર્મમાં ચુસ્ત હોય, બુધ્ધી ઐશ્વર્યથી અલં-
કૃત હોય, ગંભીર અને જ્ઞાનવૃધ્ધ હોય, તેઓની
સંગત કરજો, નફ્ટ નિર્લજથી તો યાવત નિરાળાંજ
રહેજો. ઉપરોકત નીતિ–રીતિ–ને કૃતિનું જે કાન્તાઓ
દ્રઢા વલંબન કરે, તેને અન્ય કોઇ પણુ પ્રકારની
સાધના વિના વશીકરણુ વિધા સાધ્ય થાય છે માટે
એ પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં પ્રવર્ત રહો, અને ઉમદા
વસ્ત્રાલંકાર સજી મન વચન કર્મથી તમારા પ્રાણુનાથની
પૂર્ણ પ્રેમથી સેવા કરો, એટલે તમારા પતિ તમારે
વશ થશે, અવનીતલમાં યશ મળશે, સૌભાગ્યને
દીપાવશો. સ્વર્ગની પ્રાપ્તીને માટેનું સર્વોત્તમ સાધન

પણ એજ છે. પાંચાળીનું આ છેલ્લું વાક્ય પુરૂં થયું, એટલામાં શ્રીકૃષ્ણે સત્યભામાને તેડવા મોકલ્યું. અને કહેવરાવ્યું, કે " રથ તૈયાર છે, અને હવે આપણે ત્વરાએ સીધાવવાનું છે, માટે દેવી દ્રૌપદીની આજ્ઞા લઇ શિઘ્ર આવો " સત્યભામાએ પાંચાળી પાસે રજા માગી જુદા પડતાં સત્યભામાનું હૃદય ભરાઈ આવ્યું, છતાં બળાત્કારે એટલું બેલ્યાં કે " સખી દ્રૌપદી ! મારા સ્વામી સતી સંબોધનથી તમને બોલાવે છે, તે યથાર્થ છે તમારૂં જ્ઞાન ઐશ્વર્ય અનુપમ છે, તમારી પતિ ભકતીની તો મારાથી પ્રસંશા પણ નથી થઇ શકતી તમારી પાસેથી મને ઘણું જાણુવાનું-ઘણું શીખવાનું મળ્યુ છે, તમારા બોધના શબ્દે શબ્દ મારા હૃદયપત્રમા લખાઈ ગયા છે, અને તેની છાપ એવી બેઠી છે, કે તે કદી ખસશે નહીં-ભુંસાશે નહીં. તમારો બોધ જે ગ્રહણ કરશે, તમારા આચરણનુ અનુકરણ કરીને જે જે સુંદરીઓ આગળ પગલું ભરશે, તે તમારી પેઠે સતીની સંજ્ઞા સ્રષ્ટિમાં ધારણ કરી શકશે, અને દેહાન્ત પછી સ્વર્ગે વિચરશે. સતી ! પૂણ્યના પ્રભાવથી તમારા

પ્રતાપી પ્રાણનાથ પુનઃ પોતાનું રાજ મેળવશે; ને સર્વદા સુખી થશે. સુલક્ષણી સતી સ્રીઓ કદાચ ભાવીયોગે વિપત્તીના વાદળથી ઘેરાય છે, પણ એ વિપત્તીનો વિલય થતાં વાર લાગતી નથી. તમારૂં દુઃખ ટળશે, ને તમે ત્વરાથી સુખી થશો, એવી મને ખાત્રી છે સજ્જનના આત્મબળની કસોટીને માટે કદાચ તેને દુઃખ આવે છે, પણ તે વિશેષ વખત ટકતું નથી. ધર્માત્મા મનુષ્યને કષ્ટ પડે, તે દેખી પાપીઓ હસે છે, પણ છેવટ તેમનેજ રડવું પડે છે. સખી ! તમને જેણે દુ:ખ દીધાં છે, તેમનેજ માઠું ફળ ભોગવવું પડશે ભગવતી ! આપ જેવાં પવિત્ર અને ખરેખરા પૂણ્યવંત પાંડવોને પીડનાર-ભય-ત્રાસ આપનારાનો આખર વિનાશજ થશે. અભિમન્યુ આદી આપના પુત્રો દ્વારિકામા છે, તેની યત્કીંચીત ચીંતા કરશો નહીં, સુભદ્રા બ્હેન ત્યાં છે, તે તેમને સારી રીતે રાખે છે, અને તેમને દેખીને આનદમાં દિવસ નિર્ગમન કરે છે. વળી રૂકિમણીજી પોતાના પુત્રો કરતાં તેમના પ્રત્યે અધીક હેત દેખાડે છે, ભાણેજાંના ભાવથી લાડકોડ પુરે છે. મારાં સાસુ સસરો અને જેઠ પણ તેમની બહુ સારી સંભાળ

રાખે છે; માટે એ વિશે આપ નિશ્ચીંત રહેજો. હવે હું આપને પ્રયાણ પ્રસંગના છેલ્લા પ્રણામ કરી ઈશ્વર પાસે એટલીજ યાચના કરૂં છું, કે આપના પ્રતાપી પ્રાણનાથને રાજ્યની પુનઃપ્રાપ્તી થઈ તે પ્રતિદીને વિશેષ પ્રકાશને પામે, પાંડવોનાં યશકીર્તિ અવની તલમાં-અરે ! સ્વર્ગ મૃત્યુ ને પાતાલ એ ત્રણે લોકમાં દ્રઢ જામે, અને આપ અખંડિત સૌભાગ્ય સાથે રાજ્યમાં રહી સુખની પરંપરાનો યથેચ્છ અનુભવ કરો, અને એ હું દ્રષ્ટે દેખું." (તથાસ્તુ) આ રીતે પ્રમ ઉપકારની હૃદયગત્ લાગણીના ઉદ્‌ગાર પ્રદર્શિત કરી, સતી દ્રૌપદીની પાંચ પ્રદક્ષણા કરી, તેમને પગે લાગી, સતીએ-સંપૂર્ણ રતીથી આપેલી આશિષ માથે ચઢાવી સત્યભામાજી રથારૂઢ થયાં. શ્રીકૃષ્ણને તેજ ક્ષણે સત્યભામાની મુખમુદ્રામાં સતીના સહવાસથી અદભુત ફેરફાર થએલો માલમ પડયો, જાણે સત્યભામા બીજાંજ હોય, બદલાઇ ગયાં હોય. એવુ પ્રત્યક્ષ ભાસ્યું: અને તેથી પ્રસંન્ન થઇ દ્વારકા પધાર્યા. ત્યાં આવ્યા પછી સત્યભામાના આચરણથી શ્રીકૃષ્ણને સંપૂર્ણ સંતોષાનંદ મળ્યો; અરસપરસના સુખનો અને સ્નેહનો પારજ ન રહ્યો.

કુટુમ્બમાં પણ સત્યભામાની વાહ વાહ ! બોલાઈ. શોક્યો પણ અરસપરસ સ્નેહની સાંકળથી બંધાઇ. અહા ! પાંચાળીની વશીકરણ વિદ્યાના પાઠનો પ્રભાવ કેવો પ્રબળ ! આર્યબાળાઓ તેનું અક્ષરસઃશ્રવણ મનન ને નિદીધ્યાસન કરે, તો શું ખામી રહે ! આ લોક અને પરલોક બંને સુધારે. આ વિષયમાં હવે વિશેષ શું કહેવું ? સતી દ્રૌપદીએ ઘણું કહ્યું છે; તેમનો શબ્દે શબ્દ અણમોલ છે. છતાં સદગત સાક્ષરવર્ય શ્રીયુત કેશવલાલ હરીરામની થોડીક લીટીઓ નિચે ટાંકી આ પ્રકરણ એટલેથીજ સમાપ્ત કરીએ છીએ.

અનુષ્ટુપ.

પાંચાળીના પ્રતાપેથી, સત્યભામા સુખી થયા;
પતિના પ્રેમને પામ્યાં, દુઃખ દુર વહી ગયાં.
શોધીલો સાર તેમાંથી, તમે તેમ સુખી થવા;
આધિ વ્યાધિ ઉપાધિનાં, દુ.ખ દુર વહી જવા.
શુદ્ધ શીલ, સદાચાર, પતિનો પ્રેમ સત્યતા;
મર્યાદા, લાજ આદીની, સ્ત્રી જનોને અગત્યતા.
ઈચ્છો તેવાં થવા આપ, તો તે કાંઇ દૂર નથી;
મનુષ્યોછો તમો માટે, જુવો બારિક દ્રષ્ટિથી.

પાંચાળીની પ્રભુ ભકતી.

એક દીવસ શ્રીકૃષ્ણ પોતાની આઠે પટરાણીઓ સાથે વાટિકામાં બિરાજ્યા હતા, રાત્રીનો સમય હતો, શરદ પૂર્ણીમાનો ચંદ્ર પોતાની સોડષ્ કળાઓવડે સકળ સૃષ્ટિને ધવલતા પમાડી રહ્યો હતો, દ્વારામતિનાં પ્રત્યેક ભૂવનો શ્રીકૃષ્ણની યશ કિર્તિના ગાનથી ગાજી રહ્યાં. હતાં, પ્રત્યેકના અંતરમાં શ્રીકૃષ્ણનુંજ ધ્યાન, અને તેનાજ તાનમાં સર્વ સ્ત્રી પુરૂષ તન્મય બની જાણે સર્વ જન-હ્રદય કેવળ કૃષ્ણમયજ હોય !!' એવું તાદ્રશ દ્રષ્ટિગોચર થતું હતુ, પ્રભુને પ્રસન્ન કરવાને પ્રત્યેક પટરાણીઓએ વિવિધ વસ્ત્રાભુષણો સજ્યાં હતાં, હાવભાવથી હરિનું હ્રદય હરવાને તેઓ નાના પ્રકારની ક્રીડા કરતાં હતાં. પ્રભુ તેમના પ્રત્યે હેતની નજરથી નિહાળી તેમના અભિસારનો સ્વિકાર કરતા હતા, છેવટ શ્રી મુખે બોલ્યા, કે :અહા! તમારી પ્રેમરસીનું પ્રાબલ્ય એવું છે, કે મારાથી મુદલ ખસી

શકાતું નથી, કૃષ્ણનાં આ વચન સાભળી બીજાં તો કોઈ બોલ્યાં નહીં, પણ લક્ષ્મીજીએ લગાર મુખ મચકોડી કહ્યું, કે પ્રભુ! એતો જાણ્યા તમારા ચાળા! મોઢે મીઠું બોલી અમને ઠગતા ઠીક આવડે છે! અમને એમ કહો છો, કે તમારા પ્રેમની રસીના બંધનથી ખસી શકાતું નથી. પણ જુઓને તે દીવસે ભરનિદ્રામાંથી ઝબકીને જાગી, એકદમ ગરૂડે ચઢી, ઘડિમા અદ્રશ થઇ ગયા હતા. અરે! મને કહેવા પણ ક્યા ઉભા રહ્યા હતા, કે હું ફલાણે કામે જઉં છું એતો ઠીક છે, તમને મોઢે સાકર પીરસી સંતુષ્ટ કરવાની કળા સારી આવડે છે! વારૂ, હવે તો કહો, કે તે દીવસે એટલા બધા આકળા ને અધીરા બની સતાબીથી ક્યા સીધાવ્યા હતા? કૃષ્ણને એજ પ્રસંગ કાઢવો હતો, આઠે પટરાણીઓના અંતરમાં અભિમાન થયું હતું કે, અમારા જેવો કૃષ્ણ પ્રત્યે પ્રેમ રાખનાર ભૂતલમાં કોઇ છેજ નહીં. હરી, ગમે તેવાનો પણ અભિમાન ઉતારવાને યાવત્ ઉત્સુક રહે છે, એથી લક્ષ્મીજીના અંતરમા ઉદ્દભવેલો અભિમાનનો કાંટો

નિર્મુળ કરવાને જરા હસીને કહ્યું, કે હા, હા, હું તમને વહાલો છું, તમારો મારાં ઉપર અઢળક પ્રેમ છે, પણ મારા કરતાં વધારે વહાલાં તમને તમારાં સૌનાં ચીર છે; અને તેને મારા કરતાં તમે વિશેષ ચ્હાઓ છો, એ શું ખોટું કે? મને જે પોતાનાં ચીર, શરીર, અરે! પ્રાણુ કરતાં પણુ વધારે પ્રિય ગણે, તેનો પ્રેમ ખરો, કે તમારો! જરા જુઓ, વિચારો, ને પછી પ્રિયા! કાંઇ બોલવું હોય તો બોલો. કૃષ્ણુનાં આ વચન સાંભળીને લક્ષ્મીજી ઝટ શરમાઈ ગયાં, ઝંખવાણું પડી ગયાં! તેમને પ્રસ્તુત વિષયનું ભાન થયું. બીજાં તો સમજ્યાં નહીં, કે કૃષ્ણુ શું કથે છે? સત્યભામાએ યથાસ્થિત વૃતાંત જાણુવાની અપેક્ષા દેખાડી, અને સવિનય કહ્યું, કે નાથ! આપના કરતાં ચીર વિશેષ વહાલું ગણીએ, એ તે કદી બને? ચીર તો પ્રભુ તમારી પ્રિતિથી પ્રાપ્ત થાય છે, અને આપની પ્રિતિના નૂરથી ભરપુર ચીર શરીરને શોભાવે છે. આપની પ્રીતિ ન હોય તો ચીર શું કામનાં? કૃષ્ણે જરાક મુખ મલકાવીને કહ્યું કે, પ્રિતિની વાત તો રાખોપરી, પણ

મારા શરીરના પ્રેમ કરતાં પણ ચીરમાં અધીક પ્રેમ તમે સૌએ રાખો છો, અને વ્હાલા! વ્હાલા! એવું મિથ્યા મુખે ભાખો છો! જુઓ, તમને તો નહીં સાંભરતું હોય, પણ આપણે એકવાર સઘળાં ઇંદ્ર-પ્રસ્થ ગએલાં, પાંડવ નરેશને ત્યાં પરૂણા થએલાં, ત્યાં યુધિષ્ટર, ભીમ. અર્જુન, નિકુળ, સહદેવ અને દ્રૌપદીસહ વાઢે શેરડી ખાવા ગયાં હતાં, વનલીલા નિહાળી પ્રત્યેકના આનંદનો પાર રહ્યો નહોતો; શેર-ડીના પરીપક્વ સાંઠાની મધુરતા મનોહર હતી, આપણે સૌ ધોરીઆ ઉપર ધરોનો કુદરતી ગાલીચો બીછાવેલો હતો, ત્યાં શેરડી ખાવા બેઠાં. ભીમ સારા ને મોટા સાંઠા ભાગી લાવી સ્નેહથી આપણા સમીપ ગંજ કરતા હતા, તમે સુકોમળ, તેથી દાંતે શેરડી ફોલી શકો નહી, તેથી દ્રૌપદી પાળીથી છોલી માદળીયાં કરી તમારી પાસે મુકતાં હતાં, અને અનેક રીતે મનવાર કરી તમારૂ મન પ્રસન્ન કરતાં હતાં. મારા દાંતતો દ્રઢ હોવાથી ભીમાદિની સાથે પાળીને પડી મુકી દાંતથી છોલડી છોલી રસ ચુસવાને પસંદ કર્યું; સરખે સરખાંની

ગમતને લીધે કોણ શેરડી વધારે ચુસે છે? તેની પરસપર હરીફાઈ કીધી તેમાં ઉતાવળથી શેરડી છોલતાં તેની છોઈ મારે અંગુઠે બેઠી, ધડધડ લોહી વહેવા લાગ્યું, લોહી બંધ કરવાને બાંધવા પાટો જોઈએ, પણ તે વગડામાં લાવવો કયાંથી ? જુનું ચીંથરૂં ત્યાં કયાથી જડે ! છતાં તમે સૌ આમ તેમ પાટો શોધવાને પ્રેરાયાં તમારે અંગે ચીર ધરેલાં હતાં, પણ પાલવ ફાડી કોઇએ પાટો ન કાઢી આપ્યો! નવાં અને સુંદર ચીર ફાડવાને તમારો જીવ ન ચાલ્યો! પણ એજ વખતે દ્રૌપદીએ પોતાના ચીરનો પાલવ ફાડતાં વાર ન લગાડી! તેણે સવા લાખનું અનુપમ ચીર અંગે ધારણ કર્યું હતું, તેજ દીવસે પહેલું પહેર્યું હતું, પણ મારા અંગુઠામાંથી રૂધીર વહેતું જોયું, અને "પાટો જોઇએ" એ શબ્દ નીકળતાની સાથે તો તેણે પ્રેમ–ભકિતથી પોતાના ચીરનો પાલવ ફાડી મારે અંગુઠે તેણે પાટો બાંધી દીધો! અહા! એનું નામ તે ભક્તી! અને એજ સાચો પ્રેમ! ભક્તી કે પ્રેમ કેવળ શબ્દોમાં પ્રદર્શિત કરવો, એતો આડંબર કહેવાય. એવા બાહ્ય આડં-

ભર દર્શાવનાર પ્રેમને પ્રેમનુ વિશેષણ ઘટે નહીં, અને તેને ભક્તીની શ્રેષ્ટ સંજ્ઞા પણ કેમ ઘટે? પ્રિય દ્રૌપદીના જેવો પુનિત પ્રેમ અને હ્રુદયગત ભક્તિવાળી વ્યક્તિ તો વિરલજ હોય છે જ્યા એવો પ્રેમ અને એવી ભક્તિ હોય, તે મને તમારા કરતાં અધિક પ્રિય છે, અને તેને માટે મારૂં સર્વસ્વતજી વેગથી વીચરૂ છું, અને તેનુ કલ્યાણ કરૂં છું. હું તો મારૂં કર્તવ્યજ એ સમજુ છુ, કે જે મને ભાવથી ભજે, પ્રેમથી પુજે, તે સંકટ કે ભયમા હોય તો મારે વેગથી તેની વ્હારે જવુ, તે વેળાએ તમારી પણ મારે તમા નહીં. બાજા સર્વ કરતાં અરે! તમારા કરતાં પણ મારા ભકતો મને વિશેષ વ્હાલા છે. અને હું ભાવયુક્ત ભક્તાં આગળ અનેક સુખ વૈભવ-સ્મૃદ્ધી અને વિવિધ સામગ્રીને તુચ્છ ગણું છું. મને કોઈ એક કણુકો ધરાવે, તેને તેથી હજારગણું આપવાનો તો મારો સ્વાભાવિક ધર્મ છે! એથી અધીક આપું ત્યારેજ અધીક કર્યું ગણાય! અને તેથી જ્યારે મારા ભકતોને તેમની સેવાનો બદલો આપવાની સમય સંધાં સાપડે છે, ત્યારે

નિર્વીલંબે મારી ફરજ હું બજાવું છું. પ્રિયા તમે બધાંએ ચિત્તમાં ચીરને મોંઘું માન્યું, તમારાથી તે ફાડીને પાટો ન આપી શકાયો, દ્રૌપદીએ ચીર વ્હાલું ન કર્યું, અને મારી સેવામાંજ ચિત્ત ધર્યું, મારા ક્ષેમને માટે ઉચિત કર્મ આચર્યું, ત્યારે તેને સંકટમાં સહાય કરવીજ જોઇએ. દુષ્ટ દુર્યોધને સતીને સંતાપવાને ભર સભામાં પાપી દુઃશાસન પાસે તેનું ચીર ખેંચાવી તેને નવસ્ત્રી કરવા માંડી, અહા! મારી ભક્તની આવી દુર્દશા થાય, તે મારાથી કેમ સહન થાય? દ્રૌપદીએ ચીર ફાડી મને બાંધેલા પટાના ત્રાગડા મેં ગણી જોયા હતા, તે નવસોનવાણું થયા હતા. મેં તેને કૌરવ સભામાં જઇ અદ્રશ રહી, નવસોનવાણું ચીર પુર્યાં, મુદલ મુંડી તો મેં તેને આપી, પણ તેનું વ્યાજ હજી મારી પાસે લેણું છે' હવે સમજ્યાં, કે એજ પ્રસંગ પરત્વે તમને કહેવા કે પુછવા ન ઉભા રહેતાં ઉંઘમાંથી જાગીને એકદમ હું ગયો હતો. કૃષ્ણનાં આવાં વચનો સાંભળી લક્ષ્મીજીનો ગર્વ ઉતરી ગયો, બીજાનાં મન ઉપર પણ કૃષ્ણનાં વચનની

કારી અસર થઇ. અને સર્વે પ્રભુના પાદારવિંદમાં મસ્તક નમાવી કર સંપૂટવડે ક્ષમા માગી. અહા! પ્રભુ દીનદયાળ અને ભક્તપાળ છે, તે ખરા ભાવથી ભક્તા કરનારને વિપત્તી વેળાએ વિસારતો નથી. ભક્તવત્સલ ભગવાન એટલા માટે કહેવાય છે, કે બીજા બધા કરતાં એ પોતાના ભકતોને વિશેષ વહાલા ગણે છે, તેના નામનોજ મહિમા અલૌકિક છે, સ્નેહથી તેના નામનું સ્મર્ણ કરનારનુંજ એ કૃપાળુ કલ્યાણ કરે છે, અને જેનું કોઈ બેલી થતું નથી, તેના શ્રીહરી બેલી થાય છે. દુનિયાંમાં સર્વ સગાંસંબંધી સ્વાર્થના છે, આખરનાં સંગી કોઈ થતાં નથી; આખરનો સંગી એક ઇશ્વરજ છે. અને તે એવો ઉદારચિત્ત છે, કે અનેક અપરાધોની ક્ષમા આપી ભાવથી ભકતી કરનારની સત્વર સહાય કરે છે ભક્તોના હિતાર્થે હંમેશાં તત્પરજ રહે છે, અને કરેલી સેવાનો બદલો સહુસ્રઘણો આપે છે. સતી દ્રૌપદીને ભકતી-સેવાનો બદલો આપવાને પ્રભુ જરાપણ ચુકયા નહીં, વેગથી વહારે દોડી જઈ, કૌરવસભામાં સતીને નવસો નવાણું ચીર પુર્યાં,

સતીની લજ્યાનું, અરે ! પ્રાણનું સંરક્ષણ કર્યું. એ વિકટ વેળાએ સતીની લજ્યાનું બીજા કોઇથી રક્ષણ થઇ શકે તેમ નહોતું. જેને કોઈ સહાયક ન હોય; તે જો ખરા ભાવથી–દ્રઢ આસ્તાથી પ્રભુને ભજે–પુજે, તો તે સહાયક થાય છે. પ્રભુજ સંસારમાં સુખ શાન્તી આપે છે, દેહાન્ત પછી પણ જીવ શાન્તીના સ્થાનમા તેનીજ દયાથી વિરામે છે. એટલું છતાં મનુષ્ય–પ્રાણી ભુલીને ભટકે છે, સંસારની મોહજાળમા મુગ્ધ બની ફસાય છે, શ્રીકૃષ્ણ પરમાત્માની ભકતી કરવાનું ભૂલી જાય છે, પાપ પ્રપચમા પ્રવર્ત રહે છે; પછી દુખી થાય, અવશાન કાળે અસદ્ગતી પામે, આખર આત્મા શાન્તીના સ્થાનમાં–પ્રભુના પાદારવિંદમાં ન વિરામે, તેમા આશ્ચર્ય શું ? જે પ્રભુથી ડરે છે– ડરી ને ડગ ભરે છે, તેને બીજા કોઇથી ડરવાનુ રહેતું નથી. આ દ્રૌપદીનું અને બીજાં અનેક દ્રષ્ટાન્તોથી સર્વથા સીદ્ધ થઇ ચુકયું છે, કે ભકતાધીન ભગવાન છે. હવે ભકતીથી જ્યારે ભગવાન વશ થાય છે, સંસારમાં સર્વ શુભ મનોર્થ પૂર્ણ કરે છે, અને આખર મુકિત આપે છે, ત્યારે એ સર્વોત્તમ

સાધન મુકી અન્ય આવળાં શા માટે મારવાં પડે? અન્યનો આશ્રય શા માટે ઇચ્છિવો જોઇએ? સંસારરૂપી દુર્ઘટ સાગર તરવાને શ્રીકૃષ્ણની ભક્તિરૂપી નૌકાનો આશ્રય લીધાથી મુસાફરી સુખ શાન્તીથી સંપૂર્ણ થશે; છેવટે તેનાજ અક્ષયધામની પાપ્તિ પમાશે; ભવાટવીમા ભટકવાનું મટી જશે. અને તેને માટે સાચો અને શ્રેયસ્કર મંત્ર એજ છે કે,—

श्री कृष्णःशरणंमम.



દ્યુત પ્રસંગ.

વસંત તિલકાવૃત.

૧

રાજા યુધિષ્ટર જુઓનિ અતી પવિત્ર,
ખેલ્યા જુગાર થઈ હાર વિધી વિચિત્ર;
આવ્યું પછીથિ પરિણામ અનિષ્ટ કેવું,
તે સાંભળો સુહ્રદ આચરશો ન એવું.

૨

વર્ણું વિધીથિ અહિં દ્યુત તણો પ્રસંગ,
પીડે અપાર કદિ થાય કુસંગ સંગ;
જોઈ ખચિત્ત ચિતચિત્ર ચડો ન ચાળે,
છે હેતુ એજ નર સર્વ નિતી નિહાળે.

૩

વાણી સુશાણિ જનજાણિ અહો સુબોધ,
ટાળે ત્વરાથિ દિલ ક્રોધ અને વિરોધ;
આપે દયાળુ પ્રભુ શાન્તિ પ્રસાંન્તિ સે'જે,
છે શાસ્ત્રના કથન સત્ય તમે ગણો એ.

(૪)

જોઇ અનૂપ અતિ વૈભવ પાંડવોના,
દુગ્ધાથિ દીલ બળતાં કુર કૌરવોનાં;
દેખી હિલે ખળ જનો ગુણિના વિલાસો.
સુકાય જેમ વરશાનિ વિશે જવાસો.

(૫)

દ્વેષાગ્નિથી હૃદય જવાળ વિશેષ વ્યાપે,
દ્વેષી તણું હૃદય સદ્ય તપે ત્રિતાપે;
પોતાનું દુઃખ વળિ અન્યનુ સૂખ જોઈ,
શાન્તી ધરે ન મનમાં કદિ દ્વેષિ કોઈ.

(૬)

સામાનુ તે અહિત અંતરમાં વિચારે,
સંતાપવા અહરનીશ કુબુદ્ધિ ધારે;
પેખી વિવીધ સુખ સંપત્તિ પાંડવોની,
દુર્યોધને ખમિ શકાય જરા ન જોની.

(૭)

સ્વાભાવિકે અહિત ઇચ્છક પીતરાઇ,
દેખી સુખી બળતિ છાતિ રહે સદાઇ;
ઇચ્છે સદાય મન માંહિ વિનાશ થાવા,
ઉભો કરે કલહ આચરિ દુષ્ટ દાવા.

(૮)

થાયે અધર્મ નિતિ સઘ ભુલાઇ જાયે,
થાવા અનિષ્ટ નિત્ય અંતર માંહિ ચ્હાયે;
એ રીતથી કુરુ કપૂત નહીં નિરાળા,
પ્રગ્ટી બલિષ્ટ દુરયોધન દીલ જ્વાળા.

(૯)

થાએ વિચાર વળિ તર્ક–વિતર્ક યોજે,
ઉલ્હાસિમાં અધમ દ્વેષિ રહેજ રોજે;
પાન્ડુ સુતોનિ સત્કિર્તિ હૃદેન રૂચે,
રૂડો પ્રભાવ બહુ બાણુ સમાન ખુંચે.

(૧૦)

પાંન્ડુ સુતોનિ પ્રતિદીન વધે સુસ્મૃદ્ધી,
પામે પ્રકાશ સત્કિર્તિ તણોજ વૃદ્ધી,
નીર્ખી ખમાય ન લગાર કુરૂ સુતોથી,
દુર્યોધને સુખથિ લેશ સુવાય ક્યાંથી ?

(૧૧)

ભાવે ન ભોજન નિમીષ ન ઉંઘ આવે,
દ્વેષાગ્નિ ચિત્ત ચકડોળ અતી ચડાવે;
શી રીતથી પડતિ પાંડવ પૂર્ણ પામે,
શોધે ઉપાય મન લેશ નહીં વિરામે.

(૧૨)

દર્શાવતો અતિશ ક્રોધ અને વિરોધ,
લાગે કઠોર જનને જરિ કેમ બોધ;
પાન્ડુ સુતો કરિ રહ્યા સુખમાં વિહાર,
શોભે સભા અનુપ એજ ખચીત ખાર.

(૧૩)

જાણી હૃદે પુનિત પુર્ણ પ્રભાવ શાળી,
દેખી શકે ન દુરયોધન દ્રષ્ટ ન્યાળી;
તે તો વિમાસણ સદાય કરેજ એજ,
શી રીતથી પડતિ પામિ શકેજ તેજ.

(૧૪)

હારી જતી મમ સદૈવ પ્રપંચ બુદ્ધી,
ભુલાઇ છે સકળ જ્ઞાન તણી સ્વ શુદ્ધી,
જાણું કળા કપટ વર્તુ અધર્મ માંહી,
પાછા પડે ન પણ પાન્ડુ કુમાર કયાંઈ

(૧૫)

એ છે જરૂર મુજ શત્રુ બલિષ્ટ ભારે,
તે યુદ્ધમાં મુજથિ નષ્ઠિ નહીંજ હારે;
શેકાય છે હૃદય એજ વિચાર તાપે,
રે ! કોણ આ સમય યુક્તિ બતાવિ આપે.

(૧૬)

શત્રુનિ સ્મૃદ્ધિ વળિ વૈભવ છે વિશેષ,
કેવી રિતે હરવિ તેહ સુઝે ન લેશ;
તેઓ ત્વરાથિ કયમ રાજથિ ભૃષ્ટ થાયે,
વિનાશ હાશ! કરવા ચિત્ત મારુ ચ્હાયે

(૧૭)

રે ! રે ! ગએલ વળિ ધર્મ સભા વિશે જ્યાં,
મારો થયેલ ઉપહાસ અરે ! ખરે ત્યાં;
રે રે ! વદેલિ વળિ દ્રૌપદિ વક્ર વેણો,
સંભારતાં ઝરતિ અગ્નિ જુઓનિ નેણો.

(૧૮)

" અંધા તણા સુત સદૈવ દિસેજ અંધ, "
ભુલાયના જિવથિ દેહ છુટે સબંધ;
રૂઝે ખચિત્ત કદિ શસ્ત્ર તણોજ ઘાવ,
વીસારતાં વિસરિ જાય અનેક દાવ.

(૧૯)

શું વીસરે વચન બાણુ કદાપિ કાળે,
પાંચાળિના વચન દેહ સદા પ્રજાળે;
લાગે મને વચન બાણુ વિશેષ કારી,
એથી મુઝાણિ મતિ હાય! જુઓનિ મારી.

(૨૦)

આવે ભલે મરણુ વેગથિ મારિ પાસે,
તોયે લગાર નહિ અંતર તેથિ ત્રાસે;
ભાસે રિપૂ સુખિ ખમાય જરા ન હાવે,
રે ! કોણુ કોણુ ? હિત રીત હવે બતાવે !

(૨૧)

મારી સભા સુભટ-વીર થકી ભરેલી,
તોયે થતું નથિ અરે ! મુજ કોઇ બેલી;
સર્વે ભલે તદપિ તાપ અમાપ વ્યાપ્યો,
રે ! કેમ કષ્ટ દિલનું નહિ કોઇ કાપો.

(૨૨)

દુર્યોધને દિન સમાન ઉચારિ વાણી,
બોલ્યા ન અન્ય જન નીતિ નઠારી જાણી;
મામો શકુનિ ઝટ વાણિ વદ્યો સગર્વે,
તે સાંભળી ચકિત સદ્ય થયાજ સર્વે.

(૨૩)

બોલ્યો કુભાન્ડિ નર વાત પ્રપંચવાળી,
જે રાખતો અકળ પાપ તણીજ પાળી;
રે ! આચરો મુજ સલાહ તમે સ્વિકારી,
પામે પરાજય ખચીત થશેજ ખ્વારી.

(૨૪)

શત્રુનિ સ્મૃદ્ધિ વળિ સૂખ બધું હરાશે,
ખાખી ભિખારિ થઇ રાજથિ ભૃષ્ટ થાશે;
આવે વિભૂતિ સઘળી નૃપ હાથ તારે,
સર્વે ફળે ત્વરિત જેહ મનોર્થ ધારે.

(૨૫)

કાપટથની અધમ યુકિત અપાર જાણું,
તારા હિતાર્થ પ્રિય આજ જરૂર નાણું;
રાખું ન ખામિ લગિરે વિર ધીર ધારો,
ઉપાય છે સરસ ઘાટ ઘડાય સારો.

(૨૬)

જાણું જુગાર રમવાનિ કળા રૂપાળી,
મારા સમાન નથિ નૃપ જુઓ નિહાળી;
પાંચે ન ધર્મ રમતાં ઝટ હાર પામે,
સર્વે ખુવે તદપિ તેહ નહીં વિરામે.

(૨૭)

શાને હવે જરિય જીવ નરેશ બાળે,
ચિન્તા તમામ મુજ યુકિત તમારિ ટાળે;
લાવે ત્વરાથિ રમવા પ્રિય પાડવોને,
મારૂનિ જે ઝપટ તેહ તમે જુવોને.

(૨૮)

પીતા સમીપ જઇને વિનતી નિવેદો,
કારી વદી વચન તાતનું દીલ ભેદો;
યુધિષ્ટરાદિ રમવા ઝટ આંહિ આવે,
તો તો અવશ્ય દુરયોધન તારુ ફાવે.

(૨૯)

છેજો વિબૂધ સહુ પાન્ડુ સુતો તથાપી,
નીશ્ચે કદી કપટ જાળ નથીજ માપી;
એ જાળમાં જરુર ધર્મ ફસાઇ જાશે,
સર્વે ગુમાવિ દિન એહ ત્વરાથિ થાશે.

(૩૦)

મામા શકુનિ તણિ સાંભળિ વાણિ સ્નેહે,
પીતા સમીપ વિચર્યો નૃપ રાજ ગેહે;
બોલ્યો અતી વિનય સાથ નમાવિ શીશ,
સાચા શુભેચ્છક ગણાવ ધરો ન રીસ.

(૩૧)

પુત્રોનુ હીત કરવા મન વાત ધારો,
મારી વિનંતિ હિત કારિ તમે સ્વિકારો;
વેગે જુગાર રમવા અહિ ધર્મ આવે,
આવ્યાથિ મારુ પ્રિય તાત અવશ્ય ફાવે.

(૩૨)

હે ! તાત ! પુત્ર હિત કાજ તમે વિચારો,
જુગારથી સહુ હિતાર્થ ફળેજ મારો;
હા ! હા ! હવે હૃદય જવાળ અર્ધીક વ્યાપી,
એની વ્યથા અકથ જાય જરા ન માપી.

(૩૩)

આપો નિમંત્રણ કૃપાથિ પિતાજી આપ,
જુગાર ખેલિ ખવરાવિશ ખાસ થાપ;
મામો શકુનિ અતિ કુશળ છે જુગારી,
તેથી જરૂર સહુ પાડવ જાય હારી.

(૩૪)

ધૃત્રાષ્ટ્ર પુત્ર તણિ સાંભળિ સર્વ વાત,
જાણે થયો હૃદયમાં વિભુ વજ્ર ઘાત;
સર્વાંગ સ્વેદ થકિ સદ્ય ગયું ભિજાઇ,
સંતાપથી સજળ નેત્ર ગયાં ઉભાઇ.

(૩૫)

નિશ્વાસ નાખિ ક્ષણુ સ્તબ્ધ બની ગયા તે,
બોલ્યા પછી હિતનિ વાત સખેદથી એ,
રે પુત્ર ! આ અધમ માર્ગ તણી ગતી છે,
વીનાશકારિ બહુ ભારિ કુડી કૃતી છે.

(૩૬)

છે પાંડવો અતિ બલીષ્ટ છતાંય ધર્મી,
તું તો અસ્યા ! ખચિત છેક રહ્યો અકર્મી;
છે બંધુ તોય કયમ તેહથિ વૈર બાંધું,
શાને અધામ નર પાપનિ દ્રષ્ટિ સાંધુ.

(૩૭)

જુગારમા કપટ યુક્ત રમાય બાજી,
તેમાં અનીતિ તણિ બીક ધરે ન પાજી;
કંકાસ થાય વળિ વૈર વિશેષ વ્યાપે,
જુગારિનું જડથિ જાય અધર્મ પાપે.

(૩૮)

રે ! રે ! કુભાન્ડ રચવા કયમ ચિત્ત ધારે,
માથે ભમે મરણ કેમ નહીં વિચારે;
છે કાળ ઝાળ વિર પાંડવ તેનિ સાથે,
બાંધ્યાથી વૈર સુત થાય વિનાશ હાથે.

(૩૯)

પૂર્વે રમ્યો નળ જુગાર સુસાર જાણી,
કેવી દશા થઇ જુઓનિ નથી અજાણી;
લોભાયકાં લગિર લાભ નહીંજ પામે,
જીત્યો તથાપિ જીવ લેશ નહીં વિરામે.

(૪૦)

થાશે અનર્થ નહિ અર્થ સરેજ તારો,
માટે મનોર્થ કયમ વ્યર્થ તમેજ ધારો;
સુતેલ સિહ શીદ સૂત અરે જગાડે,
વૈરાગ્નિ શીદ ઘર માંહિ કરે લગાડે.

(૪૧)

કૃચ્ય ન દીલ દુરયોધન તાત વેણુ,
લાગ્યાં કટુ હૃદય માંહિ બંધાય કેંણુ,
મિથ્યાભિમાનિ નર સ્વારથમાં પચેલા,
સુબોધ તે ગ્રહણુ કેમ કરેજ ઘેલા.

(૪૨)

પાપી જનો હિતનિ વાત ધરેન કાને,
સાચી શિખામણુ કદાપિ નહીંજ માને;
તે તો ખુશામતિ જનોથિ રહેજ રાજી,
જેઓ કથે હૃદય વીષ છતાંય 'હાજી.'

(૪૩)

માન્યું ન મંન સુણિ તાત તણી સુશીક્ષા,
તેને હતી કુમતિ મારગની અપેક્ષા;
સ્વાર્થાન્ધતા સરસ મારગ ના સુઝાડે,
તેતો અવશ્ય કિચ કંટક માંહી પાડે.

(૪૪)

તેણે વિશેષ વિનવ્યું વળી વાર વાર,
છોડે નહીં મમત થાય ખરે ખુવાર;
રે ! તાત આપ શુભઇચ્છક સર્વ મારા,
ગોઠે ન બોલ મન માંહિ અરે ! તમારા.

(૪૫)

રે ! રે ! મનોર્થ મનના શિદ ભાગી પાડો,
બોલાવિને ત્વરિત દ્યૂત તમે રમાડો;
ધર્માદિને છળથિ છેતરિ લેશ જીતી.
રે ! તેમની હૃદય માંહિ મને ન ભીતી.

(૪૬)

હા ! દૈવ ! ઓચરિ મુખેથિ મુકયો નિસાસો,
ધૃત્રાષ્ટ્રને પડતિ માર્ગ સમીપ ભાસ્યો;
જાણ્યું થશે સુતનુ સર્વ અનિષ્ટ ત્હાવે,
ત્યારે કહો કયમ શિખામણ દીલ ભાવે.

(૪૭)

ભાવી તણું પ્રબળ ભાન ભુલાવિ દેછે,
ચુકાવિ માર્ગ હિતકારિ કુપંથ લેછે;
નિશ્ચે હવે કુરૂ નિકંદન કાળ પાસે,
જોઇ કુબુધ્ધિ ફળ માઠુ અવશ્ય ભાસે.

(૪૮)

વીચારિ વાત ધૃતરાષ્ટ્ર કહે વિદુર,
જાઓ યુધિષ્ટરનિ પાસ તમે જરૂર;
લાવો જુગાર રમવા વિર આંહિ વેગે,
થાવાનું થાય કરવું શુ હવે અરેરે!

(૪૯)

બોલ્યા વિદૂર પછિ ભ્રાત સમીપવાણી,
માની સુતે ન સહુ આપનિ શીખ શાણી;
રે! રે! કુકાર્ય કરવા ચિત્તમાં વિચાર્યું,
રે! રે! નથી ઘટિત કેમ ઘટીત ધાર્યું?

(૫૦)

રે! ક્ષત્રિને છળ પ્રપંચ ઘટે ન ભાઇ,
છે! ધુતની રમત પાપ વિશે સવાઇ;
એ કાર્ય આર્ય જન અંતરમાં ધરે ના,
રે! વિશ્વમાં લગિર ન્યાય નિતી ઠરે ના.

(૫૧)

કિર્તી ઘટે વળિ કલંકિત કૂળ થાયે,
કીધો અધર્મ અતી એમ સદા ગણાયે;
ક્રીડા જુગાર થકિ થાય અપાર પીડા,
વાધે કુસંપ જરિ જંપ રહે ન વ્રીડા.

(૫૨)
રે ! રે ગતી મતિ અતીશય ભ્રષ્ટ ભાસે,
દુર્યોધનાદિ સુત અસ્ત સમસ્ત થાશે;
જુગારિઓ જય જરાય કદી ન પામે,
વ્હીલા મુખે ભટકતાં નહિ તે વિરામે.

(૫૩)
જુગારથી અનિતિ દૂર રહે ન લેશ,
સુબુદ્ધિ સંપ શુચિતા ન ટકે હમેશ;
કંકાસને કુટિલતા કજિયો કુસંપ,
આવી વસે સમિપ લેશ રહે ન જંપ.

(૫૪)
જુગારની રમત છે મમતે ભરેલી,
લાગે કુછંદ પછિ બુદ્ધિ બનેજ મેલી;
જોતાં જુગાર રમતે જન કૈ મરાણા,
કોટી દ્વજો બનિ દરિદ્રિ ખુણે ભરાણા.

(૫૫)
ભાસે ન ભૂમિ-નૃતિ ભૂપ જુગારિ થાતાં,
લક્ષ્મી રહે ન ઘરમાંહિ જુગાર ન્હાતાં;
હે એ કદાપિ સદ્ગુણિ અને સુશીલ,
થાએ વિહાય સદ બુદ્ધિ કરે ન ઢીલ.

(૫૬)

હાએ અખૂટ કદિ સ્મૃદ્ધિ અને સુસીદ્ધી,
થાએ જુગારિ પછિ રે'ન લગાર રીદ્ધી;
વેગે વિવીધ વિભુતી લય પામિ જાએ,
બે પાંહડે કદિ જુગારિ નહીંજ થાએ.

(૫૭)

આવે અનીતિ થકિ લક્ષ્મિ કદાપિ ભાઇ,
તે તો ટકેન ક્ષણવાર જશે હરાઈ;
કાં અગ્નિ ચોર નૃપ દંડથિ જાય ચાલી,
ભંડાર પૂર્ણ પણ થાય ત્વરાથિ ખાલી.

(૫૮)

જેઓ અધર્મ થકિ લક્ષ્મી રળે વિશેષે,
જાણે અવશ્ય સ્થીર સ્થાઇ થઇજ રે'શે;
રે ! રે ! રહે ન પણ મૂરખ મોહ રાખે,
તેનાં કટુ ફળ પછીથિ અધર્મિ ચાખે

(૫૯)

જેઓ અનીતિ થકી લક્ષ્મી અતી કમાતા,
દેખાય છે જગનિમાંહિ વિશેષ માતા;
તેની થવાનિ ગતિ એ સુતનારિ વંઠે,
અંતે ભરાય અઘઓઘ અધર્મિ કંઠે.

(૬૦)

સૂખે મરેન જન પાપ પ્રવૃત્તિ વાળાં,
મૃત્યુ સમે મુઝવતાંજ કુકર્મ-કાળાં;
વ્હાળા લઇ જરુર જાય કુકિર્ત્તિ સાથે,
સાથે જશે કરમ જેહ કરેલ હાથે.

(૬૧)

રે! બંધુ, સઘ સુત નીતિ નિરાળી રાખે,
સ્વાર્થાન્ધતાથિ સમજેન અધર્મિ લાખે;
જુગારમાં અરર ! પૂર્ણ અધર્મ મોટો;
દુર્યોધને ગ્રહણુ માર્ગ કર્યોજ ખોટો.

(૬૨)

દ્યુતે ડુબે જન કદાપિ હશે સુ દક્ષ,
જુગારિનો સુજન લેશ કરે ન પક્ષ;
વિશ્વાસ પાત્ર નહિ થાય કદી જુગારી,
તેની કરેન નર નિર્મળ નકિક યારી.

(૬૩)

વ્હાલાં ગણેન જન જેહ થયો જુગારી,
માતા પિતા ભગિનિ બંધુ સ્વસુત નારી;
વૃત્તી જુગારિ તણિ સઘ સદા ભમે છે,
'હાર્યો જુગારિ મમતે બમણું રમે છે.'

(૬૪)

જેઓ સદા વિજય ઘોષ ગજાવનારા,
જેઓ અરી મનથિ દર્પ તજાવનારા;
હીંડે ધ્રુજાવિ ધરણી તરણી પ્રજાળે,
થાયે ભિખારિ ચઢિ જાય જુગાર ચાળે.

(૬૫)

જે વીર ધીર વળિ પુરણનીર વાળા,
જોતાં પડે સિથિળ શત્રુ તણાજ ગાળા;
નીર્વિર્ય એ નર જુઓ બનતા નિશંક,
હારેલ હોય નૃપ તેહ જણાય રંક.

(૬૬)

મુક્તાનિ માળ કદિ મર્કટ કંઠ ધારે,
તોડી વિછિન્ન કરશે ન રહે ઉધારો;
જુગારિ તેમ ધન સદ્ય ઉડાવિ નાખે,
કૂડાં કરી કરમ કષ્ટ અમાપ ચાખે.

(૬૭)

નાણું જુગારિ કરમાં અતિ કૈંક આવે,
શ્રીમંતનો સરસ ડોળ બહુ બતાવે;
નાની નદીનુ પુર જોશથિ જાય જેમ,
ખાલી થતો પલક માંહિ જુગારિ તેમ,

(૬૮)

આપ્યો અમુલ્ય નિતિ બોધ વધુ વિદૂરે,
દુર્યોધને પણ લગાર લિધો ન ઉરે;
એતો હતો શઠ ખચીત હઠે ભરાણો,
બોલ્યો ત્વરાથિ નૃપ " પાંડવ આંહિ આણો."

(૬૯)

લાવો યુધિષ્ટર કરોન લગાર વાર,
ઇચ્છાઅમારિ કયમ આપ ભણો નકાર,
જાઓ તમે જલદિ સંધિ નહીં ચુકાવો,
આવેન દાવ ફરિ હાથ અવશ્ય આવો.

(૭૦)

ધૃત્રાષ્ટ્ર કે ' વધુ વદો ન વિદૂર ભાઇ,
અર્થીગણે ન કદિ સ્નેહ અને સગાઈ;
તે ન્યાય નીતિ તજી સ્વારથ સધ સાધે,
સાચું કહ્યાથિ ખળને બહુ ક્રોધ વાધે.

(૭૧)

પીતા અને સુત સમત્ત થયા અરે ! જ્યાં,
સાધુ વિદૂર કયમ કાંઇ કરી શકે ત્યાં;
ખેદે ખિજાઇ મન માંહિ કર્યો વિચાર,
કોટી ઉપાય થકિ ના સમજે ગમાર.

(૭૨)

આપે કદાપિ શિખ કોપ કરે અસંગ,
પીવાડતા પયથિ વીષ વધે ભુજંગ;
ગોઠે ન વાત હિતકારિ -હદે લગાર,
શું હું કરૂં ? અધમ અંતરમાં વિકાર.

(૭૩)

ઉગે કદી સુરજ પશ્ચિમ દિગ્વીભાગે,
કાં સિંહ પૂત્ર તૃણુ ભક્ષણુ સ્હાય રાગે;
જાતી કદી અનલ જવાલ જમીન ભાસે,
તોયે તજે ન જન લક્ષણુ જે પડયાં તે,

(૭૪)

દીસે દિવાકર કદાપિ કરૂપ-શ્યામ,
જાયે દયા સુજનનું તજી સદ્ય ધામ;
મર્યાદ મુકિ ઉદધિ ઉલટે કદાપી,
તોયે તજે ન હઠ મુરખ જેહ પાપી.

(૭૫)

વાત્સલ્ય પ્રેમ જનની જગ માંહિ ચૂકે,
વર્ષા વિશે અનલ વ્યોમ અતી ભભૂકે;
સૃષ્ટી તણો ક્રમ વિચિત્ર ગતી જણાવે,
તોયે ન દુષ્ટ નિજ ટેવ તજે સુભાવે.

(૭૬)

ચાલ્યા વિચાર કરિ સદ્ય વિદૂર ત્યાથી,
ગ્લાની અપાર થઇ વ્યાપ્ત જણાય મોંથી
આવ્યા ઢિલા પગથિ પાંડવ નૃપ પાસે,
શુ હું કહું અરર! અંતર મારુ ત્રાસે.

(૭૭)

પુછયું વૃતાંત કયમ કુશળ સર્વ ભાઈ,
છે એક લોહિ, નથી આપ સમી સગાઈ;
કુટુમ્બ સાથ ખુશિ તાત! રહો સદાયે,
“ સુખી રહો સકળ સાથ ” સ્વચિત્ત ચ્હાયે.

(૭૮)

સ્નેહી સબંધિ અતિ ઉન્નતિ નિત્ય પામે
શાન્તી તણા સુખ સહીત સુકિર્તિ કામે,
ઈચ્છા રુપાળિ નર અંતર રાખનારા,
હોયે મનુષ્ય પણ દેવ સ્વરૂપ સારા.

(૭૯)

હે! ધર્મ રાય કુળ દીપક આપ ભૂપ,
છો ધર્મમાં દ્રઢ ખચીત તમે અનૂપ,
ક્ષત્રી તણો સરમ ટેક તમે ટકાવ્યો,
એથી હું આજ નૃપ આપ સમીપ આવ્યો.

(૮૦)

ધૃત્રાષ્ટ્ર દ્યુત રમવા તમને કહે છે,
એલો ખુબીથિ ખુબ ચિત્ત વીંશે ચહે છે;
નિર્ખો સભા કુરુ કુમાર તણો સુસ્નેહે,
હુંએ પરસ્પર મળ્યાથિ સ્વબંધુ ગેહે.

(૮૧)

છે ચિત્રસેન કુરુ મિત્ર શકુનિ સાથે,
તે તો રમે રમત ખાસ ખુબીથિ હાથે;
એ છે નિપૂણ નર વ્યાઘ્ર જુગાર માંહીં,
જોડી જડે ન જગમાહિ કદાપિ કયાંઈ.

(૮૨)

છે તેમને રમતનો અતિશે ઉમંગ,
જામે જરૂર રમતાં સુખ રૂપ રંગ;
હેતે હળી મળિ રહ્યાથિ સુસ્નેહ વાધે,
સર્વે મનોર્થ મનના હિતકારિ સાધે.

(૮૩)

બોલ્યા યુધિષ્ટર વિદૂરની વાત જાણી,
ઈચ્છે જુગાર રમવા મતિ હીણ પ્રાણી;
હાની અપાર વળિ રૌ રૌમાં પડે છે,
જુગારિનાં શિશુ અનાજ વિના રડે છે.

(૮૪)

શું ક્ષત્રિ ધર્મ સમજાય જુગાર માંહી,
જેમાં રહે ન લગિરે નિતિ ન્યાય ક્યાંઇ;
પીતા સમાન જગમાહિ તમે ગણાઓ,
તોએ કુપંથ ક્યમ આપ અરે ! બતાવો.

(૮૫)

બોલ્યા વિદૂર વળતી ધન્ય ધર્મ ધીર,
નીતી નિપૂણ વળિ આપ અનૂપ વીર,
છે આપનાં કથન ઉત્તમ ધર્મ યુક્ત,
ધૃત્રાષ્ટ્રના સુત બધાય નિતીથિ મુક્ત.

(૮૬)

રાખી કુરૂ કપટ કાર્ય કરે તમામ,
તેથી જુગાર રમવા ધરિ ચિત્ત હામ;
આવો તથાપિ નહિ ફાવિ શકો નરેશ,
થાશે અવશ્ય જન અંતર માહિ કલેશ.

(૮૭)

જુગાર જોનિ રમવા તમને કહાવ્યું,
ભાસે મને કુરુ નિકંદન પાસ આવ્યું,
દુર્યોધનાદિ અતિ પાપિ અને પ્રપંચી,
મ્હાલે મદાંધ જગ માહિ અધર્મ સંચી.

(૮૮)
ચાલો તમે નૃપતિ નકિક નહીંજ ચાલે,
કૂડા-કપૂત કુરુ સૂત ચઢયા કુખ્યાલે;
રાખો સ્વટેક હરિ નેક સદા નિભાવે,
સંકષ્ટમાં સબળ સા'યક કામ આવે.

(૮૯)
સ્વીકારિયું કથન જેહ વદ્યા વિદૂર,
કીધી તયારિ ઝટ જાણિ સ્વધર્મ પૂર;
લીધા રથો હય ગજાદિ અનેક સાથે,
શસ્ત્રો સજ્યાં વિવિધ બાણુ ભરાવિ ભાથે.

(૯૦)
રત્નો અમુલ્ય વળિ સ્મૃદ્ધિ અતૂલલીધી,
શ્રીહસ્તિનાપુરનિ વાટ જવા સુસીદ્ધી;
ત્હોચ્યા પ્રતાપિવિર પાંડવ પાંચ ભાઇ,
સાથે સતી દ્રુપદિ પુર્ણ પવિત્ર બાઇ.

(૯૧)
સત્કાર આપિ સહુ કૌરવ હર્ષ પામ્યા,
જાણે અપૂર્વ હિત કારક કૈક કામ્યા;
ધાર્યો મનોર્થ ફળશે ઝટ એમ જાણી,
દુર્યોધને કપટ રાખિ વદી સુવાણી.

(૯૨)

બંધુ પધારિ બહુ આજ કૃતાર્થ કીધા,
જાણી સદા સ્વજન સદ્ય દિદાર દીધા;
માનું સુભાગ્ય ધન્ય ધર્મતમે પધાર્યા,
છો ભ્રાત જેષ્ટ શુભચિંતક આપ મારા.

(૯૩)

પાપી કથે કથન કૂડ થકીજ મિષ્ટ,
ઇચ્છે સદાય નિજ અંતરમાં અનિષ્ટ,
જાણે ન જેહ જન પાપ કૃતી કદાપી,
તેને ઠગે કપટિ થાપ ખચીત આપી.

(૯૪)

સીદ્ધા અને સરલ માનવિ હોય જેહ,
જાણે નહીં કુડની કીંચિત વાત તેહ;
તેને હરામિ જન જોનિ ઠગે ફસાવી,
હૈયે હળાહળ મુખેથિ સુધા સૂજાવી.

(૯૫)

જયાં સ્વાર્થનાં પડળ નેત્રપરે છવાયાં,
ત્યાંતો અધર્મ અનિતી ઝટ દોડિ આવ્યાં;
સુઝે ન સત્ય શુચિતા પળમાં પલાવે,
સાધુત્વ ભાઈ શઠપાસ નહીંજ ફાવે

(૯૬)

દુર્યોધને કપટથી રચિ પાપ બાજી,
બોલ્યો મુખેથિ ગર્વિષ્ટ અધીક ગાજી;
હા ! હા ! હવે મુજ મનોર્થ ફલીત થાશે,
શત્રુ રૂપી સકળ કંટકના વિનાશે.

(૯૭)

રે હાય ! પાન્ડુ સુત શ્રેષ્ટ ગણાય માટે,
થાયે અધોગતિ અવશ્ય જુગાર ઘાટે;
મુર્ખાજનો મન તુરંગ ચઢી ફુલાતા,
ખત્તા ખચીત અતિ આખર તેહ ખાતા.

(૯૮)

જાણી સુશ્વેત પય માનિ પ્રસન્ન થાય,
એમાં રહેલ વિષ તે નહિ ઓળખાય;
પીધા પછી જરુર જોનિ વિનાશ પામે,
પસ્તાય હાય ! પણ મુર્ખ નહીં વિરામે.

(૯૯)

સૌંદર્ય દેખી મન મોહથિ માનિ લાભ,
ઇચ્છે ભરૂં ઉડળ હાથ કરૂંજ આભ;
પાછા પડે પછિ રડે નર કૈક એવા,
બાંધે મનોર્થ દુર્યોધન દુષ્ટ તેવા.

(૧૦૦)

તેણે સભા ભરિ વિચાર વિધી જણાવ્યો,
મામો શકુનિ અતિ હોંશથિ અગ્ર આવ્યો;
પાન્ડુ કુમાર રસથી રમિયે જુગાર,
રે' જો નરેશ રમતાં સ્થિર સાર ધાર

(૧૦૧)

ચાલો રમો રમત આપ કળા બતાવો,
છો સત્યવાદિ નૃપ લેશ અપૂર્વ લ્હાવો;
મુકોનિ દાવ મનમાં નૃપ જેહ રૂચે,
થાવાનું થાય પણ ક્ષત્રિ હૃદે ન ખુંચે.

(૧૦૨)

ક્ષત્રી પરાક્રમ જુગાર વિશે જણાતું,
બુદ્ધી કળા બળ ત્વરાથિ બધું કળાતું;
દીપાવતું નૃપતિ નૂર ધૃતી કૃતીને,
આપે જુગાર અતિ ઉત્તમ તો ગતિને.

(૧૦૩)

સૂણી શકુનિ વચનો ધર્મે વિચાર્યું,
કેવું કુકર્મ કરવા મનમાહિ ધાર્યું;
બોલ્યા પ્રત્યક્ષ નૃપ પાંડવ ધર્મ વીર,
રે ! રે ! જુગારથિ જણાય ન હીર નીર.

(૧૦૪)

ક્ષત્રી પરાક્રમ જુગાર વિશે ન આવે,
જુગારની રમત કેમ રૂડી ગણાવે;
જુગારમાં નથિ લગાર સુસાર ભાઇ,
ક્ષત્રી છતા રમત રૂચિ અરે ! નવાઈ.

(૧૦૫)

ક્ષત્રી રમે રમત સદ્ય રણે ચઢીને,
મારે મરે તદપિ નામ કરે લઢીને;
યુદ્ધે જતાં ડગ કદાપિ ભરે ન પાછી;
દેખાય ક્ષત્રિવટ વીર તમારિ આછી.

(૧૦૬)

ક્ષત્રી તણી નિતિ ટકે ન જુગાર માંહી,
તે તો રમે ધનુષ્ય બાણુ સ્વહાથ સાહી;
ક્ષત્રી ગણે ધન તમામ સુકિર્તિ વાધે,
જીત્યો ગણાય નિજ ટેકથિ ધર્મ સાધે.

(૧૦૭)

પાસા સુબાણુ રણક્ષેત્ર રુપાળિ બાજી,
દાણા ગણે દિગ્વિભાગ સુસૈન્ય વાજી.
આવો રમો રણનિ માંહિ તમે શકુની,
છે સાધનો સરસ કેમ જુગાર ધ્રુની.

(૧૦૮)

નીતીનિપૂણુ મુનિ દેવ અને અસીત,
કે ' છે જુગાર ભરિયું કપટે ખચીત;
એને કહે ન જન કોઈ જુઓ સુકર્મ,
માટે શકુનિ નવ આચરવો અધર્મ.

(૧૦૯)

એમાં રહે ન શૂચિતા વળિ ન્યાય નીતી,
શાન્તી રહે ન વળિ લેશ ટકે ન પ્રીતી,
શું કાગનું ચિત પવિત્ર રહે કદાપી,
તેનો સ્વભાવ અતિ જન્મથિ છેજ પાપી.

(૧૧૦)

શાન્તી રહે ન સમરની કદિ જો સ્ત્રિયોમાં,
ઝાઝું રહે કપટ કૂડ જુગારીયોમાં
માટે તમે અધમ માર્ગ તજો વિચારી,
એમાં લગાર નથિ સંમતિ ભાઇ મારી.

(૧૧૧)

ઝાંખો પડયો શકુનિ સાભળિને પ્રબોધ,
તોએ તજી ન ખળતા તજીને વિરોધ;
જે હોય દુષ્ટ વળિ સ્વાર્થ વિશે પ્રપૂર્ણ,
થાતી નથી અસર વાત ધરે ન કર્ણ.

(૧૧૨)

રે ’ ધ્યાન તાન નિજ સ્વારથ સાધવામાં,
રે ! ધ્યાન જેમ બગને મિન મારવામાં;
ધારી ચિત્તે લગિર ચોટ ચુકે ન મુકે,
તેવી રિતે ખળનિ વૃતિ ખચિત ઝુકે.

(૧૧૩)

બોલ્યો શકુનિ હસતા મુખથી સુ વાણી,
જ્ઞાની રહે મુરખ સાથ અનીતિ ધ્યાની;
શસ્ત્રી રમે કપટ નિર્બળની સમીપ,
તેને કહે ન કપટી ગુણના પ્રદીપ,

(૧૧૪)

વ્હેવાર સર્વ જગને નૃપ જેહ ચાલે,
તેમાં બધે કપટ કૂડ અપાર મ્હાલે;
આ ખેલતાં ભય લગાર નરેશ ધારો,
મુઝાતુ હોય મનતો વિમુખે પધારો.

(૧૧૫)

બોલ્યા યુધિષ્ટર તજાય ન ટેક એક,
આવ્યા પછી કયમ વિમુખ જવાય છેક;
ભીરૂ બનેન વિર ક્ષત્રિ સુતવૃત્ત ધારી,
તેતો ગણે સકળ સ્થાન સુકિર્તિ પ્યારી.

(૧૧૬)

રે! કોણ આંહિ રમવા મુજ સંગ આવે,
મારા સમાન સહુ સ્મૃદ્ધિ વિવીધ લાવે,
તેતો તમે પ્રથમ સત્ય મને જણાવો,
નિશ્ચ કરી મુજ સમીપ ત્વરાથિ લાવો.

(૧૧૭)

હું તો અપાર રથ સૈન્ય અને હયાદી,
હેતે ધરીશ ગજયુથ અને સ્વગાદી;
રત્નો અનેક વળિ હોડ વિશે ધરીશ,
સર્વે જતા લગિ લગાર નહીં ડરીશ.

(૧૧૮)

દુર્યોધને પ્રસન્નતાથિ કરી તયારી,
મારા વતી શકુનિ સદ્ય રમે જુગારી,
હારે જીતે જરૂર તેહ ગણાય મ્હારૂં,
એનું કરેલ પણ સ્નેહ થકી સ્વિકારૂં.

(૧૧૯)

બોલ્યા યુધિષ્ટર ગણાય અયુકત રીતી,
બીજો રમે રમત એજ અતી અનીતી,
તોયે કદાપિ મરજી થઇ છે તમારી,
ખેલો ખુશીથિ નથિ આડખિલી અમારી.

(૧૨૦)

જુગારમાં કલહ મૂળ અધીશ છે જો,
તોયે રમું પ્રબળ પ્રેરક ઇશ છે ઓ !
જો જો કરો કપટ સાક્ષિ સદા પ્રભુની,
લો દાવ લ્હાવ ધરુ સમૃદ્ધિ અખંડ ભુની.

(૧૨૧)

છે જે ત્રિવેણિસમ રત્ન જડિત્ર હાર,
મુક્તાનિ માળ વળિ મુલ્ય દિસે અપાર,
તે દાવમાં ધરિ શકુનિ હવે રમું છું,
જો જો હવે અકળ હીંમત આગમું છું.

(૧૨૨)

યુધિષ્ટરે કરથિ દાવ. ખચીત મુકયો,
મામો શકુનિ રમવા ઝટ લેઇ ઝુકયો;
પાસા લઈ શકુનિ એ ધરિ મોટી આશા,
પોબાર પાડિ નિપજાવિ અરે ! નિરાશા

(૧૨૩)

હાર્યા યુધિષ્ટર નરેશ ધરેલ દાવેં,
દુષ્ટોનિ સાથ ધર્મિષ્ટ નહીંજ ફાવે;
બોલ્યા યુધિષ્ટર શકુનિ કર્યો પ્રપંચ,
પાછા રમો હજી ઘણો મુજ દ્રવ્ય સંચ.

(૧૨૪)

સુવર્ણને સકળ દ્રવ્ય હવે ધરૂ છું,
ચાલો જુઓ વિજય વીર ક્રમે કરૂં છું,
પાસા કરે ગ્રહિ શકુનિ ધરા ધર્યા જ્યાં,
જીત્યા જુઓનિ ફરિ બોલી ખુશી થયો ત્યાં.

(૧૨૫)

આથી અધીક નૃપ ધર્મ ખરે ખિજાયા,
રે ! રે ! હજુ ન નવ જાણિ શકે કમાયા !
ધર્મે વિચારિ વળિ દાવ મુકયો ફરીને,
જાણે શકુનિ હઠશે મનમા ડરીને.

(૧૨૬)

રે ! રે ડરી ડગ ભરેન કુટીલ જેહ,
તેનો ઘડેલ ઘટ પૂર્ણ પ્રપંચિ દેહ,
તેતો રમે રમત સત્ય સદા તજીને,
મામો શકુનિ રમતો અનિતી સજીને.

(૧૨૭)

જુગારની જરુર જાળ ફસાવિ મારે,
નિશ્ચ ચઢે મમત માનવિ જેમ હારે,
એથી અધીક મમતે ચઢિ ધર્મ ધાયા,
મુકી ફરીથિ અગણીત અપૂર્વ માયા.

(૧૨૮)

રૂડો હતો રથ મઢેલ સુવ્યાઘ્ર ચર્મે,
તેને ધર્યો ધિરજ ધારિ જુઓની ધર્મે;
હારી ગયા નૃપતિ તેહ ખચીત જ્યારે,
ગર્વે છક્યો શકુનિ સઘ અપાર ત્યારે.

(૧૨૯)

લીધું હરી નૃપ નિતિજ્ઞ તણું સુ દ્રવ્ય,
જોયું ન પાછું ફરિ જો અપસવ્ય સવ્ય,
હાર્યા યુધિષ્ટર ક્રમેથિ અપાર સ્મૃદ્ધી,
દાસી અને સકળ દાસ સહીત રીદ્ધી.

(૧૩૦)

રે ! રે ! નિકુળ શુભ આભરણો સમેત,
સે 'દેવ અર્જુન ભિમાદિ ધર્યા સહેત,
હારી ગયા હૃદય ઠારક વીર ચારે,
પોતાનિ જાત પણુ માંહિ મુકાણિ ત્યારે.

(૧૩૧)

ગુમાવિ તેહ નૃપ છેક થયા નિરાશ,
બોલ્યો શકુનિ કયમ રાય બન્યા ઉદાશ,
પાંચાળ ભુપ તનૂયા સતી દ્રૌપદી જે,
તે કોમલાંગિ કમલાક્ષિ ધરો હવે એ.

(૧૩૨)
તેને ધરી હરિ ખચીત સુઠાવ બેઠો,
જોતો જરૂર નૃપ એમ વદ્યો છકેલો,
ધર્મે ધર્યા પણુનિ માંહિ સતી સુશીલા,
હારી જતાં અરર ! છેક પડયાજ ઢીલા.

(૧૩૪)
રે! હાય હાય સળગી ધિક આ જુગાર,
આપી ખચીત નર નીચથિ ભેનિ હાર,
ભાવીવિષે સકળ જેહ હશે લખાયું,
મિથ્યા થશે ન કદિ માનવિ હોય ડાહ્યું.

(૧૩૪)
હાર્યા યુધિષ્ટિર તમામ જુગાર જંગે,
દુર્યોધને પ્રસિદ્ધ વાત કરી ઉમંગે,
આણીજનો સકળ ખેદ અપાર પામ્યા,
શું આ થયું ? અરર !ધર્મ નહીં વિરામ્યા.

(૧૩૫)
હા ! હા ! વદી નર નિતાન્ત કરી વિલાપ,
માઠું થયું જરુર જો જુગટા પ્રતાપ;
થાશે અવશ્ય કુળ કૌરવનો વિનાશ,
સર્વે સ્થળે જન જણાય અતી ઉદાસ.

(૧૩૬)

દુર્યોધને મદથિ ન્યાય નિતી વિસારી,
લાવો અહીં દ્રુપદિ એમ વદ્યો હુકારી;
છેડું ન હાય! કરુ હાલ બુહુજ પૂરા,
સંસ્કાર સદ્ય કયમ રાખું હવે અધૂરા.

(૧૩૭)

ભૂલૂ નહીં અરર! મદ્દકરિ મારિ કીધી,
શીક્ષા કરૂં સખત થાય ત્વરાથિ સીધી;
આ સાંભળી સુજન સ્તબ્ધ બની ગયા રે,
રે! કોઈનાં સજળ નેત્ર અતી થયાં રે.

(૧૩૮)

ત્યારા વદ્યા વિદુર મૂખથિ ખેદ પામી,
રે! મુર્ખ! ઓ અધમ! રાખ્ય લગાર ખામી;
આં છેક તું છકિ વદે શું અનાર્ય વાણી,
કુલાય કેમ અભિમાન અપાર આણી.

(૧૩૯)

એ છે અરે! દ્રુપદ રાય તણી કુમારી,
ભૂલી હરાઇ કયમ છેક છકેલ તારી;
એ જ્યેષ્ટ બંધુ તણિ નારિ અરે સુશીલા,
માતા સમાન સમજો તજીને અશીલા.

(૧૪૦)

તેતો ન થાય તુજ હાસિ કદાપિ કાળે,
તારાં કુકર્મ કુરુ કંટકને પ્રજાળે;
ધીરા પડી જરિ વિચાર કરી જુઓરે,
કાં આબરૂ કુળનિ ક્રુર બની ખુઓરે.

(૧૪૧)

માને નહીં મુરખ જેહ મદાંધ પાપી,
તેતો બને બધિર ન્યાયનિતી ઉથાપી;
દુર્યોધને હિતનિ વાત હૃદે ન ધારી,
તેણે તડુકિ બતલાવિ અની ખુમારી.

(૧૪૨)

રે ! જાવ આંહિ ઝટ દ્રૌપદિ નારિ લાવો,
વૈરાગ્નિ વ્યાપિ તન તે સિઘ્રે સમાવો;
ઇચ્છા પ્રપૂર્ણ કરતાં જન જેહ વારે,
તેને ગણું અરિ સમાન અવશ્ય ભારે.

(૧૪૩)

આજ્ઞા કરી અનુચરોનિ પ્રતી નિહાળી,
રે! પ્રાતિકામિ ઝટ જાનિ ત્વરાથિ ચાલી;
કીજે ન વાર વિર દ્રૌપદિ લાવવામાં,
આપું ઇનામ મુજ કારજ સાધવામાં.

(૧૪૪)

રે! રે! કરે શું પર સ્વાધિન જેનિ દેહ,
સાચું છતાં કહિ શકેન કદાપિ તેહ;
જે જે કરે હુકમ તેહ ઉઠાવિ લેવો,
દાસત્વ દુઃખ કર જન્મ પશુનિ જેવો.

(૧૪૫)

આજ્ઞા સુણી હૃદય ખિન્ન થયું અપાર,
શું માતિ કામિ પણ બોલિ શકે લગાર;
ઢીલા પગે સતિ સમીપ સખેદ આવ્યો,
માઠી ખરે ખબર આજ અરે! હું લાવ્યો.

(૧૪૬)

નીચું નમાવિ શિર નીર ભરેલ નેણે,
કીધા પ્રણામ સતિને કરજોડિ તેણે;
જોતાં અમંગળ વિચાર અનેક આવ્યા,
શું છે કહે ખબર ધર્મ નૃપે શું કાંવ્યા.

(૧૪૭)

પાન્ડુ કુમાર સહુ કૃશળ ક્ષેમ છે ઓ!
રે! રે! કહે જલદિ તે ઉત્પાત છે શો?
વીરા હવે ધિરજ લેશ નથીજ રે'તી,
નેત્રેથિ અશ્રુજળ ધાર અખૂટ વે'તી.

(૧૪૮)

એ પ્રાતિ કામિ પછિ નમ્ર વચોજ બોલ્યુ,
રે ! રે ! સતી ! મુજ મુખેથિ કહું શું ફ્રેલ્યુ
જીહ્વા કપાય મુજથી ન કદી વદાય,
આજ્ઞા કરેલિ નૃપની કયમ ફોક થાય.

(૧૪૯)

હાર્યા જુગાર રમતાં નૃપ પાંડવોએ !
સમૃદ્ધી તમામ ગઈ કૌરવ હાથમાંતો;
બંધુ સહીત નિજ દેહ ગુમાવિ ધર્મ,
હાર્યા સતી પણુનિ માંહિ ધરી અકર્મ.

(૧૫૦)

માટે થવા અનુચરી નૃપ ચિત્ત ચ્હાય,
રે રે ! સતી મુજથિ સ્પષ્ટ નહીં વદાય;
તે સાંભળી વદતિ વાક્ય સતી સુ શાણી,
વીરા કહે પ્રથમ કેમ થયું પ્રમાણી.

(૧૫૧)

પે'લું ધર્યું પણુનિ માંહિ સુરાજ સાજ,
રે ! તે પછી નિકુળ આદિ સુ સીદ્ધિ કાજ;
હારી તમામ પછિ આપનિ દેહ મૂકી,
પાશ્ચાત માત તમ દેહ ધરેલિ ચૂકી.

(૧૫૨)

“ રે ! રે ! ધર્યા પણુ વિશે તમને સુચીરા ”
એ સાંભળી વદતિ વાણિ બની અધીરા;
જા પૂછિઆવ નૃપ પાંડવને અરે ! તું,
રે ! રે ! મને પણનિ માંહિ ધરી શકે શું ?

(૧૫૨

હારી સ્વદેહ કયમ તેહ મને ધરે એ,
જા ન્યાય નકિક નૃપ સત્ય કહે કથો તે;
વાણી સુશાણિ સુણિ તેહ ગયો સભામાં,
કીધો વિદીત સતિ પ્રશ્ન રહીજ સામાં.

(૧૫૪)

સર્વે કહ્યું કથન સત્ય સતી તણું છે,
મૂકાયના પણનિ માંહિ છલાં બન્યું છે;
પે'લા પરાધિન થએલ જુઓનિ ધર્મ,
મૂકી શકેન પણમાં સતિને–અકર્મ.

(૧૫૫)

જ્યાં ન્યાય નીતિ તણિ સાંભળી વાત રાયે,
રૂચી ન વાત પણ તે દિલમાં જરાયે;
જે છે અધર્મિ–નવન્યાય નીતી સ્વિકારે,
તેતો સ્વકાર્ય તણિ સિદ્ધિ સ્વચિત્ત ધારે.

(૧૫૬)

રે ! રે ! વધો મતિ વિહીન કુરૂ કુમાર,
લાવો દુશાસન તમે કુમતીલિ નાર;
ચાલે ન આંહિ લગિરે કહિ કાંઈ બાનું,
આવે ત્રિલોક પતિ તોય જરા ન માનું.

(૧૫૭)

હા હા, મળ્યો સરસ લાગ હવે નચૂકું,
માથું જતાં મનનિ વાત નહીંજ મૂકું.
દાસી બનાવિ દિલ થૈશ અધીક રાજી,
બોલ્યો કુવેણુ તજીલાજ અપાર પાજી.

[૧૫૮)

આજ્ઞા થતાં અધમ હાય ! ગયો ત્વરાથી,
આવ્યો સતી સમિપ મદ્ય પિધેલ હાથી.
હે ! દ્રૌપદી ઉઠ હવે નહિ કાંઈ ચાલે,
દાસી બનો કુરૂ કુમાર તણીજ વ્હાલે.

(૧૫૯)

તારા પતી બનિ પરાધિન જો રહ્યા છે,
સ્વાધીન થાનિ ઝટ વૈભવ સૌ ગયા છે.
છે રાજ ભ્રષ્ટ નથિ ધર્મ તણીતું રાણી,
બોલ્યો દુશાશન કઠોર અતી કુવાણી.

(૧૬૦)

નીશ્વાસ નાખિ સતિ દ્રૌપદિ બોલિ વેણ,
રે ! શું વદો વચન છેક મિથ્યાવિ નેણ;
હું કોણ ! કોણ વળિ વીર સબંધ કેવો,
તેતો વિચારિ પછી ભાઈ કુશબ્દ કે'વો.

(૧૬૧)

દુ:શાસને અવિનિ વાવ ધરી ન કાને,
ખેંચ્યાં સક્રોધ સતિ દ્રૌપદિને પરાણે,
વેણી ગ્રહી કરથિ ક્રુર કૃતિ કરીને,
બોલ્યાં સતી વિકૃરિ વેણ પાછી ફરીને.

(૧૬૨)

રે ! દુષ્ટ તું કરિ વિચાર ઉચાર વાણી,
હું કોણ ? તે તજિશ વાત નથી અજાણી,
આ સ પતી પુરણ વિર વીભૂતિ વાળા,
છોડે નહીં જરુર તેમનિ ક્રોધ જ્વાળા.

(૧૬૩)

જાણ્યું શું મૂર્ખ મુજને કયમ ચુકિ બોલે,
મૃત્યુ તણા ગુહનું શીઘ્ર કપાટ ખોલે;
ચ ને અસ્યા અધમ સ્પર્શ કરૂં મને જો,
હું કોણ ? કોણ ? તજિ ટેક વિચારિને જો.

(૧૬૪)

યત્નાદ્નના સકળ સૂત્ર અરે ! હણાશે,
તોએ કદાપિ ફલિતાર્થ નહીંજ થાશે,
ઉગે કદી સુરજ પશ્ચિમ દિગ્વિભાગે,
પાંચાળિ દાસિ બનશે ન કદાપિ રાગે.

(૧૬૫)

જાએ જરૂર જીવ દેહ પડે તથાપી,
એવા કરૂં પર પુરૂષ તણીન પાપી,
આને અલ્પા અધમ આમ મને પિડે છે,
ભૂલો પડી ચિંતવિ મુરખ આથડે છે.

(૧૬૬)

જેણે પરસ્ત્રિ પર દ્રષ્ટિ કદી કુદ્રષ્ટી,
તે પાપિ પ્રાણિનિ થવાનિ ગતી ન સ્પષ્ટ
તેમાં વળી નૃપતિ નીતિ નઠારી રાખે,
તેતો અવશ્ય ફળ તેનું અનિષ્ટ ચાખે.

(૧૬૭)

દુર્યોધને કુળનિ રીતિનિતી તજીછે,
નર્કે જવાનિ તૈયારી બધી સજી છે,
અંગાર રૂપ કુકષ્ટ પ્રજાળશે એ,
હાથેથિ ઘાતી નિજ દેહ તણો થશે તે.

(૧૬૮)

શાને અરેરા જનનિ કૂખ વૃથા લજાવે,
વ્હાલા મુખેથિ કયમ મુરખ આમ ચાવે;
જો શ્યામ આનન થશેજ કુડી કૃતીથી;
વીચારિને વિચર લેશ અરે ! નિતીથી.

(૧૬૯)

હીયેરતો તનુજ તુલ્ય ગણાય ભાઇ,
માતા સમાન મુજથી ગણવી સગાઇ;
એ વાત યાદ કરિ ધર્મ તમે ન ચુકો,
મિથ્થા ભિમાન મન માંહિથિ દૂર મૂકો.

(૧૭૦)

રે ! રે ? સુબોધ સહુ વ્યર્થ ગયો અટાણે,
રે ! રે ! છટયાં ધરણિ દ્રૌપદિ દુષ્ટ તાણે;
લાવ્યો સભા સમિપ કષ્ટ અમાપ આપી,
ઉભો દુઃશાસન સભાનિ સમક્ષ પાપી.

(૧૭૧)

કંપે જુઓનિ કદલી જ્યમ વાયુ વાતાં,
તેવી રિતે થથરતાં સતિ જો જણાતાં
નેત્રે ઝરેનિર અધીર બની વધાં એ,
આપો જવાબ ઝટ પક્ષ કરૂં ખરોજે.

(૧૭૨)

હાર્યા પતી પ્રથમ હોય મને કહીજો,
બંધાણિ છું વચન પાળુ પતીનુ હું તો;
હાર્યા સ્વજાત પછી હોય ધરેલિ દાવે,
તો તો પછી કુરુ કુમાર નહીંજ ફાવે.

(૧૭૩)

હારેલ નાથ અધિકાર રહેન હાથ,
સત્તા સમુળિ ગઈ હાર થતાનિ સાથ;
સ્વામી થયા અવશ એથિ મને ન હારે,
જ્ઞાતાજનો લગિર હાય! નહીં વિચારે?

(૧૭૪)

બોલ્યા ન કોઈ સૌ સ્તબ્ધ બની ગયા રે,
ભિષ્માદિ ભૂમિ ભણિ ધ્યાન ધરી રહ્યા રે,
વ્યાપ્યો પ્રકોપ સતિને અતિ આરતીથી:
બોલ્યાં મુખે વચન ધમ અને નિતીથી.

(૧૭૫)

રે ! ધિક ધિઃક કહુ સર્વ સભાસદોને,
ચાએ અધર્મ સહુ સત્ય જરા વદો ને,
રે ! ક્ષત્રિનો સહજ ધર્મ તમે વિચારો,
શું ક્ષત્રિ બીજ લય પામિ ગયેલ ધારો ?

(૧૭૬)

વૃદ્ધો અને વડિલ કેમ જરા ન બોલો,
પીઠે મને અધમ ચક્ષુ તમે શું ખોળો;
લજ્યા મનાનિ જરિ દુષ્ટ અહા ! ન રાખે,
જેની અસહ્ય વચનો વદનેથી ભાખે.

(૧૭૭)

દેખી અધર્મ વિર ક્ષત્રિ રહે ન છાનો,
છાનો રહે તદપિ ક્ષત્રિ ગણાય શાનો ?
પાપી પિડે અસ્ત્ર ! હાય રહો શું જોઇ,
એવા કહોનિ કયમ પાણિ ખચીત ખોઇ.

(૧૭૮)

જો દુષ્ટ હોય કદિ ભૂપતિ ચક્રવતીં,
આખે ન ક્ષત્રિ વિર નકિક નિતીજ નતીં,
મારે મરે જરુર ટેક નિભાવિ રાખે,
ચૂકે ન ક્ષત્રિ નિજ ધર્મ જરૂર લાખે.

(૧૭૯)

જે હોય ધર્મ કૃતિમાં દ્રઢ વૃત્તિ વાળાં,
રક્ષા કરે નૃપતિ માનિ સદા સુખાળાં;
રે ! રે જુઓનિ નૃપ આ વર્તે અધર્મે,
શાને કરી સકલ બેસિ રહીજ શર્મે.

(૧૮૦)

જ્ઞાતા તમે સકળ શાસ્ત્ર વિષે વિશેષ,
પુરા પ્રવીણ વળિ રાજનિતિજ્ઞ એથ;
ક્ષાત્રત્વમાં નથિ લગાર ખચીત ખામી,
રક્ષા તથાપિ કરતા નથિ કેમ સ્વામી.

(૧૮૧)

રાજા સમીપ રહી સત્ય જનો કથેનાર,
સ્વાર્થાંધતાથિ કહિ ન્યાયનિતી મુકેનાર;
હા હા કહી નૃપતિ દીલ કરેજ રાજી.
તેવા નરો જગતમાંહિ ગણાય પાજી.

(૧૮૨)

કુપથમાં નૃપતિને જન દોરનારા,
ચાળે ચઢાવિ ચુકવે નિતિન્યાય ધારા,
ડૂબે ડુબાવિ દઈ તે ન બચી બચાવે,
રો રૈ વિયોથિ કહિ ઉદ્ધાર નહીંજ આવે.

(૧૮૩)

બોલ્યાં સક્રોધ અતિ વેણ વિશેષ એવાં,
લાગ્યાં ખરે હૃદય કારિ કટારી જેવાં,
બોલ્યા ન બોલ દીલ દગ્ધ થયાં અતીશે,
દુર્યોધને પ્રકટ કોપ કર્યો સરીશે.

(૧૮૪)

દુષ્ટે કહ્યાં કથન બેશ ઉછંગ મારે,
મારી થઈ મુજવિના નથિ કોઇ તારે;
આ સાંભળી સતિ ખરેખર ખેદ પામી,
જાણ્યું હવે અધમતાનિ રહી ન ખામી.

(૧૮૫)

રે ! હોય એક પતિ તેહનિ જેહ રામા,
રક્ષા કરે વિકટ સંકટમાં સુદામા;
છે પાંચ સ્વામિ વળિ પૂર્ણ બળિષ્ટતોયે,
રક્ષા કરેન કયમ પત્નિતણીજ કોયે.

(૧૮૬)

સ્વામી સમીપ દુરયોધન શું વદે છે,
રે ! રે ! દયા લગીર આપ તણે હૃદે છે;
રે ! ધર્મ રાય કર મસ્તક દેઇ બેઠા,
હારી સ્વપત્નિ કયમ ભૂતળ માંહીં પેઠા.

(૧૮૭)

ભીમાદિ વીર પણ નીર ગયું અટાણે,
જીન્હાથિ દુષ્ટ દુરયોધન મોજ માણે;
દુઃશાસને દુભવિ દાટ અપાર વાળ્યો,
ગૂજારતાં ગજબ લેશ રહેન બાળ્યો.

(૧૮૮)

હું એક વસ્ત્ર વળિ હાય ! રજસ્વળા હું,
રે ! રે ! નવસ્ત્ર કરશે ધિક પાપિ આ શું ?
કલ્પાંત સુણિ સતિનું ભટ ભીમ કંપ્યો,
વાર્યો વિશેષ ધર્મે નવ તોય જંપ્યો.

(૧૮૯)

ક્રોધાગ્નિ વ્યાપિ નયને ઝરતી જણાય,
જાણે કુરૂ કટક નાશ અવશ્ય થાય,
બોલ્યો ખુખારિ વિર વેણ વિશેષ ભારે,
એ દુષ્ટનું રુધિર હાય ! પિઉં હું કયારે ?

(૧૯૦)

જે વેણિ ખેંચિ સતિ હાય સતાવિ એણે,
છાતી ચિરી રુધિર કાઢિ નિભાવું તેણે;
ઇચ્છયું ઉછંગ પર દ્રૌપદિ નારિ બેસે,
ત્યાંતો ગદા પડિ સુયોધન જીવ લેશે.

(૧૯૧)

મારો મનોર્થ ફળશે, ટળશે ઉપાધી,
શાન્તી થશે હૃદયને શુભ કાર્ય સાધી;
જીવું છતાં મરણ શર્ણ થએલ જાણો,
મેરૂ ચળે ચલીત નિશ્ચય ના થવાનો.

(૧૫૨)

ચીન્તા નહીં કહિ ગયાં સહુ રાજપાટ,
સ્મૃતી ગઈ સકળ હોય નથી ઉચાટ;
ચાયે દુખી દ્રુપદિ એજ જણાય ફેર,
છો જ્યેષ્ટ બંધુ પણ જીવથિ ખરુ ઠેર.

(૧૫૩)

શું આ કર્યું કરમ શર્મ ધરી ન હોશ,
ધિઃકાર પાત્ર નૃપ ધર્મ તમે હમેશ;
ક્રોધી સક્રોધ ભિમ અર્જુન વીર વારે,
બ્હાલા વદો વચન કેમ વિના વિચારે.

(૧૫૪)

અગ્નિ પ્રદિપ્ત ભિમ અંતરમાં રહેલો,
બોલ્યો સુયોધન કઠોર કનિષ્ટ વેણો;
રે ! શું જુઓ દ્રુપદિ વસ્ત્રને હરો ને
આભૂષણો હરિ ત્વરાથિ અહીં ધરો ને.

(૧૫૫)

વાણી સુણી વિકળતા સતિ અંગ વ્યાપી,
ચૂકયો ન દુષ્ટ દુઃશાસન પૂર્ણ પાપી;
તેણે ગ્રહ્યું ચિર અચીર થવા સુશીલા,
જોઈ રહ્યા સહુ સભાસદ એની લીલા.

(૧૯૬)

કર્ણેવળી સમય સાધિ ઉચારિ વાણી,
રે! હાય લ્હાય મુજ અંતરમાં સમાણી,
બોલેલિ બોલ મુજતોલ ઘટાડવાને,
સંધી મળી સરસ અંતર હારવાને.

(૧૯૭)

જાણ્યું હવે અરર! કોઇ નથી સહાઇ,
સંસારની સરવ વ્યર્થ ગણો સગાઇ,
સાચો સગો શ્રીધર એક સમર્થ જાણું,
ચૂકે નહીં દુખનું દેખિ અરે! કટાણું.

(૧૯૮)

એ છે દયાળુ વળિ પૂર્ણ કૃપાળુ નાથ,
તારે અવશ્ય બુડતા ધરી આપ હાથ,
એ સાયકારિ થઇ સંકટ જો નિવારે,
આધાર એક ઇશનો નથિ અન્ય મારે.

(૧૯૯)

રે! ભીડભંજન ભણાય સદા શ્રીકૃષ્ણ,
તે તો ગણે ન, વરષા, વળિ શીત ઉષ્ણ,
આવે ત્વરાથિ કરિ વ્હારં અરે! ઉગારે,
દામી દુખાબ્ધિ પડિ કૃષ્ણ પછી પુકારે.

(૨૦૦)

શ્રીકૃષ્ણ કૃષ્ણ જપતી ધરિ કૃષ્ણ ધ્યાન,
શ્રીકૃષ્ણ મુર્તિ તણું અંતર એક તાન;
સ્નેહે સ્તુતી કરતિ દ્રૌપદિ જોડિ હાથ,
શ્રદ્ધા હતી હૃદય નકિક ચુકે ન નાથ.

(૨૦૧)

શ્રદ્ધા સહીત હરિની કરતાં સુ ભકિત,
નિશ્ચ પમાય અતિ સંકટમાંથિ મુકતી,
સર્વે ભુલે તદપિ કૃષ્ણ નહીં વિસારે,
ભાવે ભજે મુખથિ મોતિ ચડાનિ વ્હારે.





श्रीपावा[illegible] ([illegible]) [illegible]

ચીરપૂર્ત્તિ.

"સુખે સાંભરે સોની ને દુખે સાંભરે રામ" એ કહેવત પ્રમાણે જ્યારે મનુષ્ય પ્રાણી દુખનાં ઘન વાદળાં નિચે ઘેરાય છે, અને એ દુઃખ સગાં-સંબંધી કે અન્ય આપ્ત જન મટાડી શકતાં નથી, દુઃખ મુક્ત થવા માટે મારેલાં આવલાં સઘળાં નિષ્ફળજ નિવડે છે, ત્યારે પછી તેની દ્રષ્ટી પરમેશ્વર તરફ દોડે છે, અને સર્વ શક્તિમાન જગદિશ્વર એકજ દુર્ઘટ દુઃખમાંથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે, અન્ય કોઇ ઉગારનાર-તારનાર નથી, એવું જ્ઞાન પ્રાપ્ત થયાથી, પછી પ્રભુ ભક્તિમાં મન પ્રેરાય છે; પ્રભુની જ સ્તુતિ અને આર્જવ કરે છે. પ્રભુ દયાળુ છે, તેથી અનેક અપરાધોની ક્ષમા આપી પ્રેમ પૂર્વક -ભાવથી ભક્તિ; કરનારની સહાય કરે છે; દુખમાંથી છોડાવે છે. અજ્ઞાન-અવિદ્યાથી આચ્છાદિત થયેલાં -મોહ માયામાં ડુબેલાં મનુષ્યો જ્યારે ખત્તા ખાય છે, ત્યારેજ તેમની આંખ ઉઘડે છે. જ્ઞાની મનુષ્યોની

આંખો તો ઉઘડેલીજ હોય છે, અને તેથી તે સુખ માં કે દુઃખમાં પ્રભુને વિસારતાં નથી. દ્રૌપદી જ્ઞાની હતાં, તેમને ઇશ્વર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હતી, તેથી તેમણે જ્યારે જોયું કે, દુષ્ટ દુર્યોધનની કુબુદ્ધી થઇ છે, ક્રુર કુલાંગાર દુઃશાસન ભર સભામા મારા સ્વામિ સમીપ મારાં વસ્ત્ર ખેંચી લઇ મને નગ્ન કરવા ઇચ્છે છે, મારા પતિથી આ ટાણે રક્ષણ થઇ શકે તેમ નથી, ભિષ્માદિ વડિલો ખિન્નતા દર્શાવી મૌન્ય બની બેસી રહ્યા છે, ત્યારે એક શ્રી કૃષ્ણ વિના હવે મારૂં કોઇ બેલી નથી, એ ભક્ત વત્સલ ભગવાન, નોધારાના આધાર, કરૂણાસિંધુ અને કૃપાળુ છે, માટે આ વિકટ વેળાએ ઉદ્ધાર કરવા એ દીનબંધુનેજ પ્રાર્થના કરૂં. આમ વિચારી શ્રીકૃષ્ણ પરમાત્માનું ધ્યાન ધરી સતીએ ગદગદ કંઠે સ્તુતિ કરી કે--

વસંતતિલકા.

(૧)

હે ! વિશ્વનાથ તમને નમુ હાથ જોડી,
આ વિશ્વ મધ્ય નથિ આપનિ એક જોડી;
માયા તમે નરનિ નારિ સહીત જોડી,
નિત્યે વસો ઉર તમારિ અખંડ જોડી.

(૨)

હે ! કૃષ્ણ ! કૃષ્ણ ! કરૂણાકર કષ્ટ હારી,
ભકતાધિ ભંજન નિરંજન બ્રહ્મચારી;
ત્રાતા તમો સમ બિજો નથિ કોઇ મારો,
આ કષ્ટ નષ્ટ કરિ કીંકરિને ઉગારો.

(૩)

હે ! વીર વીર રણ વીરનિ જે હું નારી,
નીતીથિ નિત્ય પદ પંકજ સેવનારી;
તે આજ આવિ પડિ દુર્જન હાથ પાસે,
રાખો ત્રપા કરિ કૃપા ઉપકાર થાશે

(૪)

જેથી શતાવધિ નૃપોનીં થઇ અવજ્ઞા,
એવી પિતાનિ હતીં દુસ્તરિણી પ્રતિજ્ઞા;
તે કેમ અન્યનિ થશે પ્રભુ આજ નારી,
રક્ષા કરો વિષમ ધારિ રમા વિહારી.

(૫)

સ્ત્રીમાં હશે કમિ મતી કદિ કાંઇ એવી,
લજ્યા તથાપિ નરમાં નથિ નારિ જેવી;
તે જો જશે પછિથિ આ સકલંક કાયા,
જાશે જરૂર યમપૂર ત્રિપૂર રાયા.

(૬)

માથે ભમે અતિ ભયંકર મર્ણ મારો,
શ્રી રામ કેમ સતિને વણુવાંક મારો;
ચાલે ન વાલભર એક ઉપાય મારો,
વ્હેલિ આ વખત વિઠ્ઠલજી સમારો.

(૭)

આવી મહા વિકટ હે નટ મારી વેળા,
બોલે બિભત્સ કરિ આંગળિયો છકેલા,
આથી બીજી કઇ અકર્મણિની કહાણી,
રક્ષા રમાવર કરો ક્ષણ પ્રાણ જાણી.

(૮)

હે ! દૈવ હું સતિ પતિવૃત પાળનારી,
સ્ત્રી ધામણી ગૃહિણી સ્વગૃહ સેવનારી;
આવી છતાં અરર ! આ શઠ લાજ લુટે,
રક્ષા કરો જીવન પ્રાણ ન જેથિ ત્રુટે.

(૯)

દુર્યોધને કપટની કરિ આ કમાણી,
જે શ્રી યુધિષ્ટિર લગાર શકયા ન જાણી;
તેમાં થયો અવશ પ્રાણ જરૂર મારો,
રે ! નાથ આ વિકટ સંકટમાંથિ તારો.

(૧૦)

રે ! આ સભા ભરિ સ્મશાન સમાન ભાસે,
જેને વિલોકિ મન કોમલ મારુ ત્રાસે;
તેમાં મને અદય સન્મુખ તાણિ આણી,
રક્ષા કરો ચરથિ હાસિનિ ચક્ર પાણી.

(૧૧)

રે ! આ પિતામહ વિદૂર અહીં તથાપી,
આ અંધનો સુત મહાંધ સદાંધ પાપી;
કોથી ડરે નહિ કરેજ ફજેતિ મારી,
રે ! આજ કેમ હરિ લાજ રહે મુરારી.

(૧૨)

આમાં કુદ્રષ્ટિ કરવા કદી કોઇ ધારે,
શીક્ષા કરે નૃપતિ તેમનિ ખરૂં ધારે;
પોતે છતાં નૃપ અધર્મ કરે વધારે,
હા ! કષ્ટ આ હરિ તમો વિણ કો સુધારે.

(૧૩)

કોને કહું હું અબળા નૃપની અનીતી,
જેની અધર્મપર પાર વિનાનિ પ્રીતી;
તેનાથિ કેમ કરિ થાય બચાવ મારો,
હે ! નાથ અન્ય નથિ આપ વિના ઉગારો.

(૧૪)

આ મંડલી નિરખિ કોમલ અંગ કંપે,
ચિન્તાથિ કોમલ કલેજુ જરા ન જંપે;
બોલી શકાય વદનેથિ ન એક વાણી,
રક્ષા કરો અનુચરીનિ રથાંગ પાણી.

(૧૫)

ચાલે ન મારુ કઇ લંપટ આ ન માને,
આવ્યો ધસી ઉપર કાલ સમાન વાને;
નિર્લજ્જમાં રહિ કહું હું સલજ્જ કોને,
લીજે ઉગારિ હરિ મહિ વિપત્તિઓને.

(૧૬)

અન્યાય જાણિ ખલ કૌરવના ઘણેરા,
બેઠા તટસ્થ થઈ ભિષ્મપિતા ભલેરા,
ભાસે ન આ સમય કોઈ ઉગાર નારો,
રે ! દાસિને વિપદ સાગર પાર તારો.

(૧૭)

આ નિચ કૌરવ દયા ન લગાર આણે,
આવી સમીપ બળથી ચિર મારુ તાણે;
મૂકે ન મૂઢ મતિ મર્ણ વિનાનિ મારે,
આવો ત્વરાથિ યદુનંદન મોરિ વ્હારે.

(૧૮)

આ દુષ્ટને કહીં શકે ન લગાર કોઈ,
બેઠા અહીં પણ રહ્યા પતિ સામુ જોઇ;
આથી બિજી વિપદ હું કહું શું વધારે,
ત્રાતા વિલંબ ન કરો પડિ ભીડ ભારે.

(૧૯)

હાર્યા યુધિષ્ટિર સ્વરાજ્ય ન તેનિ ભીતી,
હારે કદાપિ જન કો જન જાય જીતી;
ચિન્તા ન તેનિ પણ હારિ ન જાય નારી,
રાખો કૃપા કરિ રમાવર લાજ મારી.

(૨૦)

હારે કદાપિ ધન કંચન દિવ્ય શાળા,
હારે અમુલ્ય મણિ મૌક્તિક રત્ન માળા;
હારી ન જાય પણ પાણિ અહિત નારી,
એ ન્યાયથી કરી કૃપા હરિ લ્યો ઉગારી.

(૨૧)

કીધી કદાપિ નથિ મેં શ્રુતિની અવજ્ઞા,
શ્રી ધર્મમાં પણ રહી નથિ કોઇ અજ્ઞા;
રે! મારી ક્યાંથિ ઉઘડી પડિ પાપ બારી,
રાખો કૃપા કરિ રમાવર લાજ મારી.

(૨૨)

કીધી કદાપિ નથિ મેં કુમતી કૃપાળા,
પ્રીતીથિ નિત્ય જપી આપનિ જાપમાળા;
આ દુષ્ટ ધાનત દિસે ન લગાર સારી,
રાખો કૃપા કરિ રમાવર લાજ મારી.

(૨૩)

હે! શ્રી રમાવર તમે નિજ ભક્ત માટે,
લીધા અનેક અવતાર અપાર માટે;
વેઠી ઘણાં વિષમ સંકટ સિદ્ધિ કીધી,
રે! નાથ આજ ચરિ કેમ વિસારિ દીધી.

(૨૪)

વીસારશો વિભુ પછીથિ થશે શું મારૂં,
ત્રાતા તમો વિણુ નથી અહિ કોઇ મારૂં;
સાચા શ્રી નાથ દિન રક્ષક એક આપ,
ટાળો ત્વરાથિ હરિ તાપ અરે! અમાપ.

(૨૫)

છે લાજ પ્રાણ થકિ નાથ અપાર વ્હાલી,
એ લાજ કાજ ઝુરતી નયનો નિગાળી;
જો દાઝ જાણિ દિનબંધુ નહીં પધારો,
તો પ્રાણ કેમ કરીને ટકશેજ મારો.

(૨૬)

ચારિત્ર આપનુ અલૌકિક નાથ જાણું,
વિશ્વાસ એથિ મુજ અંતર માંહિ આણું;
ભૂલો નહીં ભુધર આપ કરો ન ઢીલ,
છે નાથ ! આપનુ અપાર દયાળુ દીલ.

(૨૭)

છે આપની રસિલિ બાળ ક્રિડા રૂપાળી,
શર્ણાગતોનિ દુખ-વ્યાધિ ત્વરાથિ ટાળી;
હું આપને શરણ સદ્ય બચાવિ લેશો,
દુઃખાબ્ધિમાં ડુબતિ જીવણ જોઇ રે'શો ?

(૨૮) *

શ્રી દેવકી તનુજથી નિજ મર્ણ જાણી,
કંસે પતી સહિત તે જતિ પાછિ આણી;
તેના હણ્યા છ સુત કષ્ટ અમાપ આપી,
અંતે સુભાગિણિ કરી હરિ ! કષ્ટ કાપી.

* અહીંથી શ્રીમદ્ ભાગવત દશમસ્કંધમાં કહેલી શ્રી કૃષ્ણજીની લીલા વર્ણવી સતી દ્રૌપદી તેમની સ્તુતિ કરે છે.

(૨૯)
ક્ષીરાબ્ધિમાં વિધિનિ સાંભળિ વેદ વાણી,
ગોરૂપિણી પૃથવિનો પરિતાપ જાણી;
લીધો નૃજન્મ વસુદેવ સબંધિ ધામે,
કીજે ન વાર કમળાવર રંક કામે.

(૩૦)
જન્મ્યા તમે હરિનિ જાંગથિ એમ જાણી,
હર્ષી નમ્યાં વિનવિ દંપતિ જોડિ પાણી;
મૂકાવિ માર્ગ યમુનાં સરિતાનિ પાસે,
આવ્યા પિતા ગૃહિત ગોકુલ નંદ વાસે.

(૩૧)
કંન્યાનિ વાણિ સુણિ અંતર ભીતિ લાવી,
કંસે તમો વિમળમાં કુમતિ સજાવી;
છોડયા છળી અસુર બાળક નાશ કામે,
તે આપનો અધમ કેમ મિલાપ પામે.

(૩૨)
જન્મ્યા તમે તનુજ એમ વિચારિ નંદે,
કીધો મહોત્સવ મળી વૃજ ગોપ વૃંદે;
જૈને કરાર્થ મથુરાં મળિ શૌરિ સંગે,
ચાલ્યા અનર્થ સુણિ ગોકુલ તે પ્રસંગે.

(૩૩)

જે સ્તન્ય પાન મિશથી વિષ આપનારી,
એવી તમે કપટિ રાક્ષસિ માસિ મારી;
તે સાંભળી ચકિત નંદ થયા અતિશે,
આવો ત્વરાથિ હરિ આ અરિ દાંત પાસે.

(૩૪)

માર્યો તૃણાવત ઉચેથિ નિચે પછાડી,
લાતે હણ્યો સકટ દૈત્ય ઉંચે ઉરાડી,
દર્શાવ્યું વિશ્વમુખ મધ્ય યશોમતિને,
છેદો રમેશ થઇ વ્યાકુળતા સતિને.

(૩૫)

ગર્ગે તમારુ કરિ જાતક કર્મ જાણી,
શ્રી કામ નામ કરણાદિ કહ્યાં વખાણી;
દર્શાવિ વિશ્વ રચના મૃદુભક્ષ મીષે,
આશ્ચર્ય પામિ સમજી સતિ તે અતીશે.

(૩૬)

ભાંગી તમે પયનિ દોહનિ દેખિ માતા,
બાંધી ઉલુખલથિ દોરિ ન પુરિ થાતાં;
આશ્ચર્ય પામિ લઘુદિર્ઘ વિલોકિ ગોપી,
દાસીનું સંકટ રમેશ લિજે અટોપી.

(૩૭)

હાથે પદે થકિ ઉલુખલ સાથ ચાલી,
ભાંગી કર્યા તરુવરો નિજ દેહ શાલી;
તે આપને સ્તવિ નમી વિચર્યા સ્વધામે,
આવો વિલંબ ન કરો હરિ દાસિ કામે.

(૩૮)

વત્સાસુરે વૃજ વિશે કરિ વ્યાધિ ધાઢી
તેને હણ્યો પદથિ વૃક્ષ વિશે પછાડી;
માર્યો મહાબલ બકાસુર ચાંચ ચીરી,
આવો પ્રભુજી બનિ હું અબલા અધીરી.

(૩૯)

જે ગોપને ગળિ ગયો કરી સર્પ કાયા,
એવી અઘાસુરનિ જાણિ અઘોર માયા;
તેને હણ્યો વિપલ મધ્ય ગળે પ્રવેશી,
છોડાવશો હરિ હું હાલ દુખી કુવેશી.

(૪૦)

ચોરી અજે વિધિથી બાળક જે છુપાવ્યા,
તે યોગથી નવિન સર્વ તમે સજાવ્યા;
જાણી ન વર્ષ લગિ આપનિ એવિ માયા,
મુકાવશો હરિ વિપત્તિથિ મારિ કાયા.

(૪૧)

શ્રી આપને વિરચિએ પરબ્રહ્મ માની,
આવી નમી સ્તુતિ સહીત જણાવિ ગ્લાની.
તે વત્સ આપિ વિનવી વિચર્યા સ્વધામે,
આવો કૃપા કરિ રમાવર રંક કામે.

(૪૨)

જે નિત્ય વૈરધિ કરે વન મધ્ય વાસો,
તે ધેનુકાસુર તમે પટકી વિનાશ્યો;
ગોપાલ જીવિત કર્યા વિપ દોષ વાળી,
લીજે ઉગારિ પરમેશ વિપત્તિ ટાળી.

(૪૩)

કાલિંદિના હ્રુદ વિશે વિષ દોષ કારી,
કાલીયને દમિ સુધાસમ કીધુ વારી;
તે પત્નિ વૃંદનિ વિનંતિથિ મુક્ત કીધો;
ભાસે તમો હરિ વિના ન ઉપાય સીધો.

(૪૪)

તે નાગને રમણ દ્વીપ નિવાસ આપ્યો,
પ્રીતીથિ પત્નિ જન સાથ સનાથ થાપ્યો;
દાવાગ્નિથી અસિત ગોપ બચાવી લીધા,
આરોગિને અનલ નિર્ભય નિશ્ચિ કીધા.

(૪૫)

હા ! હા ! મહા વિકટ ગ્રીષ્મ વિષે વિલાસે,
માર્યો નિશાચર પ્રલંબ બલિષ્ટ ભાસે,
તે જાણિ બાલક પ્રસન્ન થયા અતીશે,
કીજે કૃપા ખલ દિસે ભરપૂર રીસે.

(૪૬)

ગોપોનિ મુંજ વનમા સુણિ દીન વાણી,
"હે ! કૃષ્ણ રક્ષણ કરો વન વન્હિ જાણી,"
તે ગોપને નયન નીમિષ જો મિચાવી,
લાવી મુકયા વટનિ પાસ ત્વરાથિ આવી.

(૪૭)

શ્રી કંજ લોચન તમે બલરામ સંગે,
ક્રીડા કરી શરદ વૃષ્ટિવિશે પ્રસંગે;
સંતુષ્ટ સર્વ કરિ ગો વ્રજ ગોપ નારી,
રક્ષા કરો અનુચરી હરિહું તમારી.

(૪૮)

માની મને શરદ કાળ વિલાસ કારી,
કીધો તમે મુરલિ નાદ મનો વિહારી
તે ગોપિયે સમજી સાર અપાર ગાયો,
છો આપ આ જગતનો ભય નાશ પાયો.

(૪૯)

અત્યાચની વૃત્તથિ શુદ્ધ કુમારીકાના,
પુર્યા મનોરથ વિયોગ શમાવિ નાના.
યજ્ઞ સ્ત્રીયો નિકટ મોકલિ ગોપ જાતી,
મારી વ્યથા દુર કરો નથિ તે ખમાતી.

(૫૦)

ભિક્ષા નિમિત્ત થકિ યજ્ઞનિ પત્નિઓના,
કીધા અનુગ્રહ સ્વધર્મ કહી સ્ત્રિઓના,
તે પતિ વૃંદ પતિને અનુતાપ આપ્યો,
કંકામ હાસિ જનનો કરુણાથિ કાપો.

(૫૧)

ગોપાલને અમરના મખથી નિવારી,
કીધો મહોત્સવ ગિરીવરનો વિચારી;
તે ગોપ બોધિ મઘવા કરિ માન હાની,
સેવે સદૈવ હરિને પછિ ન્યુન શાની.

(૫૨)

દેવેશ્વરે ઉરવિશે અપમાન લાવી,
વૃષ્ટી પ્રચંડ વૃજ નાશ થવા સજાવી;
છત્રી ગિરીનિ કરિ એક કરે ઉઠાવી,
ગો-ગોપનાં બધિ ઉપાધિ તમે શમાવી.

(૫૩)
જાણી અનૂપમ પરાક્રમ સૌ તમારાં,
ગોપાલ શંકિત થયા મનમાં બિચારા,
નંદે નિશંક કરિયા કહિ ગર્ગ વાણી,
રક્ષા કરો અનુચરીનિ અનાથ જાણી.

(૫૪)
આપશ્રીની મહતિને સમજી સુરેશે,
માગી ક્ષમા સમિપ આવિ નમી વિશેષે;
ગો રાજ્ય પ્રત્ય અભિષેક હરી કરીને,
સ્વર્ગે ગયો પ્રણુમિ તે અરુર્ચી હરીને.

(૫૫)
જૈને તમે વરુણુ લોક વિશે વિધાને,
લાવ્યા મુકાવિ વરુણાલયથી પિતાને,
વૈકુંઠ ગોપજનને જળમાં બતાવી,
કીધા પ્રસન્ન પરિતાપ બધા શમાવી.

(૫૬)
બોલાવિ જે વૃજ વિલાસનિઓ ઉમંગે;
તે આવિ રાસ રમવા મળિ સર્વ સંગે;
સંવાદ તે રમણિયોથિ કરી રસીલા,
જોતાં અલક્ષિત થયા કરિ રાસ લીલા.

(૫૭)

આ પત્નિઓ વિરહથી થઈ તમ દેહે,
શોધી વળી સકળ સ્થાન અતી સનેહે;
સર્વ સ્થળે વિવિધ ભાવ કરી બતાવ્યા,
જ્યારે નિરાશ થઇ આપ ન હાથ આવ્યા.

(૫૮)

આવી રહી વિચરતી જમુનાનિ પાળે,
તે ગીત ગાતિ થઇ રાગ અતિ રૂપાળે;
પ્રેમે વહે નયન પદ્મથિ વારિ ધારા,
ભક્તીથિ હે! હરિ! તમે ન લગાર ન્યારા

(૫૯)

રે! તેણિઓની દ્રઢતા પ્રિયતાની સાથે,
જાણી અનન્ય ગતિ તેમનિ સર્વ માથે;
પોતે થયા પ્રકટ પ્રેમ સમેત પાસે,
કીધી પ્રસન્ન અતિ રાસ રમી વિલાસે.

(૬૦)

તે ગોપિયો સહિત નીતિ વિવેક આણી,
ક્રીડા જલ સ્થલ વને કરિ એક જાણી;
નાના વિલાસ કરિ રાસ રમી રમાડી,
આપી અમોઘ મન વાંચ્છિત શાન્ત પાડી.

(૬૧)

સર્પ સ્વરૂપ થઈ ગંધરવે ગળેલા,
મુકાવિયા પિતરને ભયથી ભરેલા.
માર્યો તમે ધનદ ચાકર શંખચૂડો,
કીજે રમેશ કરુણા કરિ કાળ રૂડો.

(૬૨)

જ્યારે તમે વન વિશે વિચરો સ્વકામે,
ગોપાંગના મનથિ તાપ અમાપ પામે;
અન્યોન્યમાં જુગલ ગીતથિ કિર્તિ ગાઇ,
પૂરો કરે દિન કરેન બિજી કમાઈ

(૬૩)

માર્યો નિશાચર અરિષ્ટ વૃજ પ્રદેશે.
વૃતાંત્તને સમજી નારદથી વિશેષે.
કંસે તમો સબલને લઇ આવવાને,
અક્રુરને રથથિ શિઘ્ર કર્યો રવાને.

(૬૪)

શ્રી નારદે અસુર કેસરિ મર્ણ જાણી,
કીધા પ્રસન્ન તમને કથિ ભાવિ વાણી;
માર્યો લિલાથિ રજનીચર વ્યોમ નામે,
આવો ચઢી ગરૂડ હે ! હરિ દાસી કામે.

(૬૫)

અક્રુર ધ્યાન ધરતો વૃજ પ્રત્ય આવ્યો,
જે આપને સુજનતાથિ અપાર ભાવ્યો,
હેતે તમે વિધિથિ સ્વાગત કીધિ તેની,
લાવ્યા ગૃહે સમજી મિત્રનિ રીતિ જેની.

(૬૬)

આપશ્રીને વિચરતાં મથુરાંનિ વાટે,
યુક્તિ-પ્રયુક્તિ કરિ ગોપિજને ઉંચાટે;
દર્શાવ્યુ વિષ્ણુ પદ અક્રુરને નદીમાં,
આવી વસો કમલલોચન મારી ધીમા.

(૬૭)

અક્રુર જેથિ તમને પરબ્રહ્મ ધારી,
ગાતો થયો સગુણ નિર્ગુણતા તમારી;
પામ્યો વિશુદ્ધ પદ સંશય સર્વ ટાળી,
રક્ષા કરો અનુચરીનિ પ્રતાપ શાળી.

(૬૮)

કીધો પ્રવેશ મથુરાંપુરિમાં સજોષે,
માર્યો તમે રજક જે ભરિયો સદોષે,
માળા સ્વિકારિ કરિયો સુખકારિ માળી,
સંભાળ મારિ કરજો વનમાળિ શાળી.

(૬૯)

કુબ્જા કરેથિ લઇ ચંદન ચર્ચિ અંગે,
તે પાંસરી કરિ રમાસમ રમ્ય રંગે;
ભાંગી ધનુષ્ય મખ રક્ષક નાશ કીધા,
જે કંસ સેવક તપાસિ તમામ લીધા.

(૭૦)

દંતે કરી કુવલયાપિડ મારિ પાડયો,
જોયો પ્રવેશ કરિ મલ્લ નિવાસ વાડો;
આવેશતા નવ રસોથિ પ્રકાશિ અંગે,
નીતીથિ વાદ કરિ ચાણુર મલ્લ સંગે.

(૭૧)

ચાણુર ચુર્ણ કરિ મુષ્ટિક પિષ્ટ કીધો,
પાપીષ્ટ કંસ પટકી ઝટ જીવ લીધો;
તેની સ્ત્રીઓનું કરિ શાંત્વન શોક કાપી,
તે સર્વ રાજી કરિ પિતૃ મિક્ષાપ આપી.

(૭૨)

નંદાદિને પ્રણુમિ શાન્ત કરી મનાવી,
તે કંસના જનકને નૃપતી ઠરાવી;
વિદ્યા ચતુર્દશ ભણી હણિ દૈત્ય પાપી,
આવ્યા ગ્રહે સ્વગુરુને ગત પુત્ર આપી.

(૭૩)

ગોકુલ પ્રત્ય પ્રિય ઉધ્ધવને પઠાવી,
સંતાપ ગોપિ જનના મનના શમાવી;
ટાળી વૃજાધિશ યશોમતિ શોક વ્યાધિ,
મારી હરો હરજી વ્યાધી અને ઉપાધી.

(૭૪)

આપ શ્રીના કથિતનો શુભ સાર શોધી,
જ્ઞાનોપદેશ કરિ ગોપિ સમસ્ત બોધી;
આવી નમ્યો સુભટ ઉધ્ધવ કામ સાધી,
દાસીનિ દેવર ઉતારિ લીજે ઉપાધી.

(૭૫)

કુબ્જા પ્રસન્ન કરિ પાંડવ ક્ષેમ કામે,
આવી તમે પ્રવિણ ઉદ્ધવને મુકામે;
તે હસ્તિનાપુર વિદાય કર્યો ભણાવી,
સંકષ્ટ નાશ કરિજે હરિ હેત લાવી.

(૭૬)

અ. હસ્તિપુર પ્રત્ય જઇ ઘણેરૂં,
વક્રત્વ જાણિ પતિમાં ધૃતરાષ્ટ્ર કેરૂં;
આવ્યો સુધી કર્યું નિવેદન આપ પાસે,
લીજે ઉગારિ જશ આ જગમાં ગવાશે.

(૭૭)

સંગ્રામમાં મગધ નાયકને હરાવી,
દ્વારામતી નિધિ તટે વિધિથી વસાવી;
તેમાં ઉઠાવિ મથુ રાંમુકિ એક રાત્રે,
કીજે સહાય અહિ છે હરિ આ કુપાત્રે.

(૭૮)

એકાન્તમાં મુનિનિ દ્રષ્ટી સમીપ ઘાલી,
જવાળાથિ કાલયવનેશ્વરને પ્રજાળી;
તેને ચિરંતન મુની મુચુકંદ જાણી,
કીધો અનુગ્રહતમે વદિ વેદ વાણી.

(૭૯)

બીતીથિ આપ ભવને દ્વિજ એક આવ્યો,
રૂકમીણિનો વિનતિ પત્ર ત્વરાથિ લાવ્યો;
વાંચી વિચારિ વિચર્યા સુકુમારિ કામે,
રે ! પંથ જોઇ રહી દાસિ તમારિ સામે.

(૮૦)

જૈને વિદર્ભ પ્રતિ સત્વર દેવિ પાસે,
રૂકમીણિને બલથિ હર્ણ કરી અયાસે.
ચાલ્યા રથેથિ પ્રતિ પક્ષી નરેશ જોતાં,
રોતા રહ્યા કુટિલતે નિજ તેજ ખોતાં.

(૮૧)

સંગ્રામમાં કુટિલ ભૂપતિને હરાવી,
રે ! રૂકિમને કરિ વિરૂપ મુકયો લજાવી;
આવે પુરે કર મિલાપ કર્યો રમાનો;
સાથી બિજો નથિ તમો સમ આ સમાનો.

(૮૨)

પ્રદ્યુમ્ન શંબરથિ હર્ણ થયો તથાપી,
તેને મહા પ્રબળને હણિ તે પ્રતાપી,
આવ્યો પુરે કુશળ પત્નિ રતી લઇને,
પામી મહા સુખ જનિત્રિ સપૂત્ર થઇને.

(૮૩)

મિથ્યાપવાદ મણિનો હરતાં તમોને
જાણી સદા પરમ ઈશ્વર જાંબવાને;
આપી મણી સહિત જાંબુવતી સુરામા,
શત્રાજીતે મણિ લઈ દિધિ સત્યભામા.

(૮૪)

શ્રી નાતના વધકને વધવાથિ કાને,
આવેલિ વ્યર્થ અપકિર્તિ ઉતારવાને;
તે સુર્ય તુલ્ય મણિ અક્રુરથી ગૃહિને,
આવી કર્યા સુજશ આ જગમાં રહીને,

(૮૫)
કાલીંદિ આદિ વધુ પંચકના વિશેષે,
કીધા કરાંબુજ મિલાપ વિવીધ દેશે;
દેખીગયા કંઇક ભૂપતિ માન મુકી,
જો જો જતા હરિ તમે ચરિકામ ચૂકી.

(૮૬)
માયાવિ ભુમિ સુતને રણ મધ્ય મારી,
મુકાવિ બંધનથિ સોળ શહસ્ત્ર નારી;
તે સર્વને વરિ તમે મન વૃત્તિ જાણી,
શ્રી પારિજાતક સમૃદ્ધિ દિવીથિ આણી.

(૮૭)
રૂકમીણિને નિજ વિવાહ પ્રસંગ લાવી,
નાના વિધીથિ ઉપહાસ કરી રૂંસાવી;
તેણીનિ જાણી ગતિ કલેશ વિશેષ વાળી,
કીધી પ્રસન્ન વદિ વાણિ વિલાસ શાળી.

(૮૮)
શ્રી રૂપ આઠ પટરાણિ તમારિ રાજે,
એકેકને દશ દશાત્મજ ભવ્ય ભ્રાજે;
પદ્યુમ્ન પુત્ર અનિરૂધ્ધ વિવાહ વારે,
રામે હણ્યો રૂકમિને મુશલે પ્રહારે.

(૮૯)

એકે સ્થળે નિજ કુમારિ ઉષા નિવાસે,
દેખી અનંગ સુતને રમતો વિલાસે;
બાણે પુર્યો પ્રબલ બંધન મધ્ય તેને,
રે ! કષ્ટ આ ઉચરુ આપ વિના હું કેને.

(૯૦)

રૂદ્રજવરે શુભ વિનંતિ તમારી ભાખી,
કાપી બધા અસુરના કર ચાર રાખી;
તેને શિવ સ્તુતિથિ ફેરવિ હાથ માથે,
આવ્યા પુરે લઇ ઉષા અનિરૂધ્ધ સાથે.

(૯૧)

શાપ વ્યથાથિ નૃગ ભૂપતિને મુકાવી,
બ્રહ્મ સ્વ ભક્ષ થકિ દોષ થતા જણાવી;
દીધી શિખામણુ મહાધ નરેશ પ્રત્યે,
છો આપ યોગ્ય સુખ દાયક સર્વ કૃત્યે.

(૯૨)

રામે ફેંચીથિ વૃજ પ્રત્ય જઇ પ્રસંગે,
લીલાથિ ગોપિ જન સંગ રમી ઉમંગે;
ખીંચી ભરાવી હળથી જમુના નદીને,
લીજે વિનંતિ કરિ આપનિ દાસિ દીને.

(૯૩)

આપ સ્વરૂપ ધરનાર અતી અનાડી,
મારી સખા સહિત પૌડ્ક શીશ પાડી;
તેની રથાંગ થકિ કાશી પુરી પ્રજાળી,
કૃત્યા સ્વલોક પર આવતિ પાછી વાળી.

(૯૪)

શ્રી રમ્ય રૈવત ગિરી શિખરે વિરામે,
લીલા વિલાસ કરિ રેવતિ સંગ રામે;
તત્રે હણ્યો દ્વિરદ વાનર એક બાણે,
કીર્ત્તિ તમારિ જગજીવન લોક જાણે.

(૯૫)

રે! શાંબ ને કુરુ કરેથિ મુકાવવાને,
રામે જઈ સુગમ સૂચવિ તે ન માને
ઉખેડિ હસ્તિપુર ખીંચિ હળે ભરાવી,
આવ્યા સ્નુષા સુત લઇ કુરુને હરાવી.

(૯૬)

પ્રત્યેક સ્ત્રી ભવન પ્રત્ય તમો હરીને,
નાના સ્વરૂપ અવલોકી બધે ફરીને;
આશ્ચર્ય પામિ મુનિ નારદ આવિ પાસે
ભ્રાન્તી તજી વિનવિ વંદિ ગયા નિવાસે.

(૯૭)

નિત્ય ક્રિયા કરિ જઇ નૃપના નિવાસે,
સંકષ્ટ બંધિ નૃપનું સુણિ દૂત પાસે;
આવ્યું યુધિષ્ટિર નિમંત્રણ તે પ્રસંગે,
તે કાર્યનો કરિ વિચાર તમે ઉમંગે.

(૯૮)

નીતી વિશે પ્રવિણ ઉદ્ધવને પ્રમાણી,
તેનો લઈ મત ઉરે અભિલાષ આણી;
આવી સખા સહિત સત્વર ઇંદ્રપ્રસ્થે,
આપ્યો પ્રમોદ પતિને નિજચિત્ત સ્વસ્થે.

(૯૯)

શ્રી રાજસૂય કરવા યમના કુમારે,
કીધી છતાં વિનતિ આપ હરીનિ જ્યારે,
સ્વેચ્છા સ્વભક્ત હિતકારિ ધરિ વિલાસે,
કીધો વિનાશિત જરાસુત ભીમ પાસે.

(૧૦૦)

તે માગધે ગૃહિત ભૂપતિને મુકાવી,
સંતાપતે સકલના મનનો શમાવી,
સન્માન આપિ કરિ સ્વાગત સર્વ કૃત્યે,
કીધા વિદાય રિઝવી નિજ ગજ પ્રત્યે.

(૧૦૧)

શ્રી ધર્મના વિપુલ યજ્ઞ તણા પ્રસંગે,
કીધી તમો હરિનિ અગ્ર પુજા ઉમંગે;
તે દેખિ ચેદિપતિયે શત ગાળ આપી,
તેને હણ્યો જ્વલિત ચક્રથિ શીશ કાપી.

(૧૦૨)

દેખી સ્થળે જળ જળે સ્થળ શ્રી સભાને,
ઉચાં કર્યાં વસન અંધ સુતે સભ્રાન્તે;
ભીમાદિકે સમજી તે હસિ પાડિ તાળી,
કોપી ગયો સ્વપુર તે ખલ નીચુ ભાળી.

(૧૦૩)

રે ! શાલ્વના સમર મધ્ય ગદા પ્રહારે,
પ્રદ્યુમ્ન મુછિત થયો કરિ યુદ્ધ ભારે;
તેને લઇ રણથિ સારથિ ઘેર આવ્યો,
જાણી તમે જઇ રણે અરિને હરાવ્યો.

(૧૦૪)

માયા કરાળ ખળ શાલ્વનિ ચિત્ત જાણી,
તેને હણ્યો નિમિષમાં રણમધ્ય આણી;
ભાંગી વીમાન કર્યું ચુર્ણ પ્રમાણ તેનું,
છો ભકત કારણ તમે હરિ કામધેનું.

(૧૦૫)

માર્યા મહાબળ વિદૂરથ દંત વક્ર,
પ્રેમે રમ્યા પુરવિશે દળિ દુષ્ટ ચક્ર;
રામે પ્રસંગથિ હણ્યા સુતજી પુરાણી,
કીજે કૃપા વિધિ કરી પર ચક્ર પાણી.

(૧૦૬)

સંતોષ વિપ્ર જનનો કરવા વિશેષે,
રામે હણ્યો હળથિ બલ્વલ તીર્થ દેશે;
હત્યા પુરાણિ વધની હરવા વિલાસે,
આવ્યા વિશુધ્ધ થઇ તિર્થથિ આપ દેશે.

(૧૦૭)

જાણી ગૃહાગત પવિત્ર સખા સુદામા,
પૂજી નમી વિનવિ નીતિથિ બેસિ સામા;
પ્રેમે જમાડિ પધરાવિ મહા પલંગે;
વાર્તા ગુરૂ ગૃહનિવાસનિ કીધિ સંગે.

(૧૦૮)

જાણી દરિદ્ર પતિને પતિને અતીશે,
માંગી પુવા લઇ દરિદ્ર વિનાશ મીશે;
આપી સમૃદ્ધિ નિજ તુલ્ય પુની નિવાસે,
દારિદ્ર લૈ ઉપડિ ગૈ ઝુપડી આકાશે.

(૧૦૯)

સૂર્ય ગ્રહે સકુલ જૈ કુરુ ક્ષેત્ર પ્રત્યે,
સ્નાનાદિ સદ્વિધિ કરી થઈ કૃત્ય કૃત્યે;
જ્ઞાનોપદેશ કરિ નંદ યશોમતી ને,
કીધી કથા મળિ મુની યતિ ભૂપતી ને

(૧૧૦)

જે જે સ્રિયો વરિ તમે હરિ જેવિ રીતે,
તે તેમણે કહિ જણાવ્યું મને સપ્રીતે;
મેં તે વિધી કથિ કથાવિ કથા તમારી,
છે દાસિને દ્રઢ પ્રતીતિ તમારિ સારી.

(૧૧૧)

તાતે મુનીથિ સુણિ તત્વ વિવેક લાવી,
કીધો મહા મખ મહોત્સવ શ્રી ગજાવી,
આવેલિ મંડળિ વિશે શુભશાન્તિ દીધી
પૂજી નમી સ્વપુર મધ્ય વિદાય કીધી.

(૧૧૨)

સંપ્રાર્થનાથિ અતિ પાવન બોધ આપી,
પ્રેમે પિતાનિ ભવ બંધન ભીતિ કાપી;
શ્રી માતને મૃતક પુત્ર જીવાડિ આપ્યા.
સંતાપ ભક્ત જનના કરિ કામ કાપ્યા.

(૧૧૩)

પાર્થે યતી થઇ હરી ભગિની તમારી,
કીધી રુષીત બલભદ્રનિ શાન્તિ સારી;
જેને ત્વરાથિ મિથિલા પુરિ પ્રત્ય પ્રીતે,
રાજી કર્યા જનકને દ્વિજના સહીતે.

(૧૧૪)

શ્રી આપને સમજી ઇશ્વર ચાર વેદે,
કીધી સ્તુતી સગુણ નિર્ગુણ ભારિ ભેદે;
પૂજી પવિત્ર વિધિથી નમિ પાદ પદ્મ,
તે પામિ આશિષ ગયા નિજ બ્રહ્મ સદ્મ.

(૧૧૫)

શ્રી આપનો પદ ઉપાસક મોક્ષ પામે,
સંપત્તિથી ઇતર ભક્ત વ્યથા વિરામે;
છો નિત્ય સત્ય ત્રીગુણાત્મ તમે વિધાતા,
કીજે કૃપા નિધિવિધી કરિ કેરી સાતા.

(૧૧૬)

શુકે તમારિ મુનિને મન મધ્ય ભાવી,
ઉત્કર્ષતા સકલ દેવ વિશે જણાવી,
પામ્યા વિરામ મુખિ બોધ સમસ્ત સારો,
હે! નાથ હાથ ગ્રહિ આ ભવ પાર તારો.

(૧૧૭)

સંક્ષેપથી કહિ રસીકિ કથા તમારી,
જાણી તમે યદુ પ્રસૂતિનિ વૃદ્ધિ ભારી;
તે સર્વના પ્રલય પ્રત્ય મતિ સુજાવી,
છેદ્યા અરીકૃત વ્યથા હરિ હેત લાવી.

---

(૧૧૮)

ઇત્યાદિ ભાગવતના દશ કાન્ડ મધ્યે,
ભાખ્યાં શુકે અતિ પવિત્ર ચરિત્ર ગદ્યે,
તે મેં કથ્યાં દ્રુપદ પુત્રી પ્રસંગ લાવી,
પાતીવૃતા યુવતિની પ્રભુતા જણાવી.

---

(૧૧૯)

એવી રિતે વિનતિ દ્રૌપદિની વિશેષે,
જાણી સ્વ અંતરથિ વિસ્મિત થૈ રમેશે;
જાગી અચિંત્ય શયને થકિ શુદ્ધિ લાવી,
જોતાં વ્યથા વ્યથિત દ્રૌપદિ ધ્યાન આવી.

(૧૨૦)

જેને અગમ્ય નથિ કાંઇ તથાપિ ઇશે,
વાંકી ભ્રકૂટિ કરિ વાણિ કહી સરીશે:
' રે ! આ મહા સતિ શિરોમણિ ભક્ત જાયા, '
' જે માત તાત કુલ તારિણિ યોગમાયા. '

(૧૨૧)

' તેણીનિ લાજ હરનાર નૃ જે નઠારો,'
' તે છે અવશ્ય અપરાધિ સદૈવ મારો.'
' તે સાંભળી રૂકિમણિ વદિ શીશનામી,
' રે ! કેમ કોપિત થયા અવચિંત્ય સ્વામી.'

(૧૨૨)

બોલ્યા હરી દ્રુપદ ભુપતિની કુમારી,'
' છે દ્રૌપદી સતિ શિરોમણિ ભક્ત મારી.'
' રે ! તેણિને કપટ દ્યુત પ્રસંગ લાવી,'
' જીતી સુયોધન સ્વપત્નિ થવા જણાવી.'

(૧૨૩)

' તે તેનિ પત્નિ ન થવાથિ અસાધ્ય જાણી,'
' દુશ્યાસને અહિં સભાજન મધ્ય આણી.'
' પ્રત્યક્ષ નગ્ન કરિ તેણિનિ લાજ લેવા,'
' છે સાવધાન ધૃતરાષ્ટ્ર સુતાદિ જેવા.'

(૧૨૪)
'જેથી વિપત્તિ થઇ છે સતિને વધારે,'
'મારે અવશ્ય જવુ તે યુવતિની ઉદ્ધારે;'
'તેણે કરેલ ઉપકાર અપાર ભારે,'
'આપું ત્વરાથિ જઇને બદલો લગારે.'

(૧૨૫)
'જો આપણે પ્રથમ ધર્મ ગૃહે ગએલાં,'
'રે! રે! અતિથિ નૃપ પાંડવનાં થએલાં,'
'કીધી હતી સરસ સ્વાગત સ્નેહ સાથે,
'થાતાં શ્રમીત સતિ દ્રૌપદિ નીજ હાથે.

(૧૨૬)
'રૂકમીણિ રાણિ કરિ સ્મર્ણ તમે વિચારો,
'સેવા કરેલિ સતિની ન તમે વિસારો;
'ભૂલે ન જેહ જન સદ્ય કૃતજ્ઞ હોયે,
'થાયે વ્યતીત બહુ કાળ કદાપિ તોયે.

(૧૨૭)
'જે છે જુઓનિ જન સજ્જનતા ભરેલા;
'ચૂકે ન લેશ ઉપકાર કદી કરેલા;
'આપે અવશ્ય બદલો ઝટ જોઇ લાગ',
'લેશે નહીં લગિર તેહ 'કૃતઘ્ન' ડાઘ'.

(૧૨૮)

'આભાર મુજપર સઘ સતી કૃતીનો',
'રે! રે! નથી સમય હાલ જરા ધૃતીનો';
'એણે અતુલ ધરિ પ્રેમ હું ક્ષેમ માટે',
'કીધેલ કેમ વિસરાય સતી ઉચાટે,'

(૧૨૯)

'જો આપણે સતિ સહીત ગયેલ વાડે',
'કીધી હતી સરત શેરડિ ખાવિ દાઢે';
'ભીમાદિ ચુશિ રસ પુર્ણ રિતે ધરાણા',
'કૃચા કવચીત કઈ દાંતવિશે ભરાણા'.

(૧૩૦)

'ધર્મે લગાર શરમાઇ છરીથિ છોલી',
'મેં તો ત્વરાથિ બધિ દાત વડેજ ફોલી';
'રે! છોલતાં ઉતરિ છોઈ કરાંગુલી એ',
'ને નીકળ્યુ રુધિર રેલ વહી રહી રે.'

(૧૩૧)

'થાયે ન બંધ સહુ શોધિ રહ્યાંજ પાટો,'
'પાસે હતાં પટ છતાં ન ચઢ્યો ઉકાટો;'
'ધાર્યું અમુલ્ય ચિર કેમ શકાય ચીરી,'
'જાણે મળે ન ફરિ એમ રહી અધીરી.'

(૧૩૨)

'પટરાણિ શાણિ પણ આપ સહિત જોને,'
'સુઝયો ન સ્વામિહિતકારક માર્ગ કોને,'
'મિથ્યા કરી રૂૅદન ભાવ બહુ બતાવ્યો,'
'મારાથિ ચીર ચિત્તમાંહિ અધિક ભાવ્યો.'

(૧૩૩)

'હા ! એ સમે ચિર અમુલ્ય હતું ધરેલું,'
'ફાડયું ધરી ન ધિર દ્રૌપદીએજ પે'લું;'
'કીધો વિચાર મુજ હીત તણોજ તેણે'
'ભક્તી ભુલાય કયમ ભાવથિ કીધિ એણે.'

(૧૩૪)

'આસક્તિ છાડિ ચિર ચિત્ત મને સમર્પ્યું,'
'સાચું ગણાય સતિ અંતર વારિતર્પ્યું,'
'રે ! એ સતી દુસહ આપદમાં પડી છે;'
ઉપાધિ–વ્યાધિ ક્રૂર કૌરવની નડી છે."

(૧૩૫)

'રે ! રે ! લગાર કયમ વાર કરૂં અટાણે,'
'જાવું ત્વરાથિ સતિને પિડતા પરાણે;'
એવી રિતે કહિ વિદિત કરી સ્વનારી,
ચાલ્યા સવેગ ગરૂૅડે ચઢિ ગીરિધારી.

(૧૩૬)

આવી રહી ગજપુરે ધરિ યોગમાયા,
ઉભા અલક્ષિત કરી સતિ પ્રત્ય છાયા,
તત્રે દિઠી દ્રુપદિ રાંકનિ પેઠ રોતા,
ઉભી સુયોધન સમીપ [illegible] જોતાં.

(૧૩૭

જેણીનિ કંચનનિ ભાથિ અતિ રૂપાળી,
કાયા થઇ ગઇ વિપત્તિ કળાથિ કાળી,
કાન્તી સુરેખ સુખની થઇ દુઃખ મેલી,
રમ્યાકૃતી ભયથિ વ્યગ્ર વધુ બનેલી.

(૧૩૮)

નેત્રે વહે રૂદન વારિનિ ધાર ગાઢી,
જેથી ભિજાઈ ગઈ અંગનિ ચોળિ સાડી;
આવી ગઇ વિકલતા વપુમાં વધારે,
બે હાથ જોડિ ખલને કહિ દુર વારે.

(૧૩૯)

નીતીનિ રીતિ કહિ પાલ્વ ઝાલિ હાથે,
ભિષ્માદિને વિનવતિ છતિ ભક્તિ સાથે;
રે ! આ ઘટે ન નૃપને કરણી નઠારી,
લજ્યા વિનાનિ કરવી વણુ વાંક નારી.

(૧૪૦)

આક્રંદ ગાઢ કરતી છતી આર્ત સાદે,
થાકી ગઇ અકથનીય વ્યથા વિષાદે;
રૂંધાઈ કંઠ નળિ નાખિ ઘણા નિશાસા,
છૂટી તથાપિ ઉરથી નહિ કૃષ્ણ આશા.

(૧૪૧)

એવી નિહાળિ અવ્યવસ્થીત તે સતીને,
કૃષ્ણે વિપત્તિ હરવાની કરી મતીને;
તેને અદૃશ કરિને ક્ષણ તે પ્રદેશે,
પોતે થઇ દ્રુપદિ રૂપિ વિશેષ વેશે.

(૧૪૨)

બોલી મુખે કરથિ પાલવ પાથરીને
આવી ઉભી અચલ ધૈર્ય અતી ધરીને;
છે કૃષ્ણ એ તદપિ કયાથિ અધર્મિ જાણે,
એ તો સક્રોધ સતિનું ચિર હાય ! તાણે.

(૧૪૩)

શ્રી અંગથી ચિર ખિચી કર્યું દૂર જ્યારે,
તેણે દિઠી અતિ સુચીર સહીત ત્યારે;
તે ખેચના વળિ દિઠી સતિ તે સચીરા,
આશ્ચર્ય પામિ જન સર્વ થયા અધીરા.

(૧૪૪)

ખેંચી ફૂચીર ચિર ત્રીજું નિહાળિ દેવી,
ઉભી યથાસ્થિત સુચીર સહીત તેવી.
ચોથું ખિંચી ચિર સચીર વિલોકિ રાણી;
દીઠાં ખિંચીત ચિર દુષ્ટ મતિ ભ્રમાણી.

(૧૪૫)

રે ! આ શરીર પર ચીર ઘણાં ધરીને,
આવી હશે કુમતિ એમ મતી કરીને;
તે ખેંચીં ચીર દશ વીશ વિશેષ રોપે,
દીઠી સતી તદપિ તે ભરિ ચીર કોપે.

(૧૪૬)

ખેંચી શતાવધિથિ ચીર અધીક જ્યારે,
પામી પરીશ્રમ વિચાર કર્યો ગમારે;
છે જેમ એકનિ નિચે પટ એક વ્યાપી,
આવેન અંત કદાપી પડનો કદાપી.

(૧૪૭)

રે ! તેમ એકનિ નિચે ચિર એક વાળી,
છે આ સતી અમિત ચીર શરીરશાળી;
એવી રિતે વળિ વિચારિ ખળે સરીશે,
ખેંચી ફૂચીર ચિર ઓધ કર્યો અતીશે.

(૧૪૮)

તે જેમ જેમ ચિર ખેંચિ કરે અચીરા,
શ્રી તેમ તેમ ચિર પુરિ કરે સચીરા,
નાસો અધીક નવની નત્ર ચીર ખીંચી,
ઉભો તટસ્થ થઈ તે ખલ આંખ મીચી.

(૧૪૯)

જ્યારે થઈ દશ શતાવધિ ચીર પુર્ત્તી,
થાકી ગયો ખલ લગાર રહી ન સ્ફુર્તી,
લાગ્યો વિચાર કરવા મતિમંદ મેલો,
જાણે જણાય ગુણહીન ગમાર ઘેલો.

(૧૫૦)

ફાગી થઇ મુખનિ કાન્તિ વધી નિરાશા,
નાખે નિર્લજ્જ થઈ શ્વાસ લઇ નિશાસા,
તે નીચને અમિત ખેદ ખચીત જાણી,
બોલ્યા પિતામહ વિવેક સહીત વાણી.

(૧૫૧)

રે ! મૂઢ તું તજ અનીતિ ઉરે વિચારી,
આ છે મહા સતિ શિરોમણિ ધર્મનારી;
જો તું હવે જઇશ પામર એનિ પાસે,
તો સત્ય મેવ ઝટ જીવન તારૂં જાશે.

(૧૫૨)
તેથી તને વચન બે કહિ આજ વારૂ,
તે માનિ લે સમજી સત્વર તારુ સારૂં;
સ્ત્રીનો કદાપિ હઠથી નહિ પાર લેવો,
છે શ્રેયકારક સનાતન ન્યાય એવો.

(૧૫૩)
જે માનનીનુ કરવા અપમાન ધારે,
તે માનભંગ થઇને યશકિર્તિ હારે;
તેં ધર્મ ન્યાય તજી નાશ કરી મતીનો,
કીધો અપાર અપરાધ મહાસતીનો.

(૧૫૪)
છે આ સતી તદપિ સત્ય સ્વભાવવાળી,
કીધી ક્ષમા ખલ તુને સ્તુતિ વૃત્તિ પાળી;
જો તું હવે કરિશ બુદ્ધિ કદાપિ કૂડી,
તો સદ્ય તું જઇશ બંધુ સહીત ઉડી.

(૧૫૫)
સાંખે સદૈવ સતિ દુર્જન દોષ કોટી,
કોપે થશે વિપળ મધ્ય વિપત્તિ મોટી;
તેથી હવે તું અહીંથી લઇ પ્રાણ તારો,
જા બંધુઓ સહિત જાણિ બચાવ સારો.

(૧૫૬)

તે ભિષ્મનાં વચન સાંભળિ નીચું ઘાલી,
દુર્યોધનાદિ ખળ મંડળિ ત્યાંથી ચાલી;
નાસી ગઇ અહીં તહીં મદમાન હારી,
બેઠી રહ્યા સુજન જ્યાં હતિ ધર્મનારી.

(૧૫૭)

માની મહોત્સવ કરી સુજને પ્રશંસા,
રે ! ધન્ય ધન્ય સતિ દ્રૌપદી ધન્ય વંશા;
દેવે મધૂર સુર દુંદુભિને વજાડી,
કીધી મહા કુસુમ વૃષ્ટિની દષ્ટિ ધાઢી.

(૧૫૮)

બદી જને ગુણ સકિર્તિ નવીન ગાયા,
સંકેલિ લીધિ હરિએ નિજ યોગ માયા;
ઉભી યથાસ્થિત સતી હતિ ત્યા સુવેષી,
કૃષ્ણે કૃપાથિ તત અંતરમાં પ્રવેશી.

(૧૫૯)

આપી મનોહરણ દર્શન પૂર્ણ પ્રીતે,
દર્શાવ્યું આગમન કારણ સર્વ રીતે;
તે જાણિ દ્રૌપદિ પ્રસન્ન મુખે કરીને,
લાગી વિનંતિ કરવા પ્રણમી હરીને.

(૧૬૦)

સૌ સંતાપ અમાપ ટાળિ હરિએ ઉગારિ છે આ સમે,
કીધી સા'ય બુઝાવિ લ્હાય મનની હે! કૃષ્ણ ત્રાતા તમે;
ન્હોતું સા'યક કોઈ જોઈ દુખમાં ધાયા પ્રભુ આગમે.
રાખી લાજ દયાળુ દિન તણિ હે! શ્રી કૃષ્ણઃશર્ણમમઃ

શ્રી કૃષ્ણ સ્તોત્ર.

ભુજંગ પ્રયાત.

(૧૬૧)


અહો ! કૃષ્ણ રાધાપતી શાન્તીદાતા,
વિધાતા તમે વિશ્વના તાત માતા;
તમે લાજ રાખી કરી મુખ હસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૨)

ગુણો છે ઘણા આપના સ્ત્રિ હું જાતી,
ગણાવું બધા તે કહો કેવિ ભાંતી;
સહસ્ત્રાવધિ ચિર પુર્યાં સ્વહસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૩)

કરી મારી રક્ષા વિપક્ષો સમક્ષે,
ધરી દક્ષતા સાચજ્યો પક્ષ લક્ષે;
મહામુલ ચિરો પુર્યાં મુલ સસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.



શ્રી કૃષ્ણ.

The Lakshmi Art, Bombay

(૧૬૪)

ખમ્યા કષ્ટ કોટિ અમો અર્થ માટે,
ફરી સાય આપે ઘણી વાટ ઘાટે;
કૃપા આપનિ જાણી સ્વામિ સમસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૫)

કરી દુષ્ટ દુશ્યાસને ભારિ ભીતી,
સુજી લાજ લેવાનિ ભારે અનીતી;
તથાપિ રહ્યા નિચ તે હાથ ઘસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૬)

પ્રપચે થઇ કૌરવો પૂર્ણ રાજી,
અધર્મે રચ્યા ધર્મથી દ્યુત બાજી;
તથાપિ થયા દુષ્ટ તે અસ્ત વ્યસ્તે,
નમસ્તે, નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૭)

રમાનાથ છો રત્યના નિત્ય સાથી,
નથી ભીતિ હારી બીજો કોઇ ભાથી;
વશી વસ્તિ આ વિશ્વમાં આપ વસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૮)

કહું આપને હું વદી શું વધારે,
કર્યાં સર્વ વાતે સુખી વાર વારે;
કૃપાથી પડયાં સર્વ સંકષ્ટ રસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૬૯)

વીનંતી સતીનાં સુણિ એવિ રીતે,
મહા સત્ય આશીષ આપી સપ્રીતે,
ગયા કૃષ્ણ દ્વારામતિ સૂર્ય અસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

(૧૭૦)

કૃપાનાથ કૃષ્ણે સદા સત્ય ભાખી,
સતીની સભામાં જતી લાજ રાખી;
મથુરેશની શ્રી કૃપા થઇ પ્રશસ્તે,
નમસ્તે નમસ્તે નમસ્તે નમસ્તે.

---

(૧૭૧)

શ્રીની કૃપાથિ સતિ દ્રૌપદી એવિ રીતે,
લજ્જા સ્વરૂપિ ધરિ આભરણો અમીતે;
ભીષ્માદિને પ્રણમિ વાણી વદી રસાળી,
ગૃહસ્વાશ્રમે કથતિ કૃષ્ણ કથા કૃપાલી.

(૧૭૨)

કૃષ્ણે ધરી નિજ કલાથિ સતીનિ મુર્તી,
કીધી કૃપાથિ પરિ પૂરણ ચીર પુર્તી.
માની તમે જન ઉરે મથુરેશ વાચા,
નિત્યે ભજો પરમ ભકિતથિ કૃષ્ણ સાચા.

(૧૭૩)

એ છે ભવાબ્ધિ ભયદુઃખ વિદારનારો,
સંભારતાં સબળ સાંચક એ થનારો;
ભૂલેન ભકત જનને કદિ કોડ વાતે,
થાયે સુશાન્તિ બલવીરનિ કિર્તિ ગાતે.

(૧૭૪)

સંસાર સાગર અગાધ તરાય તેથી,
શ્રીકૃષ્ણ ભકિત રૂપિ નાવ રૂડું મળ્યાથી;
ટાળે ઉપાધિ વળિ વ્યાધિ ભજાય ભાવે,
શ્રી કૃષ્ણ કૃષ્ણ કમલાવર ઓતિ ગાવે.

(૧૭૫)

શ્રી કૃષ્ણ નામ ગણિ અંતરમાં રસાળું,
શ્રી કૃષ્ણ ધામ અતિ નેહથી નિત્ય ન્યાળું;
શ્રી કૃષ્ણ મુર્તિ તણું ધ્યાન રહે સદાય,
તો આ ભવાટવિ ન ભાળું પછી કદાય.

(૧૭૬)

શ્રી નર્મદાપુરિનિ પ્રીતિ વિવેક વાળી,
શાણિ સુવૃત્તિ જનઅંતરને સુખાળી;
છે ધર્મ-કર્મ દ્રઢ પુર્ણ પરોપકારી,
જેની કૃતી મતિ પવિત્ર ચરિત્ર ભારી.

(૧૭૭)

એ જ્ઞાન વાન નર કાવ્ય તણા વિલાસી,
તેથી સૂજાવી ચિર પૂર્તિ ખચિત ખાસી;
નિત્યે કરે પઠન વંચન જેહ ભાવે,
આપત્તિ ટાળિ હરિ શાન્તિ સદા વસાવે.

(૧૭૮)

શ્રી કૃષ્ણ કિર્તિ કર્ણેદ્રિ કરે પવિત્ર,
થાએ વિશુદ્ધ હરિનું સુણતાં ચરિત્ર,
પામે અલભ્ય જન લાભ ત્રિતાપ જાશે,
ગાતાં સુગાથ મથુરેશ પ્રસન્ન થાશે

દોહરો,

સંવત શર શર નવશશી, વ્યસ્ત અંક ઇશ માસ;
ચીર પૂર્ત્તિ મથુરેશની, થઈ પુર ડંક નિવાસ.

સમાપ્ત.

શૂદ્ધિ પત્રક.

પ્રસ્તાવના

પૃષ્ઠ	લીટી	અશૂદ્ધ	શૂદ્ધ
૧	૩	ગુર્જરગિર	ગુર્જરગિરા
૧	૧૫	નિતિનો	નીતિનો
૩	૯	સગધ	સબંધ
૩	૧૦	પુરૂષાને	પુરૂષોને
૩	૧૬	અનિતી	અનીતિ
૩	૧૯	સ્વાભાવીક	સ્વાભાવિક
૩	૨૩	સજોગો	સંજોગો
૪	૩	ધમ	ધર્મ
૪	૪	કરના	કરતા
૪	૮	જોઇએ	જોઇએ
૪	૧૨	માગ	માર્ગ
૪	૧૫	દુર	દૂર
૪	૨૧	મુકવાની	મૂકવાની
૫	૧	વાસ્તવીક	વાસ્તવિક
૫	૧૧	શીક્ષણ	શિક્ષણ
૫	૧૫	ઉછેરેછે	ઉછેરે છે
૫	૧૭	નહી	નહિ
૮	૨૦	ઝખી	ઝાખી
૬	૬	પરીણામ	પરિણામ

૬	૧૬	પર્યા	પ્રેર્યા
૭	૬	અરતું	અગતુ
૭	૮	સાર્થકય	સાર્થક
૮	૭	સ્થીતિ	સ્થિતિ
૮	૨૨	.. ..	આશ્રયઆપીએ
૯	૧૫	અમેરીકાદ્દિ	અમેરિકાદ્દિ
૧૦	૧૪	પુર્જો	પૂર્જો
૧૬	૧૪	ચિરપુર્તિ	ચીરપૂર્તિ
૧૧	૧૫	સિંધુના	સિંધુના
૧૧	૧૯	આલૌકિક	અલૌકિક
૧૩	૧૮	ખુબી	ખૂબી
૧૫	૧૬	કિમતી	કીમતી
૧૬	૧૫	વિભુતિ	વિભૂતિ
૧૬	૧૫	વિભુષીત	વિભૂષિત

મંગલાચરણ

૧	હેડીંગ	ચીરપુર્તિ	ચીરપૂર્તિ

પાંચાળીની ઉત્પત્તિ

૬	હેડીંગ	પાંચાળિ	પાંચાળી
૬	૨	દ્રૌપદિ	દ્રૌપદી
૬	૨	શિરેમણી	શિરોમણિ
૨	૩	ઉત્પત્તી	ઉત્પત્તિ
૭	૫	છડિ	છડી
૮	૪	વળિ	વળી
૮	૫	આપત્તી	આપત્તિ

૮	૬	સ્ાભાવિક	સ્વાભાવિક
૮	૮	સમિપ	સમીપ
૮	૧૨	અતિથા	અતિથિ
૯	૮	દુ ખથી	દુ ખથી
૯	૧૦	પ્રજળિ	પ્રજળી
૯	૧૦	સઘ્ર	શીઘ્ર
૯	૧૧	ભસિમરુત	ભસ્મિભૂત
૯	૧૩	પત્યે	પ્રત્યે
૯	૧૩	ગુસ્સો	ગુસ્સો
૧૦	૪	મુદત	સદત
૧૦	૯	શિંક્ષાપાત્ર	શિક્ષાપાત્ર
૧૦	૧૩	સ્મૃદીનો	સ્મૃતિનો
૧૦	૧૪	ગૃહમદર	ગૃહમંદિર
૧૦	૧૬	પત્ની	પતિ
૧૦	૧૭	સ્થિતી	સ્થિતિ
૧૧	૭	દુધ	દૂધ
૧૨	૪	રવાદ	સ્વાદ
૧૨	૬	ગૃહંણિ	ગૃહિણી
૧૨	૭	પરિસ્થીતિ	પરિસ્થિતી
૧૩	૩	ભુલી	ભૂલી
૧૩	૧૦	કીંચીત	કીંચિત
૧૩	૧૨	શાજભૃષ્ટ	રાજભ્રષ્ટ
૧૫	૫	ઉચ્છંકળતા	ઉચ્છૂંખળતા

૧૫	૫	ઈંત્યાદી	ઈત્યાદિ
૧૫	૧૧	સમયોચીત	સમયોચિત
૧૫	૧૪	આલીગન	આલિંગન
૧૫	૧૫	અરધું	અર્ધું
૧૫	૧૬	લજીજત	લજ્જીત
૧૫	૧૬	છુટો	છૂટો
૧૬	૩	ત્રડે	ત્રટે
૧૭	૯	ભક્તી	ભક્તિ
૧૭	૧૦	પતીનું	પતિનું
૧૭	૧૦	હરી	હરિ
૧૭	૧૦	સીવાય	સિવાય
૧૭	૧૧	પુનિત	પૂનીત
દ્રૌપદી સ્વયંવર			
૧૮	૨	પાણીગ્રહણ	પાણિગ્રહણ
૧૮	૪	પુત્રીઓ	પૂત્રીઓ
૧૮	૫	પુછે	પૂછે
૨૦	૫	વિર	વીર
૨૦	૮	વીશેષ	વિશેષ
૨૨	૬	પશ્નો	પ્રશ્નો
૨૨	૧૨	ગતી	ગતિ
૨૩	૧૪	પ્રદર્શીત	પ્રદર્શિત
૨૩	૧૭	દુંદભિ	દુંદૂભી
૨૩	૧૯	સ્તુતી	સ્તુતિ
૨૪	૧૦	પ્રજોત્પત્તી	પ્રજોત્પત્તિ
૨૪	૧૪	ચરીત્ર	ચરિત્ર

૨૫	૮	સમુધ્ધિ	સમૃધ્ધિ
૨૫	૯	શકતી	શાકત
૨૫	૧૨	સષ્ટી	સૃષ્ટિ

પાંચાળી પાંચ પતિની પત્નિ

૨૬	૧૩	શ્રાપરૂપ	શાપરૂપ
૨૭	૧૮	પ્રથક પ્રથક	પૃથક પૃથક
૨૮	૩	વ્યકતી	વ્યકિત
૩૦	૧૭	યુકતી–પ્રયુકતી	યુકિત–પ્રયુકિત
૩૧	૬	પ્રથક પ્રથક	પૃથક પૃથક

પાચાળીના પતિવ્રત ધર્મની કસોટી.

૪૧	૧૮	પ્રસંસા	પ્રશંસા
૪૨	૨	આનંદમ	આનદમા

કીચકની કુદ્રષ્ટી

૫૧	૧૭	અદમુઓ	અધમુઓ
૫૨	૬	મારીશ	મારીશ.
૫૨	૬	કાલે,	કાલે
૫૩	૧૮	દ્રૌપદી	દ્રૌપદી
૫૪	૧૪	નિશ્ચય	નિશ્ચળ.
૫૪	૧૬	સાચવ્યુ	સાચવ્યું.

પાંચાળીને પુત્ર શોક.

૬૦	૧	અછાજતું	અછાજતું
૬૦	૧૧	ઉસ્કેરાય	ઉશ્કેરાય
૬૨	૧૩	પશ્ન	પ્રશ્ન
૬૩	૨	પ્રકટ	પ્રગટ
૬૬	૧૯	વીના	વિના

પાંચાળીની વશીકરણ વિદ્યા

૭૩	૧૪	પુન ધુન,પ્રસંગ	પ્રન ધૂતપ્રનંગ,
૮૫	૧૦	જાઇતી	જોઇતો
૮૭	૧૫	સતેપ	સતેપ
૮૯	૫	રહ્મા	રહ્યાં
૯૦	૯	વિગેરે	વગેરે
૯૩	૯	નમૃ	નમ્ર
૯૩	૧૧	સત્યમામા	સત્યભામા

પાંચાળીની પ્રભુ ભકિત

૧૧૧	૮	શગંરમમ	શરણંમમ.

ધૂતપ્રસંગ

શ્લોક	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧	યુધિષ્ટર	યુધિષ્ટિર
૩	૩	પ્રસાન્તિ	પ્રશાન્તિ
૩૭	૩	વિશષ	વિશેષ
૫૫	૩	હેએ	હોયે
૫૬	૧	હોએ	હોયે
૧૦૭	૧	ધ્રુની	ધૂની
૧૦૫	૪	નિશ્ચ	નિશ્ચે
૧૧૫	૩	સુત	સુ–
૧૨૧	૨	નિશ્ચ	નિશ્ચે
૧૬૬	૨	સૃષ્ટા	સૃષ્ટિ
૧૭૮	૧	કદા	કદી
૧૮૦	૧	ગ્રાંતાં	ગ્રાતા
૧૯૦	૨	તિજાવું	ભિજાવુ
૧૯૩	૨	નપ	નૃપ
૧૯૪	૪	અહી	આહીં

આ પુસ્તક પરત્વે અગાઉથી આશ્રય આપનારાઓનો ઉપકાર માનવામાં આવે છે, અને તેઓના મુબારક નામ નીચે આપ્યાં છે.

પ્રત.	નામ તથા ગામ.
	મુંબઇ.
* ૧૫	નેકનામ. શેઠશ્રી વલ્લભદાસ જમનાદાસ.
૧૦	નેકનામ. શેઠશ્રી હરીદાસ ધનજી મુળજી.
૫	રા રા. ઉમિયાશંકર બેચરલાલ ત્રીવેદી.
૧૫	વૈદ્યરાજ શ્રીયુત હરગોવિન્દ હરીદત્ત ઠાકરની મારફત
૫	શ્રીયુત્ત હરગોવિન્દ હરીદત્ત ઠાકર.
૧	વૈદરાજ પ્રાણશંકર ગૌરીશંકર, ભટ્ટ.
૨	વૈદરાજ ચતુર્ભુજ દામોદર ઠાકર.
૧	ઠાકર મહીધર પુરૂષોત્તમ.
૧	રા. રા. નરોત્તમ હરીભાઇ જોષી.
૧	રા. રા. કાશીનાથ મનસુખરામ ઠાકર.
૧	રા. રા. ગીરજાશંકર ધરણીધર દવે.
૧	રા. રા. હરગોવિન્દ મુળજી ઠાકર.
૧	રા. રા. શંકરલાલ જગજીવન દવે.
૧	રા. રા. ભાનુશંકર મકનજી ઓઝા.
૫	રા. રા. શ્રીયુત દલસુખરામ દેવશંકર. ગાંડીઓલકર

* આ નિશાનીવાળા આશ્રય દાતાઓ તરફથી પુસ્તકોની કિંમત એડવાન્સ મળી છે.

૫ શ્રીયુત દેવશંકર શ્યામજી.

૧ શ્રીયુત ત્રીભુવનદાસ નરોત્તમદાસ માલવી.

૨૦ શ્રીમતી ગ. સ્વ બાઇશ્રી કેસરલક્ષ્મી તે સદ્‌ગત
શેઠ જેઠીશનદાસ ગંગાદાસના ધર્મપત્ની.

૧૨ રા રા. ગૌરીશંકર જેઠીરામ રાવળ મારફત.
૧ રા રા. કાળીદાસ કુબેરજી જાની મુડેટીકર.
૧ રા રા. શીવરામ દત્તરામ રાવળ.
૨ રા. રા. મોતીરામ શીવશંકર ત્રવાડી.
૧ રા રા વ્યાસ કાળીદાસ દયારામ બ્રહ્મપુરી.
૧ રા. રા. દવે મોહનલાલ ધરણીધર માસ્તર.
૧ શ્રીયુત મણીશંકર હરીશંકર ત્રીવેદી
૫ રા. રા શ્રાયુત જટાશંકર મોતીરામ રાવળ.

૨ રા. રા. ચતુર્ભુજ કુબેરજી ત્રવાડી.

૪ શ્રીયુત પ્રહલાદ કેશવરામ જાની મારફત.
૧ શેઠશ્રી ચુનીલાલ બળદેવદાસ શ્રૉફ
૧ શેઠશ્રી વાડીલાલ ગોકળદાસ શ્રૉફ.
૧ શેઠશ્રી વીઠ્ઠલદાસ અનુપચંદ ઝવેરી.
૧ કોઠારી મથુરદાસ ચુનીલાલ.

૧ રા રા. કાશીરામ હરદેરામ જપી.

૧ રા રા. વલ્લભરામ શંભુરામ ભટ્ટ.

૧ પંડીત નારાયણ મુળજીની માર્ફત.
૧ રા રા. શ્રીયુત વીરચંદ ભાઇચંદ ઉંઝાવાળા

૧૦ અખંડ સૌભાગ્યવંતાં શ્રીમતી બ્હેન જમનાબાઇ
નગીનદાસ સકકઇ.

૧ શાસ્ત્રી શ્રીયુત હરગોવિન્દ યદુરામની મારફત.

૧ ગણપતરાય રત્નેશ્વર યાજ્ઞીક.

૨૬ શાસ્ત્રીજી શ્રીયુત અચલરામ ભુધરજી ભાઇ મારફત

૧ શેઠશ્રી વેલજી વશરામ.

૧ જોષી ખીમજી હરીરામ દુધવાળા.

૫ શેઠશ્રી દયાળ લાલજી ગોધુ

૧ શ્રીયુત ગંગારામ ગાંધી.

૧ શ્રીયુત સુંદરજી નથુ મુખીયાજી

૧ શેઠશ્રી રણછોડદાસ વલ્લભદાસ.

૧ ગ. સ્વ બાઇ ગંગાબાઇ અંજારવાળા

૧ ભાટીયા વૈષ્ણવ શ્રીમતી પ્રેમાબાઇ

૧ બાઇશ્રી માનબાઇ શેઠશ્રી નરશી વાલજીનાં ધર્મ પત્ની

૧ શ્રીયુત કાનજી રૂગનાથ.

૧ શ્રીયુત જટાશંકર વ્યાસ.

૧ શેઠશ્રી કાનજી જીવરાજ.

૪ શેઠશ્રી વલ્લભદાસ તેજપાળ.

૧ ઠક્કર દામજી ભીમજી.

૨ શેઠશ્રી વલ્લભદાસ કૃષ્ણદાસ નાથા.

૨ ગં. સ્વ. શ્રીમતી મટુબાઇ તે શેઠ ચતુર્ભુજ મોરારજીનાં ધર્મ પત્ની.

૧ શેઠશ્રી અબજી ઉમરશી.

અમદાવાદ.

૧ ઘાચી ચમનલાલ દલપતરામ.
  સ્વામી નારાયણ.
૧ રા. રા. જટાશંકર રેવાશંકર ભટ્ટ
૧ ચંદુલાલ મયારામ પુરોહિત.
૧ ચોકસી બળદેવપ્રસાદ પ્રભાશંકર.
૧ નાથાલાલ લલ્લુભાઇ.
૧ છોટાલાલ હરીલાલ,
૧ મીસીસ છોટાલાલ હરીલાલ.
૧ ગોવીંદલાલ મણીલાલ.
૧ મીસીસ ગોવીદલાલ.
૧ એલ. રી મોદી.
૧ ભાવસાર નારણદાસ ગટોરદાસ સાપ્રી.
૧ વ્યાસ જેઠાલાલ ધનેશ્વર
૧ ચોકસી ભીખાલાલ જગન્નાથ.
૧ ત્રીવેદી નરસીહલાલ મુળજીભાઇ.
૧ શાહ ફુલચંદ દલસુખરામ.
૧ ચોકસી ભીખાભાઈ જગન્નાથ.

વજીરીયા.

૨૧ મહારાજશ્રી નર્મદાપુરી ભવાનીપુરી મારફતે
  ૫ પાઠક જગનેશ્વર રણછોડ વજીરીયા
  ૩ શેઠ બાપુભાઇ લલ્લુભાઇ બોરતલાવ તાબે વજીરીયા
  ૧ પટેલ જોરાભાઇ ગલાભાઇ સદર
  ૧ પટેલ ગણેશ કુબેર સદર

૧ રા ગ વકીલ સોમેશ્વરભાઇ વાડીયા
સંખેડા મેવાસ
૧ રા. રા. વકીલ મગનલાલભાઇ સદર
૧ રા. રા. વકીલ વસંતરામભાઇ સદર
૧ કરસન કુબેર બોરતળાવ તાબે વજીરીયા
૧ પટેલ ગોવીંદ ઉકા ઘોડા તબે વજીરીયા
૧ પટેલ રણછોડ કાળા પરતાપપરા તાબે વજીરીયા
૧ પટેલ ઉકા ભાણા સજાણપુરા તાબે વજીરીયા
૧ પટેલ મોકમ માવસંગ ચમરવાડા તાબે વજીરીયા
૧ પરોત કાશીરામ દયારામ શીરા
૧ શા. ત્રીભોવન લલુભાઇ સાવલી
૧ પાઠક નાથાલાલ ડાહ્યાભાઇ સાવલી

જુનાગઢ.

૩૦ રા.રા કવિ ગુલાબશંકર કલ્યાણજી વેરા મારફત.
૫ રા રા. શ્રીયુત ગીરધરલાલભાઇ માધવરાયજી
૩ રા રા માધવલાલ ગોપાળરાય.
૩ રા રા મહારાણીશંકર ઇન્દ્રજી વૈદ્ય.
૫ અખંડ સૌ. અજવાળી આણંદલાલ કચ્છી.
૧ રા. રા છગનલાલ રવીશંકર ઘોળકીયા.
૨ રા.રા. હરજીવન ન્યાલચંદ ભટ્ટ.
૨ કવી ગુલાબશંકર કલ્યાણજી વેરા.
૧ રા. રા. સારાભાઈ ગીરજાશંકર
૧ રા. રા. વકીલ જમનાદાસ વીરજી.
૨ અખંડ સૌ. દોલત ત્રંબકરાય મજમુદાર.
૨ અખંડ સૌ. સવિતા જેસુખલાલ ધોળકિયા

૨ રા રા, જયસુખરાય દુલેરાય મજમુદાર.
૧ રા. રા. વિજયશંકર સદાશંકર પચોળી.
૧ રા રા છગનલાલ ગિ. પરમાણુંદ નાણાવટી.
આગી. મેનેજર શ્રી જી દ. ગ્રા. પ્ર મંડ મુંબઈ.

ઉંમરેઠ.

૧ રા. ચીમનલાલ શનાલાલ દવે.
૫ પરી જેઠાલાલ ગોકળદાસ.
૧ ચોકસી મણીલાલ છગનલાલ.
૧ વ્યાસ ફુલશંકર મણીશંકર.

વડોદરા

૧ રા. રા. નાગણુરાવ આનાજી શુક્લ
૨ ઝવેરી જમનાદાસ મથુરાદાસ
૨ ઝવેરી મગનલાલ માણેકલાલ
૨ શેઠ ગુલામનબી બકરભાઈ

લીમડી.

૧ ખુ નામદાર બામા સાહેબ શ્રી
બાઈ રાજબા સાહેબ રાજમાતા.

થાણા.

૬૫ શ્રીયુત વજેશંકર શીવરામ પંડયા મારફત.
૧૫ પંડયા વજેશંકર શીવરામ.

કલકત્તા.

૫ શેઠ કાનજી વાલજી કાનાણી.

કોચીન.

૧ ઠકર. દેવચંદ ચત્રભુજ કોઠારી.

બાંકુડા.

૧ ઠા. મુળજી ખીમજી શ્રી કચ્છ ભચાઉ વાળા.

જામખંભાલીઆ.

૨ વકીલ ધરમશી દામોદર.

નાંદેર.

૧ રા રા. ઠાકરશી પુરશોત્તમ.

કુરાંચી.

૫ ઠા ગોવધનદાસ હરીભાઇની કાં.

વાંદરા.

૧ ઠક્કર જીવણ વશરામ.

વિરમગામ.

૧ દલપતરામ કેશવલાલ,
૧ રતીલાલ જમનાદાસ

વીજાપુર (ગુજરાત)

૧ બારોટ દલસી ગજી ગંભીરસીંગજી

વળા.

૧ નેક નામદાર ઠાકોર શ્રી શ્રીમત વખ્તસીહજી મેઘરાજજી દરબાર સાહેબ

લાલીનોમઠ.

૧ મહંત શ્રી લાલગીરીજી માધવગીરીજી જાગીરદાર.

ઉમેટા.

૫ નેકનામદાર ઠાકોરશ્રી ગણપતસીહજી સાહેબ.

કુરઈ.

૧ પટેલ. જેઠાભાઇ રણછોડભાઇ.

જલસણ.

૧ રા. દલપતરામ પુરૂષોત્તમ.

ધરમપુર.

૧ શ્રીયુત નરોત્તમભાઈ વહીવટદાર સાહેબ.

કાલસર.

૧ પા. દેસાઇભાઇ જીતાભાઇ

દાઓલ.

૧ રા રા. મુળશંકર મંછારામ પાઠક.

નેશ.

૧ પા. મોતીભાઇ રણછોડભાઇ

હળદરવાસ.

૧ ગં. સ્વ બેન જડાવ મણીશંકર.

પાલ.

૧ આચાર્ય કુબેરજી દોલતરામ.

ઉપર શિવાય ઑા સરદાર સર, ચીનુભાઇ માધવલાલ સી. આઇ. ઈ.બારોનેટ તથા ઑા શ્રીયુત લલ્લુભાઇ શામળદાસ, તથા શ્રીયુત રણછોડલાલ વદ્રાવનદાસ પટવારી ગોંડળ દિવાન સાહેબ. તથાઅ. સૌ શ્રીમતી જમનાબાઇ સકકાઇ વિગેરેએ પુસ્તક પ્રસીદ્ધ થયાથી ઉદાર આશ્રય આપવા-અપાવવા આશ્વાસનઆપી ઉતેજીત કર્યો છે જેને માટે અત્ર સ્થાને તેમનો ઉપકાર માનવામા આવે છે.

મો. છો. વ્યાસ.

